**ઈમામ હુસૈન (અ.)ની વિલાદત બા સઆદત :**

આપની વિલાદત પાંચ શાબાન હિ.સ. ૪ અને એક કોલ મુજબ ત્રીજી શાબાનના દિવસે થઈ. કેટલાક કહે છે કે માહે રબીઉલ અવ્વલ હિ.સ. ૩ ના આખરમાં થઈ. આપની વિલાદતની તારીખની બાબતમાં બીજી રિવાયતો પણ મોજૂદ છે.

જ્યારે આપ પેદા થયા તો જિબ્રઈલે એક હજાર ફરિશ્તાઓની સાથે રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં મુબારકબાદી પેશ કરવા માટે ઈજાઝત પ્રાપ્ત કરી. ફાતેમા ઝહરા (અ.) પોતાના ફરઝંદને વાલિદે બુઝુર્ગવારની ખિદમતમાં લાવ્યાં. આંહઝરત (સ.) તેમને જોઈને ખૂબ જ ખુશ થયા, અને તેમનું નામ 'હુસૈન' રાખ્યું.

**જનાબે ઉમ્મુલ ફઝલનું સપનું અને તેની તફસીર :**

ઈબ્ને સઆદ પોતાની કિતાબ તબ્કાતમાં અબ્દુલ્લાહ બિન બકર બિન હબીબ સહમી, અને તેઓ હાતિમ બિન સન્હાથી નકલ કરે છે કે, જનાબે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબની ઝૌજા ઉમ્મુલ ફઝલ કહે છે કે, મેં ઈમામ હુસૈન (અ.)ની વિલાદતની એક રાત પહેલાં સપનામાં જોયું કે પયગમ્બરે ઈસ્લામ (સ.)ના પાક બદનમાંથી ગોશ્તનો એક ટુકડો જુદો થયો, અને મારા ખોળામાં આવી ગયો.

આ સપનાની તા'બીર મેં પયગમ્બરે ઈસ્લામ (સ.)ને પૂછી. આંહઝરત (સ.)એ ફરમાવ્યું, અગર તમારું સપનું સાચું હોય તો મારી બેટી ફાતેમા (અ.)ના ત્યાં જલ્દીથી એક ફરઝંદ પેદા થશે, અને હું તેને દૂધ પીવડાવવા માટે તમને સોંપીશ.

તેથી તે મુબારક દિવસ આવી પહોંચ્યો તો હઝરત ફાતેમા (અ.)ના ત્યાં એક ફરઝંદનો જન્મ થયો, અને તેને દૂધ પીવડાવવા માટે મારા હવાલે કરવામાં આવ્યો.

એક દિવસ, હું આ મુબારક મૌલૂદને આંહઝરત (સ.)ની ખિદમતમાં લઈ ગઈ. આંહઝરત (સ.)એ તેમને પોતાના ખોળામાં બેસાડીને ચૂમવાનું શરૂ કર્યું. એ સમય દરમિયાન બાળકના પેશાબનું ટીપું પયગમ્બરે ઈસ્લામ (સ.)ના મુબારક પોષાક ઉપર પડ્યું. મેં એ સમય દરમિયાન જલ્દીથી બાળકને આંહઝરત (સ.)ના ખોળામાંથી જુદું કરી દીધું તો તેણે રડવાનું શરૂ કર્યું.

રસૂલલ્લાહ (સ.)એ ગઝબનાક માણસોની માફક ફરમાવ્યું, અય ઉમ્મુલ ફઝલ ! જરાક મોડેથી મારો પોષાક તો ધોઈ શકાય છે, પરંતુ તમે તો મારા બેટાને તકલીફ પહોંચાડી છે. મેં હુસૈન (અ.)ને એવી હાલતમાં છોડી દીધા, અને કમરામાંથી બહાર પાણી લેવા માટે ચાલી ગઈ. જ્યારે હું પાછી આવી તો જોયું કે રસૂલલ્લાહ (સ.) રડી રહ્યા હતા. મેં અરજ કરી, યા રસૂલલ્લાહ (સ.) ! આપના રડવાનું કારણ શું છે ?

આપ (સ.)એ ફરમાવ્યું, થોડા સમય પહેલાં જિબ્રઈલ (અ.) આવ્યા, અને તેમણે મને એવું બતાવ્યું કે મારી ઉમ્મત મારા આ ફરઝંદને કતલ કરશે.

મોહદ્દેસીનના ઉલમાઓથી મન્કૂલ છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) એક વર્ષના થયા તો રસૂલલ્લાહ (સ.) પર અલ્લાહ તરફથી બાર ફરિશ્તાઓ નાઝિલ થયા કે જેમના ચહેરા રાતા રંગના હતા, અને તેમનાં પંખ અને બાલ ખોલેલા હતા, અરજ કરે છે,

"અય મોહંમદ (સ.) ! એવો જ જુલ્મ અને સિતમ કે જે કાબીલે હાબીલ પર કર્યો હતો, તેવો આપના ફરઝંદ હુસૈન (અ.) ઉપર પણ કરવામાં આવશે, અને જેવી રીતે હાબીલને તેનો બદલો આપવામાં

આવશે, એવી જ રીતે હુસૈન (અ.)ને પણ બદલો આપવામાં આવશે, અને હુસૈન (અ.)ના કાતિલોને એવો જ અઝાબ આપવામાં આવશે જેવો હાબીલના કાતિલને મળશે.

(૧) શેખ મુફીદ (અલ ઈર્શાદ), સફા - ૪૩૨, ઈબ્ને નુમા (મશીરુલ અહઝાન) ઈબ્ને જૌઝી, તઝકિરતુલ ખવાઝુલ અમ્મા, સફા - ૩૩૧, તારીખુલ ઉફસ, જિલ્દ - ૯, સફા – ૧૭૭

એ અરસામાં આસમાનોના બધા મુકર્રિબ (નિકટવર્તી) ફરિશ્તાઓ આંહઝરત (સ.)ની પાક ખિદમતમાં હાજર થઈને આપ (સ.)ની ઝિયારતથી મુશર્રફ થયા, અને ઈમામ હુસૈન (અ.)ની શહાદતની ખબર પર રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં તા'ઝીયત અરજ કરી, અને તે મકામ કે જે અલ્લાહ તઆલાએ શહાદતના બદલામાં ઈમામ હુસૈન (અ.)ને અતા ફરમાવ્યું છે તેની ખબર પહોંચાડી, અને હુસૈન (અ.)ની કબ્રની તુરબત રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં પેશ કરી. એ વખતે જ રસૂલલ્લાહ (સ.)એ દુઆ ફરમાવી કે યા અલ્લાહ ! જેણે મારા ફરઝંદ હુસૈન (અ.)ને દુઃખ પહોંચાડ્યું, તેને તું ઝલીલ અને અપમાનિત કરજે અને તેમને કતલ કરજે કે જે હુસૈન (અ.)ને કતલ કરે, અને તેના કાતિલને પોતાના મકસદમાં કામયાબ ન કરતો.

[.... હઝરત ઈમામ હુસૈન (અ.)ની શહાદતની બાબતમાં જિબ્રઈલ (અ.)નું ખબર આપવું.]

જ્યારે ઈમામ હુસૈન (અ.) બે વર્ષના થયા તો પયગમ્બરે ઈસ્લામ (સ.)ને એક સફરમાં જવાનું થયું. સફર દરમિયાન આંહઝરત (સ.) અચાનક અટકી ગયા અને ફરમાવ્યું, **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઊન.** (અરબીમાં). આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. રડવાનું કારણ પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું, મને અત્યારે જિબ્રઈલ (અ.)એ આ જમીનની બાબતમાં ખબર આપી છે કે તે સતે ફુરાતની નજીક છે, કે જેનું નામ કરબલા છે. આ સરઝમીન પર મારા ફરઝંદ હુસૈન (અ.)ને શહીદ કરી દેવામાં આવશે. સવાલ કરવામાં આવ્યો, યા રસૂલલ્લાહ ! તેમનો કાતિલ કોણ હશે ? તો આપ (સ.)એ ફરમાવ્યું, તેનું નામ યઝીદ બિન મોઆવિયા છે, જાણે કે હું અત્યારે હાલ હુસૈન (અ.)ની કત્લગાહ અને દફનની જગ્યાને પોતાની આંખોની સામે જોઈ રહ્યો છું.

રસૂલલ્લાહ (સ.) તે સફરથી ગમગીન પાછા આવ્યા, અને મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા, અને ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો, લોકોને નસીહત પછી પોતાનો જમણો હાથ ઈમામ હસન (અ.) અને ડાબો હાથ ઈમામ હુસૈન (અ.)ના માથા ઉપર મૂક્યો, અને પોતાનો મુબારક ચહેરો આસમાનની તરફ ઊંચો કર્યો, અને દુઆ માગી,

(યા અલ્લાહ ! મોહંમદ (સ.) તારો બંદો અને તારો પયગમ્બર છે, અને આ બન્ને મારા અહલેબૈત અત્હાર અને પસંદગીપાત્ર ઓલાદમાંથી છે, અને તેમને પોતાની ઉમ્મતમાં જાનશીન બનાવીને જઈ રહ્યો છું. જિબ્રઈલ (અ.)એ મને ખબર આપી છે કે મારા આ ફરઝંદને ખૂબ નિર્દયતાપૂર્વક શહીદ કરવામાં આવશે. યા અલ્લાહ ! શહાદતને તેમના માટે મુબારક ફરમાવ, અને તેમને શહીદોના સરદાર ગણ, અને એમના કાતિલોને ઝલીલ અને બદનામ કરજે.)

રસૂલલ્લાહ (સ.)ની દુઆ સાંભળતાંની સાથે જ મજલિસમાં રડવાનો અવાજ બુલંદ થયો. પયગમ્બરે ઈસ્લામ (સ.)એ ફરમાવ્યું, શું તમે એના માટે રડીને આંસુ વહાવી રહ્યા છો કે જેની નુસરતથી તમે દૂરી ઈખ્તિયાર કરશો ? ત્યાર પછી મસ્જિદમાંથી બહાર ગયા અને તરત જ મસ્જિદમાં પાછા તશરીફ લઈ ગયા, પરંતુ તેમનો રંગ બદલાઈ ગયેલો હતો અને રડનારાઓની વચ્ચે બીજો ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો અને કહ્યું, અય્યોહન્નાસ ! હું તમારી વચ્ચે બે કિંમતી વસ્તુઓ મૂકીને જઈ રહ્યો છું, એક કુરઆન

અને બીજા મારા અહલેબૈત જો કે તે મારા પ્રિયજન અને મારા જિગરના ટુકડા છે, અને તે બન્નેની વચ્ચે જુદાઈ નહીં થાય, એટલે સુધી કે બન્ને હૌઝે કૌસર સુધી ન પહોંચી જાય, અને જાણી લો કે કયામતના દિવસે હું એ કિંમતી અમાનતોની વાટ જોઈશ (અને હું તમને મારા અહલેબૈત વિષે સવાલ નહીં કરું, પરંતુ એ કે જેમની બાબતમાં અલ્લાહ તઆલા કહેશે. તેથી હું ઈચ્છું છું કે તમે મારા અહલેબૈત સાથે મોહબ્બત કરો, અને મારા અહલેબૈત સાથે એવો સુલૂક (વ્યવહાર) કરો કે કયામતના દિવસે મારી સાથે તમારી મુલાકાત એવી હાલતમાં ન થાય કે તમારા દિલોમાં મારા અહલેબૈતની દુશ્મની હોય, અને તમે તેમના ઉપર જુલ્મ કરી દીધો હોય, યકીન કરો, કયામતના દિવસે મારી ઉમ્મત ત્રણ ટોળાં બનીને મારી સામે રજૂ થશે, દરેક ટોળાના હાથમાં એક પરચમ હશે.

**પહેલો પરચમ :**

પહેલો પરચમ કાળા રંગનો હશે કે મલાએકા તેને જોઈને ચીસ અને પોકાર કરશે. આ પરચમને ઉપાડવાવાળા મારી સામે ઊભેલા હશે, તેમને હું સવાલ કરીશ કે તમે કોણ છો ? તેઓ મારું નામ ભૂલી ચૂક્યા હશે. જવાબ આપશે કે અમે અહલે તૌહીદ (તૌહીદવાળા) અને અરબ છીએ. હું તેમને કહીશ, હું અહમદ, અરબ અને અજમનો પયગમ્બર છું. જવાબ આપશે, અમે આપની ઉમ્મત છીએ. હું સવાલ કરીશ, મારા પછી અહલેબૈત અને કુરઆન સાથે કેવો વ્યવહાર કર્યો ? જવાબ આપશે, અમે કુરઆનના હકને બરબાદ કર્યો અને તેની તાલીમાતને છોડી દીધી અને આપના અહલેબૈતને જમીનની સપાટી ઉપરથી નાબૂદ કરવાની ઈચ્છા રાખતા હતા. હું તેમનાથી મારો ચહેરો ફેરવી લઈશ, અને તેઓ શરમિંદા અને તરસની હાલતમાં મારાથી દૂર જતા રહેશે.

**બીજો પરચમ :**

બીજો પરચમ સામે આવશે આ અલમની કાળાશ પહેલા અલમની કાળાશ કરતાં વધારે કાળી હશે. તેમને હું પૂછીશ કે તમે મારા પછી બે બુઝુર્ગ અમાનતો કુરઆન અને અહલેબૈતની સાથે કેવો વ્યવહાર કર્યો ?

તેઓ જવાબ આપશે. કુરઆનનો વિરોધ કર્યો, અને આપના અહલેબૈત ઉપર જુલ્મ કર્યો, અને તેમને દરબદર ફેરવ્યા. હું તેમને કહીશ, મારાથી દૂર થઈ જાઓ. તો તેઓ પોતાના કાળા ચહેરાઓ સાથે તરસની હાલતમાં મારાથી દૂર થઈ જશે.

**ત્રીજો પરચમ :**

ત્રીજો પરચમ મારી સામે રજૂ થશે. તેમને ઉઠાવવાવાળાઓના ચહેરાઓ ઉપર નૂર હશે. હું તેમને સવાલ કરીશ, તમે કોણ છો ? જવાબ આપશે, અમે કલમો પઢવાવાળા, તકવો કરનારા લોકો અને ઉમ્મતે મોહંમદ (સ.)થી છીએ. અમે છીએ અહલે હક (હકવાળા લોકો) કે જેઓ દીન ઉપર સાબિતકદમ રહ્યા, અને દીનના રસ્તાથી ડગમગી ગયા નથી.

અમે અલ્લાહની કિતાબને વળગી રહ્યા, તેના હલાલને હલાલ, અને તેના હરામને હરામ જાણતા હતા, અને અમારા પયગમ્બર મોહંમદ (સ.)ના અહલેબૈતને દોસ્ત રાખતા હતા, અમે તેમની પયરવી કરવામાં ઉણપ રાખતા ન હતા, અને તેમના દુશ્મનોની સામે જંગ કરતા હતા.

હું તેમને કહીશ કે તમને બશારત થાય કે હું તમારો પયગમ્બર મોહંમદ (સ.) છું. અને તમે દુનિયામાં એવી રીતે હતા કે જેવી રીતે હવે બયાન કરી રહ્યા છો. ત્યાર પછી તેમને હૌઝે કૌસરથી સયરાબ કરીશ, અને તેઓ ખુશહાલ ચહેરાઓ સાથે બેહિશ્ત તરફ જશે, અને તેઓ ત્યાં હંમેશ માટે રહેશે.

**મોઆવિયાનું મોત અને યઝીદનો પત્ર :**

ઉપરનો ખુત્બો પૂરો થતાંની સાથે જ મજલિસ પૂરી થઈ ગઈ, પરંતુ રસૂલે ખુદા (સ.)નો આ ખુત્બો એવી રીતે લોકોને સંભળાતો રહ્યો અને દરેક મહેફિલ, અને મજલિસમાં ઈમામ હુસૈન (અ.)ની શહાદતની કહાનીનો ઝિક્ર થતો લોકોની નજરમાં આ ખૂબ જ મહત્ત્વનો મસઅલો હતો, અને તેઓ આ પ્રસંગને જાહેર થવાના સમયની વાટ જોતા હતા.

મોઆવિયા ઈબ્ને સુફ્યાન, માહે રજબ – ૬૦ હિજરીમાં મરી ગયો. તેના પછી યઝીદ હાકિમ બન્યો. તેણે મદીનાના ગવર્નર વલીદ બિન ઉતબાને કાગળ લખ્યો, અને તેને એવો હુકમ આપ્યો કે મારા માટે બધા મદીનાવાસીઓથી, ખાસ કરીને ઈમામ હુસૈન (અ.)થી, બૈઅત લો, અને જો કદાચ ઈમામ હુસૈન (અ.) બૈઅત કરવાનો ઈન્કાર કરે તો તેમનું સર બદનથી જુદું કરીને મારી પાસે રવાના કરી દો. વલીદે મરવાનને બોલાવ્યો અને આ બાબતમાં મરવાનનો અભિપ્રાય જાણવાની ઈચ્છા કરી.

મરવાને કહ્યું, આવી ઝિલ્લત (બદનામી)ને હુસૈન (અ.) નહીં સ્વીકારે, અને યઝીદની બૈઅત નહીં કરે, પરંતુ હું જો તમારી જગ્યાએ હોત અને આવી શક્તિ અને તાકાત કે જે તમારા હાથમાં છે, તે મારા હાથમાં હોત તો હું તરત જ હુસૈન (અ.)ને કતલ કરી નાખત.

વલીદે કહ્યું, કાશ ! હું આ કામને પૂરું કરવામાં અને આવી ઝિલ્લતને પોતાના માથે લેવા માટે દુનિયામાં ન આવ્યો હોત (તો સારું હતું.).

ત્યાર પછી વલીદે ઈમામ હુસૈન (અ.)ને પોતાની પાસે બોલાવ્યા. ઈમામ હુસૈન (અ.) બની હાશિમના ત્રીસ જવાનોને પોતાની સાથે લઈને આવ્યા. વલીદે ઈમામ હુસૈન (અ.)ને મોઆવિયાના મોતની ખબર સંભળાવી, અને યઝીદની બૈઅતની માગણી કરી.

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, બૈઅત ગુપ્ત સ્થળે નથી કરી શકાતી. જ્યારે સવાર પડે તો લોકોને દા'વત આપવાની સાથે સાથે મને પણ દા'વત આપજો.

મરવાને કહ્યું, હુસૈન (અ.)ની વાતને ન માનો, અને તેમના બહાનાનો સ્વીકાર ન કરો, પરંતુ તરત જ તેમનું સર તનથી જુદું કરી નાખો.

ઈમામ હુસૈન (અ.)એ ગઝબનાક થઈને કહ્યું, લા'નત થાય તારા પર, અય ઝાનિયાના ફરઝંદ ! શું તું મને કતલ કરવાની સલાહ આપે છે ? અલ્લાહની કસમ, તેં જુઠ્ઠું કહ્યું અને એ બાબતથી તેં તારી પોતાની ઝાતને ઝલીલ કરી. ત્યાર પછી વલીદની તરફ મોઢું કરીને ફરમાવ્યું,

'અય મદીનાના હાકિમ ! અમે અહલેબૈતે નબુવ્વત અને રિસાલતના ખજાના છીએ, અને અમારા ઘર પર ફરિશ્તાઓની આવનજાવન રહે છે. અમારા જ ખાતર અલ્લાહ તઆલાએ પોતાની રહેમતને લોકો પર ફેલાવી છે, અને અમારા જ કારણે એ રહેમત સમાપ્ત થશે, પરંતુ યઝીદ ફાસિક, શરાબી, સન્માનીય વ્યક્તિઓનો કાતિલ, જગજાહેર ગુના આચરનારો છે. મારા જેવો માણસ યઝીદ જેવાની બૈઅત કદી કરી શકતો નથી. તમે પણ રાત પસાર કરો, અને અમે પણ રાત પસાર કરીએ છીએ, અને સવાર સુધી તમે પણ આ બાબતમાં બહેતર વિચાર કરો અને અમે પણ વિચારીએ છીએ કે કોણ અમારામાંથી બહેતર આ ખિલાફતની જગ્યાનો હકદાર છે ? આ બાબત પૂરી કરીને ઈમામ (અ.) વલીદના ઘરમાંથી બહાર નીકળી ગયા. મરવાને વલીદને કહ્યું, તમે મારી નસીહત ઉપર અમલ ન કર્યો અને તેનાથી વિરૂધ્ધ અમલ કર્યો.

વલીદે કહ્યું, લા'નત થાય તમારા ઉપર. તમે તો મને એવી સલાહ આપો છો કે જેમાં મારા દીન અને દુનિયાનું નુકસાન છે. અલ્લાહની કસમ, અગર દુનિયાની બધી બાદશાહી પણ મને મળી જાય તો

પણ હુસૈન (અ.)ને હું કતલ નહીં કરું. અલ્લાહની કસમ, હું એ બાબતને યોગ્ય સમજતો નથી કે કોઈ પણ હુસૈન (અ.)ના કતલને પોતાના માથે લઈ લે, અને જ્યારે અલ્લાહ તઆલાથી મુલાકાત કરે તો તેના આમાલે સાલેહા (સત્કાર્યો)નું પલ્લુ ખૂબ જ હલકું હોય, અને તેની બક્ષિસ અશક્ય અને અલ્લાહ તેના પર રહેમતની નજર નહીં કરે, અને તેની તોબા કબૂલ નહીં કરે, અને તેના માટે દર્દનાક અઝાબ છે.

તે રાત પસાર થઈ ગઈ. સવાર પડ્યું. અને ઈમામ હુસૈન (અ.) પરિસ્થિતિથી વાકેફ થવા ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા. મરવાને તેમની સાથે મુલાકાત કરી. અને કહ્યું, અય અબા અબ્દિલ્લાહ ! હું આપનો હિતેચ્છું છું, મારી નસીહતને સાંભળો જેથી ભલાઈ પામો.

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, તારી નસીહત શું છે તે બતાવ કે જેથી હું સાંભળું ?

તેણે કહ્યું કે હું આપને નસીહત કરું છું કે યઝીદ બિન મોઅવિયાની બૈઅત કરી લો, કેમ કે આ તમારી દુનિયા અને આખેરત માટે બહેતર છે.

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઊન (અરબીમાં) હવે દીને ઈસ્લામને અલવિદા કહી દેવી જોઈએ જ્યારે કે ઉમ્મતે પયગમ્બર (સ.)ની ખિલાફત અને બાદશાહી યઝીદના હાથોમાં હોય. મેં મારા જદ્દે અમ્જદ રસૂલલ્લાહ (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે : **અલ ખિલાફતો મોહર્રમત અલા આલે અબી સુફયાન** (અરબીમાં) (અબૂ સુફયાનના ખાનદાન પર ખિલાફત હરામ છે.)

ઈમામ હુસૈન (અ.) અને મરવાનની વચ્ચે લાંબી વાતચીત થઈ એટલે સુધી કે મરવાન ગુસ્સાની હાલતમાં ચાલ્યો ગયો.

### ઈમામ હુસૈન (અ.)ને પોતાની શહાદતની ખબર હોવી :

સૈયદ ઈબ્ને તાઉસ કહે છે કે આ બાબત તેહકીકાતથી સાબિત છે કે ઈમામ હુસૈન (અ.) પોતાની શહાદતની ખબરથી અને આવનારા પ્રસંગોથી વાકેફ થઈ ચૂક્યા હતા, અને એ એવું જ કામ ઈમામ હુસૈન (અ.)એ અદા કર્યું કે જેવું તેમનું કામ હતું. સૈયદ ઈબ્ને તાઉસ પોતાની કિતાબ (ગયાત સુલ્તાન અલવરી લસ્કાન અસરી)માં ઘણા બધા રાવીઓના નામનો ઉલ્લેખ કરે છે કે જેમાંથી એક રાવી અબૂ જાફર મોહંમદ બિન બાબવયા અલ કુમી છે. તેમણે પોતાની કિતાબ અમાલીમાં હદીસની સનદને મુફઝઝલ બિન ઉમરથી નકલ કરી છે, તેમણે ઈમામ જાફર સાદિક (અ.)થી અને ઈમામ (અ.)એ પોતાના બાપદાદાઓથી નકલ કર્યું છે કે :

એક દિવસ, ઈમામ હુસૈન (અ.) પોતાના ભાઈ ઈમામ હસન (અ.)ના ઘેર તશરીફ લઈ ગયા. જેવી ઈમામ હુસૈન (અ.)ની નજર પોતાના ભાઈ પર પડી તો આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. ઈમામ હસન (અ.)એ પૂછ્યું, શા માટે રડો છો ?

જવાબ આપ્યો કે મારા રડવાનું કારણ આપના ઉપર જુલ્મો સિતમ થવાના છે તે છે. ઈમામ હસન (અ.)એ ફરમાવ્યું, જે જુલ્મ મારા ઉપર થશે તે તો ફક્ત દગાથી ઝેર આપવામાં આવશે, અને તેના કારણે મારી શહાદત થશે, પરંતુ લા યૌમ કૈફ્મક યા અબા અબ્દિલ્લાહ (અરબીમાં) કાઈનાતનો કોઈ દિવસ આપની શહાદતના જેવો નથી જોવા મળતો, કેમ કે ૩૦ હજારનું લશ્કર, જો કે મુસલમાન હોવાનો દાવો કરતું હશે અને આપણા જદ્દે અમ્જદ હઝરત મોહંમદ મુસ્તફા (સ.)ની ઉમ્મતમાંથી હશે, અને તેઓ આપને ઘેરી લેશે અને આપને કતલ કરવા માટે અને આપનું ખૂન વહાવવા માટે, અને આપની બેહુર્મતી કરવા માટે, આપના અહલેબૈતને કેદી બનાવવા માટે, અને આપના માલને લૂંટવા માટે તૈયાર થશે, અને તે

એ સમય છે કે જ્યારે અલ્લાહ તઆલાની બની ઉમય્યા પર લા'નત થશે, અને આસમાન ખૂન વરસાવશે અને ખાક ફેલાવશે, એટલે સુધી કે કાઈનાતનો એકે એક કણ, જંગલોનાં ફાડી ખાનાર જાનવરો, દરિયાઓની માછલીઓ આપની મુસીબત ઉપર રુદન કરશે....

فَتُوْبُوا اِلٰى بَارِئِكُمْ فَاقْتُلُوْا اَنْفُسَكُمْ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ عِنْدَ بَارِئِكُمْ

(પોતાના પરવરદિગારની બારગાહમાં તમે તોબા કરો, પછી પોતાની જાનોને કતલ કરો આ જ તમારો અમલ અલ્લાહની નજરમાં બહેતરીન અમલ છે.)

એક બીજી જગ્યાએ કુરઆને પાકની આ આયતની બાબતમાં ( وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ) (પોતાની ઝાતને હલાકતમાં ન નાખો) કેટલાક લોકો એવો વિચાર કરે છે કે આ શહાદતની તરફ ઈશારો છે. જો કે એ ગલત છે, બલ્કે શહાદત ઈન્સાનના માટે એક અઝીમ ભલાઈ છે.

કિતાબ (મકતલ)ના કર્તાએ પોતાની કિતાબમાં અસ્લમથી રિવાયત કરી છે કે ઈમામ સાદિક (અ.)એ આ આયતે શરીફાની આ મુજબ તફસીર કરી છે :

અસ્લમ રિવાયત કરે છે કે અમે જંગે નહાવંદ અથવા કોઈ બીજા જંગમાં શરીક હતા. અમે મુસલમાનોએ પોતાની સફોને ગોઠવી અને દુશ્મનો પણ અમારા મુકાબલામાં સફોમાં ગોઠવાઈ ગયા. કોઈ પણ જંગમાં આટલી બધી લાંબી અને પહોળી સફો જોઈ ન હતી. એ સમય દરમિયાન મુસલમાનોની સફમાંથી નીકળીને એક મુસલમાન હુમલો કરવા તૈયાર થયો તો લોકોએ કહ્યું, لَا اِلٰهَ اِلَّا اللّٰهُ اَلْقٰى نَفْسَهُ اِلَى التَّهْلُكَةِ (નવાઈની વાત છે એ માણસ પર કે જેણે પોતાની ઝાતને હલાકત માટે તૈયાર કરી.) એ વખતે અબૂ અય્યૂબ અન્સારીએ કહ્યું, શું તમે આ આયતની તા'વીલ એ હુમલો કરનાર માણસથી કરી કે જે શહાદતનો ઈચ્છુંક છે?)

જો કે આવું નથી, પરંતુ આ આયત અમારા હકમાં નાઝિલ થઈ છે કેમ કે અમે રસૂલલ્લાહ (સ.)ની મદદમાં મશ્ગૂલ થયા, અને પોતાની અહલો અયાલ અને માલથી હાથ ઉઠાવી લીધા, અને પોતાની ઝાતની સુધારણા માટે કોઈ પગલાં ન લીધાં, એટલે સુધી કે અમારી જિંદગીનાં કાર્યો વેરણછેરણ થઈ ગયાં તો તેના પછી અમે એવો ઈરાદો કર્યો કે પયગમ્બર (સ.)ની મદદથી દૂરી ઈખ્તિયાર ન કરીએ જેથી પોતાની જિંદગી અને પોતાની માલ દોલતની સુધારણા કરી શકીએ.

તેથી આ આયત નાઝિલ થઈ وَلَا تُلْقُوا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ આયતનો મતલબ એ છે કે અગર અમે રસૂલલ્લાહ (સ.)ની મદદથી દૂર રહીએ અને ઘરમાં બેસી રહીએ.

સૈયદ ઈબ્ને તાઉસ કહે છે : કદાચ કેટલાક ટૂંકી દષ્ટિવાળા કે જેઓ શહાદતના મહાન મર્તબાથી નાવાકેફ છે, તેઓ એવો વિચાર કરે કે અલ્લાહ તઆલા એવી હાલત કે જેમાં માણસ પોતાની ઝાતને ખતરામાં નાખે, તે પસંદ કરતો નથી. શું તે ટૂંકી દષ્ટિવાળા લોકોએ કુરઆને હકીમમાં આ આયત પઢી નથી કે જેમાં અલ્લાહ તઆલા એવો હુકમ ફરમાવી રહ્યો છે કે એક ટોળુ પોતાની ઝાતને કતલ કરવા, પોતાના હાથે જ બદબખ્તી અને હલાકતની તરફ ગયું છે. અને ખુદાવંદે કરીમને પોતાના ઉપર ગઝબનાક કર્યો, કે જેનો અમે વિચાર કર્યો છે. આ આયત તેનો વિરોધ કરે છે. અને અમે કહ્યું કે ઘરમાં બેસી રહીશું અને

ઈસ્લામના દુશ્મનો સામે જંગ કરવા માટે તૈયારી કરીશું. અને આ આયત એવા માણસ માટે નાઝિલ નથી થઈ કે જે દુશ્મન પર હુમલો કરે, અને પોતાના સાથીઓને દુશ્મનોની સાથે જંગ પર તૈયાર પણ કરે, અથવા શહાદત માટે અને આખેરતનો બદલો મેળવવા માટે જિહાદ ફી સબીલિલ્લાહ કરે, અને અમે કિતાબની પ્રસ્તાવનામાં કહ્યું છે કે અલ્લાહના અવલિયા રાહે હકમાં તલવારો અને નેઝાઓના જખમોથી નથી ડરતા. અને તે મતલબો કે જેમને અમે આ કિતાબમાં નકલ કરી રહ્યા છીએ, તે આ વિષયની સચ્ચાઈ પર પડેલા પડદાઓને ખોલી નાખે છે.

## મદીનાથી ઈમામ હુસૈન (અ.)ની રવાનગી :

હદીસનવેશોના આલિમો ઈમામ હુસૈન (અ.)ની વલીદ બિન ઉતબા અને મરવાન સાથેની મુલાકાતની વિગતવાર માહિતી પછી લખે છે કે એ રાતની સવાર ૩, શાબાન-૬૦ હિ.સ.ની હતી. ઈમામ હુસૈન (અ.) મક્કાની તરફ રવાના થયા, બાકીના મહિના શાબાન, માહે રમઝાન, શવ્વાલ અને ઝિલકાદ મક્કામાં રહ્યા.

અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર ઈમામ હુસૈન (અ.)ની પાક ખિદમતમાં આવ્યા અને અરજ કરી, આપ મક્કામાં જ રહો. ઈમામ (અ.)એ ફરમાવ્યું, મને રસૂલલ્લાહ (સ.)એ જે હુકમ ફરમાવ્યો હું તેને અમલમાં મૂકું. ઈબ્ને અબ્બાસ ઈમામ હુસૈન (અ.)ના ઘરમાંથી બહાર આવ્યા અને રસ્તામાં કહી રહ્યા હતા, વા હુસૈના ! ત્યાર પછી અબ્દુલ્લાહ બિન ઉમર ઈમામ (અ.)ની ખિદમતમાં આવ્યા અને અરજ કરી, આપના માટે બહેતર છે કે આપ તે ગુમરાહ લોકોની સુધારણા કરો અને તેમની સાથે જંગ ન કરો.

ઈમામ (અ.)એ ફરમાવ્યું, પરંતુ શું તમે નથી જાણતા કે આ દુનિયાની નીચતા એવી હતી કે હઝરત યહ્યા બિન ઝકરિયાના સરને બની ઈસરાઈલની એક ઝિનાકાર ઓરતની સામે હદિયા તરીકે પેશ કરવામાં આવ્યું ? શું તમે નથી જાણતા કે બની ઈસરાઈલ ફજ્ર થયા પછીથી લઈને સૂર્ય ઉગ્યો ત્યાં સુધી ૭૦ પયગમ્બરોને કતલ કર્યા ? પછી તેઓ પોતાના મામલાઓમાં એવી જ રીતે મશ્ગૂલ થઈ જતા હતા કે જાણે કે કોઈ જુલ્મ જ થયો ન હોય. પણ અલ્લાહ તઆલાએ તેમને સજા આપવામાં જલ્દી ન કરી, પરંતુ તેમને મોહલત આપી અને આ મોહલત પસાર થઈ ગયા પછી તેમની સાથે સખત બદલો લીધો.

(અય અબ્દુલ્લાહ ! અલ્લાહ તઆલાના ગુસ્સાથી અને ગઝબથી ડરો, અને મારી મદદ કરવામાં ઉણપ ન રાખો.)

## કૂફાના લોકોનું ઈમામ હુસૈન (અ.)ને દા'વત આપવું :

કૂફાના લોકોએ જ્યારે ઈમામ હુસૈન (અ.)ના મક્કામાં આગમનની અને યઝીદની બૈઅતથી ઈન્કાર કરવાની ખબર સાંભળી તો તેઓ સુલયમાન બિન સર્દ ખિઝાઈના ઘેર ભેગા થયા. આ મેળાવડામાં સુલયમાન બિન સર્દે આ રીતે સંબોધન કર્યું :

અય શીઆઓ ! તમે સાંભળ્યું છે કે મોઆવિયા મરી ગયો છે, અને તેનો દીકરો યઝીદ તેનો જાનશીન બન્યો છે. વળી એ પણ તમે જાણો છો કે હુસૈન બિન અલી (અ.)એ તેનો વિરોધ કર્યો છે, અને બની ઉમ્મયાના સિતમગારોના શરથી બચવા માટે ખાનાએ ખુદામાં શરણ લઈ લીધું છે. તમે તેમના વાલિદે ગિરામીના શીઆ છો અને આજે ઈમામ હુસૈન (અ.) તમારી મદદની ખ્વાહિશ ધરાવે છે. અગર તમે ઈરાદો ધરાવતા હો કે તેમની મદદ કરશો અને તેમના દુશ્મનોની સાથે જંગ કરશો તો તમારી રજામંદીને જાહેર કરો અને ઈમામને પત્ર દ્વારા માહિતી આપો. અગર તમે ડરતા હો કે તમારી અંદર

સુસ્તી અને ગફલત પેદા થશે તો તેમને તેમના હાલ પર છોડી દો, અને તેમને ફરેબ ન આપો. ત્યાર પછી તેમણે એક પત્ર લખ્યો કે જેની વિગત આ મુજબ છે :

બિસ્મિલ્લાહિર રહમાનીર રહીમ

ઈમામ હુસૈન બિન અલી (અ.)ની ખિદમતમાં.

સુલયમાન બિન સર્દ ખિઝાઈ મુસય્યબ બિન નજબા, રફાઅ બિન શદ્દાદ, હબીબ બિન મઝાહિર, અબ્દુલ્લાહ બિન વાએલ અને તેમના કેટલાક મોમિનો અને શીઆઓ તરફથી.

સલામ બાદ અમે અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરીએ છીએ કે તેણે આપના વાલિદે ગિરામીના દુશ્મનને હલાક કર્યો. તે એક એવો જાલિમ, ખૂંખાર માણસ હતો કે જેણે ઉમ્મતે મુસ્લેમાની હુકૂમત પર જુલ્મો સિતમની સાથે કબજો કર્યો. મુસલમાનોના બૈતુલમાલને ગસબ કરી લીધો, અને તેમની રજામંદી વગર હાકિમ બની બેઠો, અને નેક લોકોને તલવારને ઘાટ ઉતારી દીધા, અને ફાસિક અને ફાજિર લોકોને છોડી દીધા. અને અલ્લાહ તઆલાના માલને જાબિરો અને સરકશોના માટે વકફ કરી દીધો. અલ્લાહની રહેમતથી દૂર થઈને કે જેવી રીતે કૌમે સમૂદ દૂર થઈ ગઈ હતી. અને આ સમયે આપના સિવાય બીજો કોઈ અમારો ઈમામ અને પેશવા નથી. અને એ ખૂબ જ મુનાસિબ છે કે આપ પધારો અને અમારા શહેરમાં તશરીફ લાવો.

ઉમ્મીદ છે કે ખુદાવંદે કરીમ આપના વસીલાથી અમને ભલાઈના રસ્તાની રાહબરી ફરમાવે. અત્યારે કૂફાનો હાકિમ નોઅમાન બિન બશીર દારૂલ ઈમારાના કિલ્લામાં છે, પરંતુ અમે નમાઝે જુમ્આ અને નમાઝે પંજગાનામાં હાજર નથી થતા, અને નમાઝે ઈદ માટે પણ તેની પેરવી કરતા નથી. અગર અમે આ બાબતથી વાકેફ થઈ જઈએ કે આપ અમારે ત્યાં તશરીફ લાવી રહ્યા છો તો, તેને અમે કૂફામાંથી બહાર કાઢીને શામની તરફ રવાના કરી દઈશું.

અય પયગમ્બર (સ.)ના ફરઝંદ ! આપના પર અને આપના વાલિદે બુઝુર્ગવાર પર અમારા સલામ. વસ્સલામો અલૈક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.

કાગળ લખ્યા પછી તેને મોકલી દેવામાં આવ્યો. પછી બે દિવસ પછી ઈમામ હુસૈન (અ.)ની તરફ દોઢસો જેટલા કાગળો રવાના કરવામાં આવ્યા કે જેમાં એક, બે અથવા ત્રણ અથવા ચાર વ્યક્તિઓની સહીઓ હતી. બધા કાગળોમાં ઈમામ હુસૈન (અ.)ને પોતાના શહેરમાં આવવાની દા'વત આપી હતી. પરંતુ ઈમામ હુસૈન (અ.)એ આ બધા જ પત્રો મળવા છતાં કોઈ પણ પત્રનો જવાબ લખીને મોકલાવ્યો નહીં, એટલે સુધી કે એક દિવસ છસ્સો કાગળ પહોંચ્યા, અને તે ઉપરાંત બીજા પણ કાગળો એક પછી એક પહોંચતા રહ્યા અહીં સુધી કે તેમની સંખ્યા બાર હજાર સુધી પહોંચી ગઈ.

ત્યાર પછી કૂફાવાસીઓ તરફથી છેલ્લો કાગળ હાની બિન હાની, સઈદ બિન અબ્દુલ્લાહ હનફીના માધ્યમથી ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં પહોંચ્યો કે જેની વિગત આ મુજબ હતી :

બિસ્મિલ્લાહિર રહમાનીર રહીમ

હુસૈન બિન અલી (અ.)ની ખિદમતમાં, તેમના વાલિદ અમીરુલ મોમિનીન (અ.)ના શીઆઓ તરફથી. સલામ બાદ અરજ છે કે અમે લોકો આપની વાટ જોઈ રહ્યા છીએ. આપના સિવાય બીજા કોઈને ચાહતા નથી. અય રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદ ! જેમ બને તેમ જલ્દી અમારી તરફ તશરીફ લાવો, કેમ કે બાગ હરિયાળા થઈ ચૂક્યા છે, ફળ પાકી ચૂક્યાં છે અને દરેક તરફ હરિયાળી જ હરિયાળી છે, અને લીલાં પાંદડાંએ વૃક્ષોની ખૂબસૂરતીમાં વધારો કરી દીધો છે. આપ અમારી તરફ તશરીફ લઈ આવો. તો

આપ આપના માટે એક તૈયાર અને સજ્જ ફોજ પામશો. વસ્સલામો અલૈક વ રહમતુલ્લાહ વ બરકાતોહ વ અલા અબીક મિન કબ્લેક.

એ સમય દરમિયાન જે બે વ્યક્તિઓએ આ પત્રો ઈમામ (અ.)ની ખિદમતમાં મોકલ્યો હતો, તેમને ઈમામ (અ.)એ પૂછ્યું હતું કે આ પત્ર કોણે કોણે લખ્યો હતો ? તો તેમણે જવાબ આપ્યો કે યા ઈબ્ને રસૂલલ્લાહ ! મોકલનારાઓમાંથી શીસ બિન રબીઆ, હજાર બિન અબજર યઝીદ બિન હારિસ, યઝીદ બિન ઓયમ, ઉર્વા બિન કૈસ, ઉમરૂ બિન હિજાજ અને મોહંમદ બિન ઉમર બિન અતારિદ છે.

**મુસ્લિમ બિન અકીલ (અ.)ની કૂફા રવાનગી :**

મુસ્લિમ (અ.)ની રવાનગીના સમયે ઈમામ હુસૈન (અ.) પોતાની જગ્યાએથી ઊભા થયા, અને રૂક્ન અને મકામની વચ્ચે બે રકાત નમાઝ અદા કરી, અને અલ્લાહ તઆલાથી આ વિષયની બાબતમાં ખેરિયતની દરખાસ્ત કરી. ત્યાર પછી મુસ્લિમ બિન અકીલ (અ.)ને બોલાવ્યા, અને તેમને બધા જ કામોની ખાસિયતોથી જાણકાર કર્યા, અને લોકોના પત્રોના જવાબ લખીને મુસ્લિમ (અ.)ના માધ્યમ દ્વારા રવાના કર્યા, અને એ પત્રમાં તેમની દરખાસ્તને કબૂલ કરવાનો વાયદો કર્યો અને તેમાં લખ્યું હતું,

હું મારા પિત્રાઈ ભાઈ મુસ્લિમ બિન અકીલ (અ.)ને તમારી તરફ મોકલી રહ્યો છું, જેથી તમારા મકસદને અને આગ્રહને જાણીને મને વાકેફ કરે.

મુસ્લિમ (અ.) પત્ર લઈને કૂફા ગયા. કૂફાના લોકો ઈમામ હુસૈન (અ.)ના પત્રથી અને મુસ્લિમના આવવાથી ખૂબ જ ખુશ થયા, અને તેમને મુખ્તાર બિન અબી ઉબૈદા સકફીના ઘેર મહેમાન તરીકે રાખ્યા. શીઆ લોકો ટોળે ટોળાં થઈને મુસ્લિમ (અ.)ની ઝિયારત માટે આવતા હતા. અને જે કોઈ ટોળુ તેમની પાસે આવતું હતું, તેને તેઓ ઈમામ હુસૈન (અ.)નો પત્ર સંભળાવતા હતા. અને ખુશીથી તેમની આંખોમાંથી આંસુ વહેતાં હતાં, અને તેમના હાથ પર બૈઅત કરતા હતા, એટલે સુધી કે અઢાર હજાર લોકોએ તેમના હાથ ઉપર બૈઅત કરી.

**ઈબ્ને ઝિયાદનુ કૂફાના વાલી બનવું :**

અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બાહલી, અમ્મારા બિન વલીદ અને ઉમર બિન સઅદે યઝીદને પત્ર લખ્યો. અને મુસ્લિમ (અ.)ના કૂફા આવવાની ખબર આપી. અને એવી માગણી કરી કે નોઅમાન બિન બશીરને કૂફાની ગવર્નરીથી બરતરફ કરી દઈને કોઈ બીજા માણસને હાકિમ બનાવવામાં આવે.

યઝીદે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને કે જે એ વખતે બસરાનો હાકિમ હતો, તેને પત્ર લખ્યો, અને બસરાની હુકૂમત ઉપરાંત કૂફાની હુકૂમત પણ તેને સોંપી, અને મુસ્લિમ અને હુસૈન (અ.)ની પરિસ્થિતિ વિષે પત્રમાં લખ્યું અને તાકીદની સાથે એવો આદેશ આપ્યો કે મુસ્લિમને ગિરફતાર કરીને કતલ કરી દેવામાં આવે. પત્ર વાંચ્યા પછી તરત જ ઈબ્ને ઝિયાદ કૂફા તરફ રવાના થઈ ગયો.

ઈમામ હુસૈન (અ.)એ બસરાના બુઝુર્ગોને અને તે ઉપરાંત યઝીદ બિન મસઊદ નહશલી, અને મંઝર બિન જારૂદ અબદીને પત્ર લખ્યો હતો, અને તે પત્રમાં પોતાની મદદ અને પોતાના હુકમોની ઈતાઅતની દા'વત આપી, અને તે પત્રને પોતાના ગુલામ સુલયમાનના માધ્યમથી કે જેની કુન્નિયત અબા રઝૈન હતી, તેમની પાસે મોકલ્યો હતો. યઝીદ બિન મસઊદે બની તમીમ, બની હંઝલા અને બની સઅદ કબીલાઓને એકઠા કર્યા, અને તેમને સંબોધીને કહ્યું, અય બની તમીમ ! તમારી નજરમાં મારું સ્થાન અને મારો મર્તબો કેવો છે ?

તેમણે જવાબ આપ્યો, અલ્લાહ કસમ, તમે ખૂબ જ બુલંદ અને નેક સ્થાન ધરાવો છો, અને કબીલાના શાંતિનું અસ્તિત્વ તમારા જ દમને કારણે છે, અને તેનો ફખ્ર તમારી સાથે જ સંકળાયેલો છે. તમે અમારા બધા જ લોકોથી વધારે શરીફ અને વધારે આગળ પડતા છો. તો તેમણે કહ્યું, મેં તમને એક મકસદ માટે બોલાવ્યા છે, જેથી તમારી સાથે મશ્વેરો કરું, અને તમારી મદદ લઉં.

તેમણે કહ્યું, અલ્લાહની કસમ, આપને મશ્વેરો આપવામાં કંજૂસાઈથી કામ નહીં લઈએ, અને પોતાના વિચારોને રજૂ કરીશું. હવે તમે તમારા મકસદને બયાન કરો કે જેથી અમે સાંભળીએ.

તેણે કહ્યું, અય બની તમીમ ! જાણી લો કે મોઆવિયા મરી ગયો છે, અને અલ્લાહ કસમ, તેનું મોત નિમ્ન કક્ષાનું અને કિંમત વગરનું છે કે જેનો કોઈ અફસોસ નથી, અને જાણી લો કે તેના મોતથી જુલ્મો સિતમનો ખાતમો થઈ ગયો. મોઆવિયાએ લોકો પાસેથી બૈઅત લીધી જેથી પોતાના દીકરા યઝીદને હુકમરાની સોંપી દે અને તે એવા વિચારથી કે તેને મજબૂત અને દ્રઢ બનાવી દે. પરંતુ દૂરની વાત છે કે એવું થાય. અલ્લાહની કસમ, તેણે ઘણી કોશિશ કરી, પરંતુ તે કોશિશ નિષ્ફળ રહી, અને પોતાના મક્કાર દોસ્તો સાથે મશ્વેરો કર્યો, પરંતુ અપમાનિત અને બદનામ થયો.

આ સમયે તેનો શરાબી અને બદકાર બેટો યઝીદ તેની જગ્યાએ બેઠો છે. અને મુસલમાનોના ખલીફા હોવાનો દાવો કરી રહ્યો છે, અને તેની રજામંદી વગર પોતાની ઝાતને તેમનો અમીર સમજે છે, જ્યારે કે તેની નમ્રતા અને વિનમ્રતા ખૂબ ઓછી અને બુધ્ધિમત્તા જેવી કોઈ વસ્તુ તેનામાં જોવા મળતી નથી. અને રાહે હકથી તેનો કોઈ દૂરનોય સંબંધ નથી. તો તે કેવી રીતે ઉમ્મતનાં સૂત્રો સંભાળી શકે ?

(ફઅકસમો બિલ્લાહે કસમન મબ્રુરા લેજિહાદોહુ અલદ્દીન અફઝલો મીન જિહાદિલ મુશ્રેકીન.)

હું અલ્લાહની કસમ ઉઠાવું છું કે જેવી રીતે કસમ ઉઠાવવાનો હક છે, દીનની હિફાઝત માટે, યઝીદથી જંગ કરવો, મુશરિકો સાથે જંગ કરવાથી બહેતર છે, પરંતુ હુસૈન બિન અલી (અ.) એવું એક વ્યક્તિત્વ છે કે જે તમારા પયગમ્બર (સ.)ના નવાસા, શરીફ બુલંદ નફસવાળા અને ખૈરખ્વાહ છે. તેમની ફઝીલત પ્રશંસાને પાત્ર છે અને તેઓ ઈલ્મના ખૂબ જ વિસ્તૃત દરિયા છે, તેઓ ખિલાફતના હકદાર છે, કેમ કે તેમનો ભૂતકાળ ઈસ્લામમાં ખૂબ જ નૂરાની છે અને રસૂલલ્લાહ (સ.)થી એમની નિકટતાને બધા જાણે છે. તેમના સુંદર અખ્લાકની પરિસ્થિતિ એવી છે કે નાનાઓની સાથે મહેરબાન અને બુઝુર્ગોની સાથે સુંદર વ્યવહાર કરે છે.

તેઓ એક બહેતરીન રહેનુમા અને ઈમામ છે કે જેમના વસીલાથી તમારા ઉપર પોતાની હુજ્જતને તમામ કરી, અને ભલાઈના માર્ગ તરફ તમારી હિદાયત કરી છે, તેથી તમે તમારી નજરોને નૂરે હકથી ફેરવી ન લેતા.

સહર બિન કૈસે જંગે જમલમાં તમારા દામનને શરમના ડાઘથી દાગદાર કરી દીધું, પરંતુ આજે તમે પયગમ્બરે ઈસ્લામ (સ.)ના ફરઝંદની મદદ કરીને તે શરમના ડાઘને ધોઈ શકો છો. અલ્લાહની કસમ, જે લોકો તેમની મદદ કરવામાં કમી કરશે, ખુદાવંદે કરીમ તેમની ઓલાદને અપમાનિત અને તેમના ખાનદાનને ઓછી કરી દેશે. જાણી લો કે મેં જંગી પોષાક શરીર ઉપર, અને ઝિરહને બાંધી દીધી છે. જાણી લો, કે જે પણ કતલ ન થયો તેને મોત તો ચોક્કસ આવવાનું જ છે, અને તેનાથી માણસને નજાત નહીં મળી શકે.

અલ્લાહ તમારી મગ્ફેરત કરે, અને મારી આ વાતોનો હકારમાં જવાબ આપો.

બની હંઝલાએ કહ્યું, અય અબૂ ખાલિદ ! અમે તમારી કમાનના તીરની માફક છીએ, તમે જે નિશાન પર ફેંકશો, નિશાન ખાલી નહીં જાય. અમે તમારા કાફલાના એવા ઘોડેસવાર છીએ કે જે જંગમાં પણ મોકલશો, ફતેહ અને મદદનો સેહરો તમારા માથા પર હશે. અલ્લાહની કસમ, તમે જેવા ખતરનાક રસ્તા પર ચાલશો, અમે તમારી સાથે ચાલીશું. અને એવી દરેક સખ્તી કે જેનો તમારે સામનો કરવો પડે, અમે પણ તેનો સામનો કરીશું. અલ્લાહની કસમ, અમે એવી તલવારોની સાથે તમારી મદદ અને પોતાના શરીરોની સાથે તમારી હિફાઝત કરીશું કે જે પણ તમે ઈચ્છો, તેવાં પગલાં ભરો.

ત્યાર પછી બની સઅદના લોકોએ જવાબ આપ્યો, અને કહ્યું, અય અબૂ ખાલિદ ! આપના અભિપ્રાયનો વિરોધ અમારી નજરમાં સૌથી વધારે નાપસંદ છે, પરંતુ સહર બિન કૈસે અમને એવો દસ્તૂર આપ્યો છે કે અમે જંગ ન કરીએ, અને અમે તેને જ યોગ્ય સમજીને જંગ ન કર્યો અને ઈજ્જતથી રહ્યા છીએ. હવે પરિસ્થિતિ એ છે કે અમને મશ્વેરાની મોહલત આપો, જેથી અમે તમને પોતાના ફેંસલાથી વાકેફ કરી શકીએ. ત્યાર પછી બની તમીમ કહેવા લાગ્યા, અય અબૂ ખાલિદ ! અમે તમારા અને તમારા (કબીલા)ની સાથે અહદ કરી લીધો છે કે જેના પર તમે હુમલો કરશો, અમે તેમના પર હુમલો કરીશું, અને સફરમાં તમારી સાથે ચાલીશું. તમારો હુકમ સર આંખો પર છે. તમે પોકારો, અમે લબ્બૈક કહીશું અને પ્રથા પાડો જેથી તેની ઈતાઅત કરીએ. યઝીદ બિન મસઊદે બની સઅદને સંબોધીને કહ્યું, અય બની સઅદના કબીલાવાળાઓ ! અલ્લાહની કસમ, અગર તમે હુસૈન (અ.)ની મદદ નહીં કરો તો અલ્લાહ તઆલા તમારી વચ્ચે ફિત્નો ફસાદ અને કતલ કરવાની ક્રિયાને કદી પણ ખતમ નહીં કરે, અને તમે હંમેશાં અંદરોઅંદર આપસમાં ઝઘડતા રહેશો.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ની તરફ આવો પત્ર લખ્યો :

બિસ્મિલ્લાહિર રહમાનીર રહીમ.

અમ્મા બા'દ ! આપના પત્રની ઝિયારત થઈ કે જેમાં આપે મને આપની મદદ માટે પોકાર્યો છે, જેથી હું આપની ઈતાઅતથી ફાયદો ઉઠાવનારો થાઉં અને આપની મદદના વસીલાથી મને નજાત નસીબ થાય. આ યકીની અમ્ર (હુકમ) છે, આપ જ લોકો ઉપર અલ્લાહની હુજ્જત છો અને દુનિયાના લોકો ઉપર તેની અમાનત છો.

આપ પાક અહમદી શજરાની પેદાશ છો. તેનું મૂળ હઝરત ખત્મી મર્તબત (સ.) છે, અને આપ તેની ડાળી છો. આપ અમારી તરફ તશરીફ લઈ આવો. આપનું આવવું અમારા માટે નેક શુકનવંતુ હશે, કેમ કે અમે બની તમીમને આપની મદદ માટે એવી રીતે તૈયાર અને તત્પર કરી લીધા છે, અને તેમની આતુરતા આપની મદદ કરવા માટે એટલી બધી વધી ગઈ છે કે જેવી રીતે ખૂબ જ તરસ્યો ઊંટ પાણી માટે એક બીજા ઉપર પહેલ કરે છે.

ઈમામ હુસૈન (અ.) પત્ર વાંચીને ખૂબ ખુશ થયા, અને યઝીદ બિન મસઊદના હકમાં દુઆએ ખૈર ફરમાવી કે અલ્લાહ તઆલા તમને કયામતની ભયાનકતા અને હોલનાકીથી પોતાના અમાનમાં રાખે, અને તમને પોતાની નજદીકી નસીબ કરે, અને એ દિવસ કે જે દિવસે તરસની તીવ્રતા થશે, આપને સયરાબ ફરમાવે.

યઝીદ બિન મસઊદ જો કે પત્ર લખનાર હતા, તેઓ ઈમામ હુસૈન (અ.)ની મદદ માટે તત્પર થઈને રવાના થયા, પરંતુ બસરામાંથી રવાનગી પછી તેમણે ઈમામ હુસૈન (અ.)ની શહાદતના સમાચાર સાંભળ્યા. આવી દુઃખદ ખબર સાંભળીને તેમણે ખૂબ જ રુદન કર્યું અને ખૂબ જ વધારે ગમગીન થયા.

યઝીદ બિન મસઊદની ઈમામ હુસૈન (અ.)ના પત્રના મુકાબલામાં આવી રીતની હાલત જાહેર હતી, પરંતુ મંઝર બિન જારૂદ કે જેની બેટી (બહરિયા) ઈબ્ને ઝિયાદની પત્ની હતી. જ્યારે તેમણે ઈમામ હુસૈન (અ.)નો પત્ર જોયો તો એવા ડરથી કે આ ઈબ્ને ઝિયાદની ચાલ ન હોય, તેણે પત્ર અને ચિઠ્ઠી ઈબ્ને ઝિયાદને સોંપી દીધી. ઈબ્ને ઝિયાદે તરત જ તે કાસિદને શૂળી પર ચઢાવી દીધો અને મિમ્બર પર ચઢીને સંબોધન કર્યું. બસરાના લોકોને પોતાનો વિરોધ અને બગાવત કરવાથી સાવચેત કરી દીધા. તેણે એ રાત બસરામાં જ પસાર કરી.

વહેલી સવારે પોતાના ભાઈ ઉસ્માન બિન ઝિયાદને પોતાનો નાયબ બનાવીને કૂફા રવાના થઈ ગયો. જેવો કૂફાની નજીક પહોંચ્યો તો ત્યાં રોકાઈ ગયો, એટલે સુધી કે સૂરજ આથમી ગયો. રાતના પહેલા ભાગમાં તે કૂફામાં દાખલ થયો. જો કે રાત અંધારી હતી તેથી કૂફાના લોકોએ એવો વિચાર કર્યો કે આ તો ઈમામ હુસૈન (અ.) છે. ઓળખ્યા વગર જ તેઓ ઈમામ હુસૈન (અ.)ના આગમન પર એક બીજાને મુબારકબાદી આપી રહ્યા હતા. જેવા તેઓ તેની નજીક પહોંચ્યા અને તેને ઓળખી લીધો તો માલૂમ પડ્યું કે આ તો ઈબ્ને ઝિયાદ છે તો તેની પાસેથી વેરવિખેર થઈ ગયા, અને તે પણ દારુલ ઈમારામાં દાખલ થઈ ગયો અને આ રીતે રાત પૂરી થઈ.

વહેલી સવારે ઈબ્ને ઝિયાદ દારુલ ઈમારામાંથી બહાર આવ્યો અને મિમ્બર પર જઈને ખુત્બો આપ્યો. લોકોને યઝીદના વિરોધથી ડરાવવામાં આવ્યા અને તેની ઈતાઅત કરવા પર ઈનામનો વાયદો કરવામાં આવ્યો.

**મુસ્લિમ હાનીના શરણમાં :**

મુસ્લિમ બિન અકીલ (અ.)એ જ્યારે આ ખબર સાંભળી તો ભય પામ્યા કે ક્યાંક ઈબ્ને ઝિયાદને તેમના કૂફામાં મોજૂદ હોવાની ખબર ન થઈ જાય, અને તે તેમના માટે કોઈ રોકટોક ઊભી ન કરી દે. એ કારણે આપે મુખ્તારના ઘરને છોડી દીધું અને હાની બિન ઉર્વાના ઘેર પનાહ લીધી. ત્યાર પછી શીઆ લોકો હાનીના ઘેર વિપુલ પ્રમાણમાં આવવા જવા લાગ્યા. ઈબ્ને ઝિયાદે પોતાના જાસૂસોને કામે લગાવી દીધા હતા જેથી મુસ્લિમના શરણની જગ્યાનો પત્તો લગાવી શકે. જેવી તેને માહિતી મળી કે મુસ્લિમે હાનીના ઘરમાં પનાહ લીધી છે તો તેણે મોહંમદ બિન અશઅસ, અસ્માઅ બિન ખાજા અને ઉમરૂ બિન હિજાજને બોલાવ્યા અને કહ્યું, હાની મારા દીદાર માટે શા માટે નથી આવ્યા ? તેમણે જવાબ આપ્યો, અમને લોકો એવું કહે છે કે તેઓ બીમાર છે. ઈબ્ને ઝિયાદે કહ્યું, મેં સાંભળ્યું છે કે તેઓ તંદુરસ્ત થઈ ગયા છે અને પોતાના મહેમાનખાનામાં બેસે છે. અગર મને એ ખબર પડી જાય કે તે બીમાર છે તો હું તેમની ખબરઅંતર પૂછવા જાઉં. પરંતુ તમે લોકો જાઓ અને તેમને એવું કહો કે તે અમારા હકને બરબાદ ન કરે, અને અમારી મુલાકાત માટે આવે.

તે ત્રણ વ્યક્તિઓ રાતના સમયે હાનીના ઘેર ગયા, તો તેમણે તેમને કહ્યું કે શું તમે અમીરની મુલાકાત માટે નથી આવ્યા ? જો કે તેણે તમારી ખબરઅંતર પૂછી છે, અને કહ્યું છે કે અગર મને તેમના બીમાર હોવાની જાણકારી થઈ જાય તો હું તેમની ખબર પૂછવા જાઉં. હાનીએ કહ્યું, મારા ન આવવાનું કારણ બીમારી જ હતું. તો તેમણે કહ્યું, ઈબ્ને ઝિયાદને એવી ખબર મળી છે કે આપ પોતાના મહેમાનખાનામાં બેસો છો અને તેમની મુલાકાત માટે આવતા નથી. તે નારાજ થઈ રહ્યો છે. આપના જેવી મુકદ્દસ હસ્તી કે જે પોતાના કબીલાનો સરદાર છે, તેનું આવી રીતે લાપરવાહીથી વર્તન કરવું તેના માટે સ્વીકારપાત્ર નથી. અમારી સાથે સવાર થઈને તેની મુલાકાતે ચાલો. તો હાનીએ પોતાનો પોષાક

બદલ્યો અને પોતાના ખચ્ચર પર સવાર થઈને તેમની સાથે ગયા. જેવા તે દારુલ ઈમારાની નજીક પહોંચ્યા તો એવું મહેસૂસ કર્યું કે જાણે કે કોઈ મુસીબત તૂટી પડવાની છે. આ ડરના લીધે તેમણે હિસાન બિન ખારજાને પૂછ્યું, અય ભત્રીજા ! ખુદાની કસમ, હું આ પુરુષ (ઈબ્ને ઝિયાદ)થી ભય અનુભવું છું. તમારો શું વિચાર છે ? તો તેણે કહ્યું, અય ચચાજાન ! અલ્લાહની કસમ, મને આપની બાબતમાં કોઈ ડર નથી. આપ આ ચિંતાને મનમાંથી કાઢી નાખો. પરંતુ હિસાનને એ જાણકારી ન હતી કે ઈબ્ને ઝિયાદે હાનીને શા માટે બોલાવ્યા છે. હાની પોતાની સાથેના માણસોની સાથે ઈબ્ને ઝિયાદની પાસે પહોંચી ગયા. જ્યારે ઉબૈદુલ્લાહની નજર હાની ઉપર પડી તો તેણે કહ્યું, એ માણસ કે જે તમારી સાથે ખયાનત કરી રહ્યો છે, તે જાતે જ તમારી પાસે આવી ગયો છે. પછી તેણે શરીઅની તરફ મોઢું કર્યું કે જે તેની નજીકમાં જ બેઠેલો હતો અને હાનીની તરફ ઈશારો કરતાં ઉમરૂ બિન મઅદી કુર્બ ઝબીદીનો આ શેઅર પઢ્યો.

'ઉરીદો હયાતહુ વ યોરીદો કતલી, ગદીરોક મિન અન મુરાદ' (અરબીમાં)

ઈબ્ને ઝિયાદનો હાનીની તરફ ઈશારો કરવાનો મકસદ અને શેઅર પઢવાનું કારણ એ હતું કે હું તો હાનીની જિંદગી ઈચ્છું છું, પરંતુ તેઓ પોતાના ઘરમાં મારા વિરૂધ્ધ ષડયંત્ર રચી રહ્યા છે.

હાનીએ કહ્યું, અય અમીર ! તમારો આવું કહેવા પાછળ શું આશય છે ?

તેણે કહ્યું, અય હાની ! ખામોશ રહો. આ કેવાં પગલાં ભરો છો કે જે તમે પોતાના ઘરમાં બેસીને અમીરુલ મોમિનીન અને મુસલમાનોના વિરૂધ્ધ કામ કરી રહ્યા છો ? મુસ્લિમ બિન અકીલને પોતાના ઘરમાં બેસાડી રાખ્યા છે અને પોતાના ઘરની આજુબાજુ તેમના માટે હથિયારો અને જંગના સિપાહીઓ ભેગા કરી રહ્યા છો, અને તમે એવો વિચાર કરો છો કે હું તેનાથી બેખબર છું ?

હાનીએ જવાબ આપ્યો, મેં એવું કોઈ કામ નથી કર્યું. ઈબ્ને ઝિયાદે કહ્યું, તમે એવું કર્યું છે. ફરીથી હાનીએ કહ્યું, મેં એવું કામ નથી કર્યું. ઈબ્ને ઝિયાદે કહ્યું, મારા ગુલામ મોઅક્કલને મારી પાસે બોલાવો. મોઅક્કલ ઈબ્ને ઝિયાદનો જાસૂસ હતો કે જે મુસ્લિમ અને તેમના સાથીઓ વિષેની માહિતી આપતો હતો અને તેમની ગુપ્ત વાતોને ભેગી કરતો હતો. મોઅક્કલ આવ્યો, અને ઈબ્ને ઝિયાદની નજીક ઊભો થઈ ગયો. હાનીની નજર જ્યારે તેના ઉપર પડી તો તેઓ સમજી ગયા કે એ જાસૂસ હતો.

હાનીએ કહ્યું, અય અમીર ! અલ્લાહની કસમ, મેં મુસ્લિમને મારા ઘેર આવવાની દા'વત નથી આપી. તેઓ પોતે જ પનાહ લેવા માટે આવ્યા તો મેં પણ તેમને રદ ન કર્યા અને તેમને પનાહ આપી. તેથી મારું તો એ કર્તવ્ય છે કે હું તેમની હિફાઝત કરું, અને તેમને મારા મહેમાન તરીકે રાખું. અને હવે જ્યારે તમે તેનાથી વાકેફ થઈ ગયા છો તો મને ઈજાઝત આપો કે જેથી હું તેમને કહું કે તે મારું ઘર છોડી દે અને જ્યાં ઈચ્છે ત્યાં ચાલ્યા જાય, જેથી હું મારી ઝિયાફતના કર્તવ્યની જવાબદારીથી મુક્ત થઈ જાઉં.

ઈબ્ને ઝિયાદે કહ્યું, અલ્લાહની કસમ, જ્યાં સુધી તમે મુસ્લિમને અમારી સામે હાજર ન કરો ત્યાં સુધી કદાપિ અહીંથી જઈ શકતા નથી. હાનીએ જવાબ આપ્યો, હું કદાપિ તેમને તમારા હવાલે નહીં કરું. શું હું મારા મહેમાનને તમારા હવાલે કરું કે જેથી તમે તેને કતલ કરો ?

ઈબ્ને ઝિયાદે કહ્યું, અલ્લાહની કસમ, તમારે તેમને ચોક્કસ મારા હવાલે કરવા પડશે. હાનીએ જવાબ આપ્યો, અલ્લાહની કસમ, આવું નહીં થઈ શકે.

જ્યારે તેમની વચ્ચે વાતચીત લાંબી ચાલી તો મુસ્લિમ બિન ઉમરૂ બાહલીએ કહ્યું, અય અમીર ! મને ઈજાઝત આપો જેથી હું હાની સાથે એકાંતમાં વાતચીત કરું. તે ઊભો થયો દારુલ ઈમારામાં એક તરફ

લઈ ગયો. ઈબ્ને ઝિયાદ તેમનાથી એટલો બધો નજીક હતો કે તેમને જોઈ રહ્યો હતો અને તેમની વચ્ચે જે વાતચીત થઈ રહી હતી તેને સાંભળી રહ્યો હતો. મુસ્લિમે કહ્યું, અય હાની ! હું તમને અલ્લાહનો વાસ્તો આપું છું કે તમારા જીવને જોખમમાં ન મૂકો, અને તમારા કબીલાને મુસીબતમાં ન મૂકો. અલ્લાહની કસમ, હું તમને મોતથી નજાત અપાવીશ. મુસ્લિમ બિન અકીલ એ લોકોના પિત્રાઈ ભાઈ છે, તેઓ તેમને કતલ નહીં કરે. અને તેમને કોઈ પણ પ્રકારનું નુકસાન પણ નહીં પહોંચાડે. તેમને લઈ આવો અને આ કામ ઝિલ્લત અને બદનામીનું નથી, કેમ કે આપ તેમને અમીરના હવાલે કરી રહ્યા છો, તો અમીરના હવાલે કરવા એ કંઈ એબ નથી.

હાનીએ કહ્યું, અલ્લાહની કસમ, આ કામ મારા માટે બદનામીનું કારણ છે. એ માણસ કે જે મારી પનાહમાં છે અને મારો મહેમાન છે અને પયગમ્બરે ઈસ્લામ (સ.)ના ફરઝંદના પ્રતિનિધિ છે, હું તેમને દુશ્મનના હવાલે કેવી રીતે કરું ? અલ્લાહની કસમ, અગર કોઈ પણ મારી મદદ નહીં કરે, અને હું એકલો રહી જાઉં તો પણ હું તેમને ઈબ્ને ઝિયાદના હવાલે નહીં કરું, ભલેને તેમના પહેલાં મને કતલ કરવામાં આવે.

મુસ્લિમ બિન ઉમરૂએ સોગંદો આપવાનું શરૂ કર્યું, પરંતુ હાની એવું જ કહેતા રહ્યા કે અલ્લાહની કસમ, હું તેમને ઈબ્ને ઝિયાદના હવાલે નહીં કરું. ઈબ્ને ઝિયાદે આ વાત સાંભળી તો કહ્યું, તેમને મારી નજીક લઈ આવો. હાનીને તેની નજીક લાવવામાં આવ્યા તો તેણે કહ્યું, અલ્લાહની કસમ, તમારે મુસ્લિમ બિન અકીલને હાજર કરવા જ પડશે, નહીંતર તમારું સર તનથી જુદું કરી નાખીશ.

હાનીએ કહ્યું, જો તમે એવું કરશો તો યાદ રાખો કે તમે તમારા ઘરની આજુબાજુ તલવારો જોશો. ઈબ્ને ઝિયાદે તુચ્છકારની સાથે કહ્યું, તમારી એ હિંમત ! અમને તલવારોથી ડરાવવા ચાહો છો ? અને હાની એવો વિચાર કરી રહ્યા હતા કે આપના કબીલાવાળા આપનો અવાજ સાંભળી રહ્યા છે. ઉબૈદુલ્લાહે કહ્યું, તેમને મારી નજીક લાવો. તેમને નજીક લઈ ગયા, તો તેણે છરીથી હાનીના મોઢા પર, નાક પર અને કપાળ પર મારવાનું શરૂ કર્યું. અને નાક પર એવો ઘા કર્યો કે તે કપાઈ ગયું અને લોહી આપના લિબાસ પર વહેવાનું શરૂ થઈ ગયું. આપના ચહેરાનું અને કપાળનું ગોશ્ત આપની દાઢી પર લટકવા લાગ્યું, એટલે સુધી કે છરી પણ તૂટી ગઈ.

હાનીએ ઝપટ મારીને એક સિપાહીની તલવાર ઝૂંટવી લીધી, પરંતુ એવામાં એક સિપાહીએ તેમને મજબૂત રીતે પોતાની પકડમાં લઈ લીધા, અને ઈબ્ને ઝિયાદે બુલંદ અવાજમાં પોકારીને કહ્યું, તેને ગિરફતાર કરી દો. તે હાનીને ઘસડતો ઘસડતો દારુલ ઈમારાના એક કમરામાં લઈ ગયો. અને દરવાજો બંધ કરી દીધો. ઈબ્ને ઝિયાદના હુકમથી તેમની હિફાઝત માટે કેટલાક સિપાહીઓ મુકર્રર કરી દીધા.

એ જ સમયે અસ્માઅ બિન ખારેજા અથવા (એક કોલ મુજબ) હિસાન બિન અસ્માઅ પોતાની જગ્યાએથી ઉઠ્યા અને કહ્યું, અય અમીર ! તમે અમને હુકમ આપ્યો કે હાનીને તમારી પાસે લઈ આવો અને જ્યારે અમે તેમને તમારી પાસે લઈ આવ્યા તો તમે તેમનું મોઢું તોડી નાખ્યું, અને તેમની દાઢીને ખૂનથી રંગીન કરી દીધી અને હવે એવું ગુમાન કરો છો કે તેમને કતલ કરી દેશો ? આ સાંભળીને ઈબ્ને ઝિયાદે ગઝબનાક થઈને કહ્યું કે તમે પણ અમારી પાસે જ છો. અને પછી હુકમ આપ્યો કે તેને એટલો મારો કે તે ચૂપ થઈ જાય. પછી એને બાંધીને દારુલ ઈમારાના એક ખૂણામાં કેદ કરી દીધો. જ્યારે તેમણે પોતાની ઝાતને આવી હાલતમાં જોઈ તો કહ્યું, ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઊન. જાણે કે તેમને હાનીની એ વાત યાદ આવી ગઈ કે જે તેમણે દારુલ ઈમારામાં દાખલ થતાં પહેલાં કહી હતી. જેવી રીતે

ઉમરૂ બિન હિજાજ કે જેની બેટી (રવીહા) હાનીની બીબી હતાં, તેમને હાનીના કતલ થવાની વાત મળી તો તે પોતાના તમામ કબીલાવાળાઓની સાથે આવ્યાં અને દારુલ ઈમારાનો ઘેરો ઘાલ્યો અને અવાજ આપ્યો કે હું ઉમરૂ બિન હિજાજ છું અને મારી સાથે મઝહજ કબીલાના બુઝુર્ગો છે. અમે ન તો બાદશાહની ઈતાઅત કરવાથી મોઢું ફેરવ્યું છે કે ન તો મુસલમાનોની જમાઅતથી જુદા થયા છીએ, બલ્કે સાંભળ્યું છે કે તમે અમારા કબીલાના સરદાર હાનીને કતલ કર્યા છે ?

ઈબ્ને ઝિયાદ, એમના આ રીતે ભેગા થવાથી અને તેમની વાતચીતથી વાકેફ થયો તો તેણે કાઝી શરઈને હુકમ આપ્યો કે જાઓ, હાનીને જુઓ અને તેના કબીલાવાળાઓને હાનીના જીવતા હોવાની ખબર આપો. શરઈ ગયો અને તેમને કહ્યું કે હાનીને કતલ કરવામાં આવ્યા નથી, તો મઝહજ કબીલાના લોકો તેની આવી ખબર સાંભળીને રાજી થઈને પાછા ચાલ્યા ગયા.

**મુસ્લિમ બિન અકીલ (અ.)નો કયામ :**

જ્યારે હાનીના કતલ થવાની ખબર મુસ્લિમ બિન અકીલ (અ.) સુધી પહોંચી તો મુસ્લિમ બિન અકીલ પોતાના તમામ સાથીઓની સાથે, કે જેઓ તેમની બૈઅત કરી ચૂકયા હતા, ઈબ્ને ઝિયાદ સાથે જંગ કરવા માટે ઘરમાંથી બહાર નીકળ્યા. ઈબ્ને ઝિયાદે દારુલ ઈમારામાં પનાહ લીધી, અને તેના દરવાજા બંધ કરી દીધા. અને ત્યાર પછી ઈબ્ને ઝિયાદના સાથીઓ અને મુસ્લિમ બિન અકીલ (અ.)ના સાથીઓની વચ્ચે જંગ શરૂ થઈ ગયો, અને તે લોકો કે જેઓ ઈબ્ને ઝિયાદની સાથે દારુલ ઈમારામાં હતા, તે બધા દારુલ ઈમારાની છત પર ગયા, અને તેમણે મુસ્લિમ બિન અકીલના સાથીઓને શામથી આવનારી ફોજોની ધમકી આપવાનું શરૂ કરી દીધું. આવી રીતે લડતાં લડતાં રાત પડી ગઈ. મુસ્લિમ બિન અકીલના સાથીઓ ધીરે ધીરે વિખરવા લાગ્યા, અને એકબીજાને કહેવા લાગ્યા કે આપણે શા માટે નકામા આપણી ઝાતને ફિત્નાની આગમાં નાખીએ ? બહેતર તો એ છે કે પોત પોતાના ઘરોમાં જઈને બેસી જઈએ, અને મુસ્લિમ અને ઈબ્ને ઝિયાદને તેમના હાલ પર છોડી દઈએ, એટલે સુધી કે અલ્લાહ એમની વચ્ચે સુધારણા કરી દે. આવું કહીને બધા જ લોકો ચાલ્યા ગયા. દસ વ્યક્તિઓ મુસ્લિમની સાથે બાકી રહ્યા.

આ સમય દરમિયાન મુસ્લિમ મસ્જિદમાં નમાઝ પઢવા માટે આવ્યા તો તે દસ માણસો પણ સાથ છોડીને ચાલ્યા ગયા. જ્યારે મુસ્લિમ (અ.)એ આવી પરિસ્થિતિ જોઈ તો મસ્જિદમાંથી એકલા ગરીબુલ વતનીની હાલતમાં બહાર આવ્યા, અને કૂફાની ગલીઓમાં ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં તૌઆ નામની સ્ત્રીના ઘરના દરવાજાની સામે પહોંચ્યા, અને તેની પાસે પાણી માગ્યું, તો તે સ્ત્રીએ પાણી લાવીને આપ્યું. મુસ્લિમે પાણી પીધું. ત્યાર પછી મુસ્લિમ (અ.)એ પનાહની માગણી કરી. તે જ સ્ત્રીએ પોતાના ઘરમાં પનાહ આપી દીધી. પરંતુ તેના બેટાએ આ બાતમી ઈબ્ને ઝિયાદ સુધી પહોંચાડી દીધી.

ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે મોહંમદ બિન અશઅસને બોલાવ્યો, અને તેને એક લશ્કરની સાથે મુસ્લિમ (અ.)ને ગિરફતાર કરવા માટે મોકલ્યો. જ્યારે તે લોકો તે સ્ત્રીના ઘરની નજીક પહોંચ્યા અને મુસ્લિમે ઘોડાની ખરીઓની અવાજ સાંભળ્યો તો ઝિરહ પહેરીને અને પોતાના ઘોડા પર સવાર થઈને તેમની સાથે મુકાલબો શરૂ કરી દીધો અને તેમની મોટી સંખ્યાને હલાક કરી દીધી. મોહંમદ બિન અશઅસે બુલંદ અવાજમાં કહ્યું, અય મુસ્લિમ ! તમે અમારા અમાનમાં છો.

મુસ્લિમે કહ્યું, દગાબાજો ! ફાસિક અને ફાજિર લોકોની અમાન કોઈ અમાન હોતી નથી. ત્યાર પછી ફરીથી જંગ લડવામાં મશગૂલ થઈ ગયા, અને રજઝના વિષય ઉપર શાયર હમરાન બિન માલિક ખશઈના અશ્આર પઢ્યા. (ભાષાંતર)

(અલ્લાહની કસમ, હું માર્યો નહીં જાઉં, પરંતુ આઝાદીની હાલતમાં. અગર મારે મોતનો જામ કડવાશ અને સખ્તીની સાથે જ કેમ પીવો ન પડે. હું એ બાબતને પસંદ કરતો નથી કે મને દગાથી ગિરફતાર કરવામાં આવે. એવી જ રીતે હું એ પણ પસંદ કરતો નથી કે હું ઠંડા મીઠા પાણીને કડવા પાણીની સાથે ભેળવી દઉં. દરેક માણસે એકને એક દિવસે મુશ્કેલીનો સામનો કરવો જ પડે છે, પરંતુ હું તમારા પર મારી તલવારથી હુમલો કરીશ. અને મને તમારી સાથે કોઈ પણ પ્રકારની તકલીફ અને નુકસાનની પરવા નથી.

ઈબ્ને ઝિયાદના લશ્કરે બુંલદ અવાજે પોકાર કર્યો અને કહ્યું, અય મુસ્લિમ ! મોહંમદ બિન અશઅસ તમને જૂઠ્ઠી વાત નથી કહેતો, અને ફરેબ આપી રહ્યો નથી. મુસ્લિમે તેની પરવા ન કરી અને પોતાનો હુમલો ચાલુ રાખ્યો, એટલે સુધી કે તલવારો અને નેઝાઓની અતિશયતાથી તેમનું શરીર થાકી ગયું, અને એક કમીનાએ નેઝાની સાથે પીઠ તરફથી હુમલો કર્યો જેના લીધે આપ ઘોડાના જીનથી જમીન પર નીચે પડી ગયા. એ વખતે આપને ગિરફતાર કરી લેવામાં આવ્યા.

દુશ્મનો જ્યારે આપને ઈબ્ને ઝિયાદની પાસે લઈ ગયા તો મુસ્લિમે તેને સલામ ન કરી. એક સિપાહીએ કહ્યું, અમીરને સલામ કરો. મુસ્લિમે કહ્યું, લા'નત થાય તારા પર, આ મારો અમીર નથી.

ઈબ્ને ઝિયાદે કહ્યું, કંઈ વાંધો નથી, તમે સલામ કરો કે ન કરો તમારે કતલ થવાનું જ છે. મુસ્લિમે કહ્યું, તું મને કતલ કરીશ તો એ કંઈ મોટી વાત નથી, કેમ કે તારાથી વધારે નાપાક વ્યક્તિએ મારાથી વધારે બહેતર વ્યક્તિને કતલ કરેલ છે. અને તેના કરતાંય વધારે અધમ બાબત તો એ છે કે તમે લોકોને બેશરમીથી કતલ કરો છો. જ્યારે તમે દુશ્મન પર વર્ચસ્વ જમાવી દો છો તો તેની સાથે સૌથી વધારે ખરાબ વ્યવહાર કરો છો. તમે જુલ્મ કરવામાં કોઈ કસર રાખતા નથી. હકીકત તો એ છે કે મક્રો ફરેબમાં તમારો કોઈ બરોબરિયો નથી.

ઈબ્ને ઝિયાદે કહ્યું, અય નાફરમાન ફિત્નાગર ! તેં તારા ઈમામ સાથે બગાવત કરી છે, અને મુસલમાનોની એકતા અને સંપના ટુકડે ટુકડા કરી દીધા છે.

મુસ્લિમે કહ્યું, અય ઈબ્ને ઝિયાદ ! તું જૂઠ્ઠું બોલે છે. મુસલમાનોના સંપ અને એકતાને મોઆવિયા અને તેના જ બેટા યઝીદે તબાહ અને બરબાદ કરી દીધી છે અને ફિત્નાને તેં અને તારા બાપ ઝિયાદ બિન ઉબૈદે પેદા કરેલ છે. (ઉબૈદ કબીલો બની ઉલાજનો ગુલામ હતો, અને તેમનો સંબંધ શકીફ સાથે હતો) મને ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા મને શહાદત નસીબ ફરમાવશે. અને આ શહાદત મને બદતરીન વ્યક્તિઓના હાથે મળશે.

ઈબ્ને ઝિયાદે કહ્યું, અય મુસ્લિમ ! તમે સત્તાની હવસમાં આવું કદમ ઉઠાવ્યું છે, પરંતુ અલ્લાહ નથી ઈચ્છતો કે તમને આવું મકામ હાંસિલ થાય, બલ્કે તે મકામ તેમના માટેના પાત્ર લોકોને હવાલે કરી દીધું.

મુસ્લિમે કહ્યું, અય મરજાનાના બેટા ! તારી નજરમાં આ મકામનો હકદાર કોણ હતો ? તેણે કહ્યું, યઝીદ બિન મોઆવિયા. મુસ્લિમે કહ્યું, અલ્હમ્દોલિલ્લાહ ! અમે એ બાબત પર રાજી છીએ કે અલ્લાહ તઆલા અમારી અને તમારી વચ્ચે હાકિમ હોય. ઈબ્ને ઝિયાદે કહ્યું, શું તમે પણ એ બાબતનો દાવો કરો

છો કે આ ખિલાફતમાં તમારો પણ કોઈ હિસ્સો છે ? મુસ્લિમે કહ્યું, અલ્લાહની કસમ, મારો ખયાલ નથી, બલ્કે હું યકીન રાખું છું. ઈબ્ને ઝિયાદે કહ્યું, અય મુસ્લિમ ! મને બતાવો તમે કયા મકસદના માટે આ શહેરમાં આવ્યા છો કે જેની વ્યવસ્થાને તમે વેરણછેરણ કરી દીધી છે ?

મુસ્લિમે કહ્યું, હું ઈખ્તેલાફ અને બળવો કરવા માટે નથી આવ્યો, પરંતુ એટલા માટે કે તમે બૂરા આમાલ કરવા લાગ્યા, અને નેક આમાલને તબાહ કર્યા, અને લોકોની મરજી વગર તેમના ઉપર હાકિમ બની બેઠા છો, અને તેમને અલ્લાહના હુકમ વિરૂધ્ધ ઉશ્કેર્યા છે, અને તેમની સાથે ઈરાન અને રૂમના બાદશાહો જેવો વ્યવહાર કર્યો છે, તેથી અમે એટલા માટે આવ્યા છીએ કે લોકોને નેકીની તરફ દા'વત આપીએ, બૂરાં કાર્યોથી રોકીએ, અને તેમને કુરઆન અને પયગમ્બરે ઈસ્લામ (સ.)ની સુન્નતના તાબેદાર બનાવીએ, અને અમે એ કામ માટે સૌથી વધારે યોગ્યતા ધરાવીએ છીએ.

આ સાંભળીને ઈબ્ને ઝિયાદે આપને બૂરા ભલા કહેવાનું શરૂ કર્યું, અને હઝરત અલી (અ.) અને હઝરત ઈમામ હસન (અ.) અને હુસૈન (અ.)ને ગાળો દેવાનું શરૂ કરી દીધું.

મુસ્લિમે કહ્યું, તું અને તારો બાપ આ ગાળો માટે વધારે હકદાર છે, અય દુશ્મને ખુદા ! તું જે કંઈ પણ કરવા ઈચ્છતો હોય તે કર.

**હઝરત મુસ્લિમ (અ.) અને હઝરત હાની (અ.)ની શહાદત :**

ઈબ્ને ઝિયાદે બકર બિન હમરાનને હુકમ આપ્યો કે મુસ્લિમને દારુલ ઈમારાની છત ઉપર લઈ જાઓ, અને તેમને કતલ કરી દો. મુસ્લિમ રસ્તામાં અલ્લાહની તસ્બીહ પઢતા રહ્યા, અને અલ્લાહ તઆલાથી મગ્ફેરતની દુઆ કરતા રહ્યા, અને હઝરત મોહંમદ વ આલે મોહંમદ (સ.) પર દુરૂદ મોકલતા રહ્યા, અને જ્યારે છત ઉપર પહોંચ્યા તો જાલિમે મુસ્લિમના શરીરથી સરને જુદું કરી નાખ્યું, અને તેમના મુબારક ધડને દારુલ ઈમારાની છત ઉપરથી નીચે ફેંકી દીધું. ઈબ્ને ઝિયાદે કહ્યું, તમને શું થઈ ગયું છે ?

તો એ કાતિલે જવાબ આપ્યો કે જ્યારે હું મુસ્લિમને કતલ કરી રહ્યો હતો ત્યારે એક કાળા ચહેરાવાળો બદસૂરત પુરુષ મેં જોયો કે જે મારી સામે ઊભો હતો, અને પોતાની આંગળીઓને પોતાના દાંતોથી ચાવી રહ્યો હતો. હું તેને જોઈને એટલો બધો ગભરાઈ ગયો કે આવી રીતે તો મારું દિલ કદી ગભરાયું ન હતું.

ઈબ્ને ઝિયાદે કહ્યું, કદાચ મુસ્લિમના કતલ કરવાથી તારા ઉપર આવી દહેશત પેદા થઈ ગઈ છે. તેના પછી હુકમ આપ્યો કે હાનીને લાવવામાં આવે. તેમને કતલ કરવા માટે ઈબ્ને ઝિયાદની પાસે લાવવામાં આવ્યા તો આ સમય દરમિયાન હાની કહી રહ્યા હતા. મારો કબીલો ક્યાં છે ? અને મારા રિશ્તેદાર ક્યાં છે ? જલ્લાદે કહ્યું, તમારી ગરદન આગળ લાવો. હાનીએ કહ્યું, અલ્લાહની કસમ, મારા કતલમાં હું તને મદદ નથી કરી શકતો. ઈબ્ને ઝિયાદનો ગુલામ કે જેને રશીદ કહેવાય છે, તેણે તલવાર દ્વારા હાનીને કતલ કરી દીધા.

હઝરત હાની અને હઝરત મુસ્લિમની શહાદતના સિલસિલામાં અબ્દુલ્લાહ બિન ઝુહૈર અસદીએ આ મરસિયો પઢ્યો છે : આ મરસિયાને કહેવાવાળા શાયર એક કોલ પ્રમાણે ફર્ઝદક છે, અને કેટલાકે કહ્યું છે કે સુલયમાન હનફી છે.

અશ્આરનો તરજુમો : અય મઝહજ કબીલાવાળાઓ ! અગર નથી જાણતા કે મોત શું છે તો કૂફાના બજારમાં મુસ્લિમ અને હાનીને જોવા માટે આવો. આ એક એવો બહાદુર મર્દ છે કે જેના ચહેરાને તલવારોએ જખમી કર્યો છે, અને બીજો એવો બહાદુર મર્દ છે કે જેમને કતલ કર્યા પછી કિલ્લાની છત

ઉપરથી નીચે નાખી દેવામાં આવ્યા છે. ઈબ્ને ઝિયાદે તેમને કેદ કર્યા અને બીજી સવારથી લોકોના માટે એક દાસ્તાન બની ગઈ. અને તમે એવા ધડને જુઓ કે મોતે જેના રંગને બદલી નાખ્યો છે, અને જેનું ખૂન રસ્તામાં વહી રહ્યું છે. એવો જવાંમર્દ કે જે શરમવાળી સ્ત્રીઓ કરતાં ય વધારે શરમાળ છે. જે બેધારી ધાર કાઢેલી તલવારથી પણ તેજ કાપવાવાળી છે.

શું અસ્માઅ બિન ખારેજા કે જેમણે હાનીને ઈબ્ને ઝિયાદની સામે રજૂ કર્યા હતા, તે ઘોડા પર સવાર થયા અને તેમના કતલ થવાથી અમાનમાં રહ્યા ? જો કે મઝહજ કબીલાવાળા તેનાથી હાનીના ખૂનના તલબગાર છે તો એ વખતે મુરાદ કબીલાના લોકો હાનીના ફરતાં ચક્કર લગાવી રહ્યા હતા, અને એકબીજાને તેમની હાલત વિષે પૂછી રહ્યા હતા, અને તેમના માટે ચિંતાગ્રસ્ત હતા.

અય સરાદ કબીલાવાળાઓ ! અગર તમે તમારા ભાઈ હાનીના ખૂનનો બદલો ન લો તો તમારી મિસાલ સ્ત્રીઓના જેવી છે કે જે થોડા પૈસામાં પોતાની આબરૂ વેચવા માટે તૈયાર થઈ જાય છે.

ઈબ્ને ઝિયાદે મુસ્લિમ બિન અકીલ અને હાની બિન ઉર્વાની શહાદતના બારામાં યઝીદને ખબર આપી. થોડાક જ દિવસો પછી તેનો જવાબ આવ્યો કે જેમાં તેણે ઈબ્ને ઝિયાદના આ અમલનો શુક્રિયા અદા કર્યો, અને લખ્યું હતું કે મેં સાંભળ્યું છે કે ઈમામ હુસૈન (અ.) તમારી તરફ કૂફા આવી રહ્યા છે, પરંતુ આ વખતે તમારે લોકો સાથે સખ્તીથી વર્તવું જોઈએ, અને તેમનાથી બદલો લેવો જોઈએ, અને અગર કોઈની બાબતમાં વિરોધનો વહેમ અને વિચાર પણ હોય તો તેને તરત જ કેદખાનામાં નાખી દો.

**ઈમામ હુસૈન (અ.)ની ઈરાક તરફ રવાનગી :**

ઈમામ હુસૈન (અ.) ૩, ઝિલ્હજ, મંગળવારના દિવસે, અને એક કોલ પ્રમાણે આઠમી ઝિલ્હજ, બુધવારના દિવસે હિ.સ.૬૦, મુસ્લિમની શહાદતની જાણકારી મેળવ્યા પહેલાં મક્કાથી રવાના થઈ ચૂક્યા હતા. જે દિવસે ઈમામ હુસૈન (અ.) મક્કાથી નીકળ્યા એ જ દિવસે મુસ્લિમની શહાદત થઈ હતી. રિવાયતમાં છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) મક્કાથી ઈરાક રવાના થવા લાગ્યા તો આપે લોકોની સામે આવો ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો :

ભાષાંતર : અલ્લાહ તઆલાની હમ્દો સના અને રસૂલલ્લાહ (સ.) પર દુરૂદો સલામ પછી ફરમાવ્યું, મોત બની આદમના માટે એવી રીતે ઝીનત (શોભા)નું કારણ છે કે જેવી રીતે યુવાન સ્ત્રીના ગળામાં હાર ઝીનતનું કારણ હોય છે. હું મારા બાપદાદાઓની ઝિયારતનો અત્યંત મુશ્તાક છું, જેવી રીતે કે હઝરત યાકૂબ (અ.) હઝરત યૂસુફ (અ.)ની ઝિયારતના મુશ્તાક હતા..... મારા કતલ થવાની જગ્યા નક્કી થઈ ચૂકી છે, અને મારે ચોક્કસપણે ત્યાં પહોંચવાનું છે. જાણે કે હું જોઈ રહ્યો છું કે જે જંગલમાં ભૂખ્યાં વરૂઓ નવાવીસ અને કરબલાની વચ્ચે મારા શરીરના ટુકડે ટુકડા કરી રહ્યા છે, જેથી તેઓ પોતાના ભૂખ્યાં પેટ ભરી લે, અને પોતાની ખાલી જોળીને તેનાથી ભરી દે, અમે અહલેબૈત પણ તેના પર રાજી હોઈએ છીએ. અને જે અલ્લાહ તરફથી બલા નાઝિલ થાય છે, અમે તેના ઉપર સબ્ર અને શુક્ર કરીએ છીએ. અલ્લાહ તઆલા અમને સબ્ર કરવાવાળાઓનો અજ્ર અતા કરશે.

અમે પયગમ્બરે ખુદા (સ.)ના જિસ્મના ટુકડા છીએ, અને તેમનાથી અલગ નથી. અને જન્નતમાં તેમની સાથે હોઈશું અને અમર વસીલાથી રસૂલલ્લાહ (સ.)ની ખુશનૂદી હાંસિલ થાય છે. અને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ (સ.)થી જે વાયદો કર્યો છે તેને પૂરો કરશે. જે પણ અમારી સાથે અલ્લાહ ખાતર કુરબાન થવા માટે તૈયાર છે, અને અલ્લાહના દીદારનો મુશ્તાક છે, તે અમારી સાથે ચાલ્યો આવે, કેમ કે અલ્લાહ તઆલાની મદદથી અમે કાલે સવારે મક્કાથી રવાના થઈ જઈશું.

અબૂ જાફર મોહંમદ બિન જરીર તબરી ઈમામી પોતાની કિતાબ (દલાઈલ ઈમામા)માં પોતાની રિવાયત કરે છે કે અબૂ મોહંમદ વાકદી અને ઝરારા બિન હલ્જ કહે છે કે અમે ઈમામ હુસૈન (અ.) સાથે ઈરાકની તરફ રવાના થવાના પહેલાં મુલાકાત કરી અને કૂફીઓની સુસ્તીની બાબતમાં ઈમામને વાકેફ કર્યા, અને તેમની ખિદમતમાં અરજ કરી કે કૂફીઓનાં દિલ આપની સાથે છે, પરંતુ તેમની તલવારો આપને કતલ કરવા માટે તત્પર છે. ઈમામ હુસૈન (અ.)એ પોતાના હાથ મુબારકથી આસમાનની તરફ ઈશારો કર્યો તો આસમાનના દરવાજા ઊઘડી ગયા અને ખૂબ સંખ્યામાં ફરિશ્તાઓ, કે જેમની સંખ્યા અલ્લાહના સિવાય કોઈ નથી જાણતું, ઈમામ (અ.)ની ખિદમતમાં નાઝિલ થયા. તેના પછી ફરમાવ્યું,

જો અલ્લાહ તઆલાની ઈચ્છા ન હોત કે મારું શરીર કરબલાની જમીનની નજીક હોય, અને મને મારી શહાદતના અજ્રને બરબાદ થવાનો ખોફ ન હોત તો હું ઈલાહી લશ્કરની મદદથી મારા દુશ્મનો સામે જંગ કરત, પરંતુ મને યકીન છે કે મારા બેટા અલી ઈબ્ને હુસૈન (અ.) સિવાય મારા અને મારા તમામ સાથીઓની કત્લગાહ કરબલા છે.

મોઅમ્મર બિન મુસન્ની પોતાની કિતાબ (મક્તલુલ હુસૈન (અ.))માં રિવાયત નકલ કરે છે, જેવો તરવિયાનો દિવસ આવ્યો કે તરત જ ઉમર બિન સઅદ બિન આસ પોતાના મોટા લશ્કરની સાથે મક્કામાં દાખલ થયો કે જેને યઝીદે નિયુક્ત કર્યો હતો કે અગર તું તેમને કતલ કરી શકતો હોય તો કરી દેજે, અને જો તે તારાથી જંગ કરે તો તું પણ એમની સાથે જંગ કરજે, પરંતુ ઈમામ હુસૈન (અ.) એ જ દિવસે મક્કાથી રવાના થઈ ગયા.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે જે રાતની સવારે ઈમામ હુસૈન (અ.) મક્કાથી રવાનગીનો ઈરાદો રાખતા હતા, એ જ રાતે મોહંમદ બિન હનફીયા ઈમામ (અ.)ની ખિદમતમાં હાજર થયા અને કહ્યું, ભાઈજાન ! આપ જાણો છો કે જે કૂફીઓએ આપના બાપ અને ભાઈને ફરેબ આપ્યો, મને ડર છે કે તેઓ આપની સાથે પણ ક્યાંક એવો જ વ્યવહાર ન કરે. અગર આપ બહેતર સમજતા હો તો મક્કામાં જ રહી જાઓ કેમ કે આપ અઝીઝતરીન વ્યક્તિઓમાંથી છો.

તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, કે મને ડર છે કે યઝીદ બિન મોઆવિયા મને ક્યાંક અલ્લાહના હરમમાં કતલ ન કરાવી દે અને મારા કતલને કારણે બૈતુલ્લાહની હુર્મત પાયમાલ થઈ જાય. મોહંમદ બિન હનફીયાએ કહ્યું, અગર એ બાબતનો ડર હોય તો પછી આપ યમનની તરફ હિજરત કરી જાઓ, કેમ કે ત્યાં આપની કદર કરવાવાળા હશે, અને આવી રીતે આપના સુધી યઝીદની પહોંચ પણ ન થઈ શકે, અથવા તો આપ કોઈ રણપ્રદેશ કે જંગલમાં ચાલ્યા જાઓ અને ત્યાં જ રહો. તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, હું તમારા આ અભિપ્રાય ઉપર વિચાર કરીશ.

### હુસૈની કાફલાની મક્કાથી રવાનગી :

અડધી રાતનો સમય હતો. ઈમામ હુસૈન (અ.) મક્કાથી રવાના થયા, અને જેવી આ ખબર મોહંમદ હનફીયાને મળી તો તેમણે આવીને ઈમામ (અ.)ના ઊંટની દોરી પકડી લીધી અને અરજ કરી, અય ભાઈજાન ! શું આપે નહોતું કહ્યું કે હું આ બાબતમાં એ પ્રમાણે કરીશ ? આપ (અ.)એ કહ્યું, હા. તો તેમણે પૂછ્યું, તો પછી આપ જવા માટે શા માટે આટલી જલ્દી કરી રહ્યા છો ?

તો ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, તમારા જવા પછી મને નાના રસૂલ (સ.)ની સપનામાં ઝિયારત થઈ તો તેમણે ફરમાવ્યું, યા હુસૈન ! ઉખ્રુજ એલલ ઈરાક ફ ઈન્નલ્લાહ કદ સાઅ અન યરાક

કતીલા. (અય હુસૈન ! તમે ઈરાકની તરફ રવાના થઈ જાઓ, અલ્લાહની મશિય્યત (ઈચ્છા) એમાં છે કે તમને કતલ કરવામાં આવે.)

મોહંમદ હનફીયાએ કહ્યું, ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઊન. આપ જ્યારે કતલ થવા માટે જઈ રહ્યા છો તો પછી રસૂલલ્લાહ (સ.)ના હરમને બીબીઓને પોતાની સાથે શા માટે લઈ જાઓ છો ?

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું કે મને રસૂલલ્લાહ (સ.)એ ખબર આપી છે કે ઈન્નલ્લાહ કદ શાઅ અન યરાહુન સબાયા) કે અલ્લાહની મશિય્યત એમાં છે કે તમને અસીર જુએ. ત્યાર પછી મોહંમદ હનફીયા રૂખ્સત થઈને ચાલ્યા ગયા.

મોહંમદ બિન યાકૂબ કુલૈની (રહે.અ.) પોતાની કિતાબ (રસાઈલ)માં હમઝા બિન હમરાનથી નકલ કરે છે. તેમણે ફરમાવ્યું, હું એક મજલિસમાં ઈમામ હુસૈન (અ.)ની રવાનગી અને મોહંમદ બિન હનફીયાનું એમની સાથે ન જવાના વિષયમાં વાતચીત કરી રહ્યો હતો જ્યારે કે એ વખતે મજલિસમાં ઈમામ જાફર સાદિક (અ.) પણ તશરીફ ફરમાવી રહ્યા હતા, તો તેમણે મને કહ્યું, અય હમઝા ! તમારા માટે હું એક હદીસ બયાન કરું છું કે તેના પછી મારાથી મોહંમદ બિન હનફીયાની બાબતમાં કોઈ સવાલ ન કરવો, અને તે હદીસ આ છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) મક્કાથી રવાના થવા લાગ્યા તો તેમણે એક કાગળ માગ્યો અને તેના ઉપર લખ્યું :

બિસ્મિલ્લાહિર રહમાનીર રહીમ

હુસૈન બિન અલી (અ.) તરફથી બની હાશિમના કબીલા તરફ

અમ્મા બા'દ જે પણ મારી સાથે ચાલશે તે શહીદ થશે, અને જે મારી સાથી નહીં જાય તે કામયાબ નહીં થાય, વસ્સલામ.

**ફરિશ્તાઓનું ઈમામ હુસૈન (અ.)ની મદદ માટે આવવું :**

શેખ મુફીદ મોહંમદ બિન નોઅમાન પોતાની કિતાબ (મૌલૂદ અન્નબી વ મૌલૂદુલ અવસિયા)માં પોતાની મો'તબર સનદના હવાલાથી ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરે છે. જ્યારે ઈમામ હુસૈન (અ.)એ મક્કાથી હિજરત કરી તો ફરિશ્તાઓની જમાઅતો કે જેમણે રસૂલલ્લાહ (સ.)ની મદદ કરી હતી, એવી હાલતમાં કે તેમના હાથોમાં હથિયારો હતાં અને બેહિશ્તી ઘોડાઓ પર સવાર હતા, હઝરત (અ.)ની ખિદમતમાં હાજર થયા, સલામ પછી અરજ કરી, અય હુજ્જતે ખુદા ! પરવરદિગારે આલમે ઘણા જંગોમાં અમારા માધ્યમથી આપના જદ્દે અમ્જદ રસૂલલ્લાહ (સ.)ની મદદ કરી હતી. હવે અમને આપની મદદ માટે મોકલ્યા છે.

ઈમામ હુસૈન (અ.)એ ફરિશ્તાઓને ફરમાવ્યું, મારી અને આપની વાયદાની જગ્યા કરબલા છે કે હું તે જગ્યાએ કતલ કરવામાં આવીશ. જ્યારે હું કરબલા પહોંચીશ તો એ વખતે મારી પાસે આવજો. તો ફરિશ્તાઓએ અરજ કરી કે અમે અલ્લાહ તઆલા તરફથી નિયુક્ત થયેલા છીએ કે આપના ફરમાનની ઈતાઅત કરીએ. અગર આપને દુશ્મનોથી ડર હોય તો અમે આપની ખિદમતમાં રહીએ. ઈમામ (અ.)એ ફરમાવ્યું, જ્યાં સુધી હું કરબલા ન પહોંચી જાઉં, ત્યાં સુધી તેઓ મને તકલીફ પહોંચાડી શકતા નથી.

**મોમિન જિન્નાતનું ઈમામ હુસૈન (અ.)ની મદદ માટે આવવું :**

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં મોમિન જિન્નાતનું એક ટોળું આવ્યું, અને તેમણે અરજ કરી કે અમે આપના શીઆ અને આપને સાથ આપનારા છીએ. જે પણ આપ ઈચ્છો તે હુકમ

અમને ફરમાવો. કદાચ આપ દીનના કોઈ દસ્તૂરનો હુકમ આપો તો અમે આપના તમામ દુશ્મનોને નિસ્તો નાબૂદ કરી દઈએ, અને આપ પોતાના વતનમાં જ રહો.

ઈમામ હુસૈન (અ.)એ તેમના હકમાં દુઆ કરી અને તેમને ફરમાવ્યું, શું તમે કુરઆન પઢ્યું નથી કે જે મારા જદ્દે અમ્જદ રસૂલલ્લાહ (સ.) પર નાઝિલ થયું છે ? કે જેમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે લોકોને કહો, અગર તમે પોતાના ઘરોમાં બેઠેલા રહો તો જેના મુકદ્દરમાં કતલ થઈ જવાનું લખેલું છે, તે જરૂર પોતાની કબરો સુધી પહોંચી જશે, તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, મદીનામાં રહેવાનો કોઈ ફાયદો નથી બસ અગર હું મારા ઘરમાં રહું તો એ દુશ્મનોનું ઈમ્તેહાન અલ્લાહ તઆલા કઈ વસ્તુથી લેશે ? અને મારી કબરમાં કોણ જશે ?

હકીકતમાં જે દિવસે અલ્લાહ તઆલાએ જમીનનું ફર્શ બિછાવ્યું તો તેણે સરઝમીને કરબલાને મારા માટે પસંદ કરી, અને અમારા શીઆઓ અને દોસ્તોની પનાહગાહ બનાવી દીધી. અને તેમના આમાલ અને તેમની દુઆઓને આ જગ્યાએ કબૂલ ફરમાવશે. અમારા શીઆ ત્યાં આબાદ થશે, અને તેમના માટે દુનિયા અને આખેરતમાં અમાન હશે, પરંતુ તમે શનિવારના દિવસે કે જે આશૂરાનો દિવસ છે, મારી પાસે આવજો.

અને એક બીજી રિવાયતમાં છે કે હઝરત (અ.)એ તેમને ફરમાવ્યું કે તમે લોકો જુમ્આના દિવસે આવજો કે હું એ દિવસે અસ્રના સમયે કતલ કરી દેવામાં આવીશ. અને મારા રિશ્તેદારો અને ભાઈઓમાંથી કોઈ પણ બાકી નહીં રહે, અને અમારા સરોને યઝીદની પાસે લઈ જવામાં આવશે.

એ દિવસે મારી પાસે આવજો.

તો જિન્નાતોએ અરજ કરી, અલ્લાહની કસમ, અગર આપના હુકમની ઈતાઅત અમારા ઉપર વાજિબ ન હોત તો આપની પરવાનગી વગર, એ પહેલાં કે તેઓ આપને કોઈ કષ્ટ પહોંચાડતા તો આપના તમામ દુશ્મનોને નિસ્તો નાબૂદ કરી દેતા. ઈમામ (અ.)એ ફરમાવ્યું, અલ્લાહની કસમ, અમે તેમને કતલ કરવાની વધારે કુદરત ધરાવીએ છીએ. પરંતુ અમારો મકસદ તો તેમના ઉપર હુજ્જત તમામ કરવાનો છે, જેથી જે પણ હલાક થાય તે દલીલની સાથે હલાક થાય, અને જે ભલાઈએ પહોંચે તે પણ દલીલની સાથે.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ પોતાની સફરને ચાલુ રાખી, એટલે સુધી કે મંઝિલે તનૂઈમ સુધી પહોંચી ગયા તો તે જગ્યાએ આપની મુલાકાત એક કાફલા સાથે થઈ કે જે યમન, બહરૈન યસારના વાલી તરફથી યઝીદ માટે હદિયોને લઈ જઈ રહ્યો હતો, કેમ કે મુસલમાનોનાં કાર્યોના હકીકી હાકિમ તો ઈમામ હુસૈન (અ.) જ હતા તેથી તેમણે એ કાફલાવાળાઓ પાસેથી એ હદિયો લઈ લીધો અને ઊંટોના માલિકોને ફરમાવ્યું કે તમારામાંથી જે પણ ઈચ્છે, અમારી સાથે ઈરાક સુધી ચાલે અમે તેનું ભાડું અદા કરી દઈશું. અને તેની સાથે સારો વ્યવહાર કરીશું. અને જે માણસો યમન પાછા જવા ઈચ્છતા હોય અમે તેમને અહીં સુધીનું ભાડું આપીશું. તેમનામાંથી કેટલાક લોકો ઈમામ (અ.)ની સાથે જવા માટે તૈયાર થઈ ગયા. કેટલાક લોકો પાછા ચાલ્યા ગયા અને પછી ત્યાંથી કૂચ કરીને મંઝિલે ઝાત ઈરાક પર પહોંચ્યા તો તે જગ્યાએ બશીર બિન ગાલિબ સાથે મુલાકાત થઈ કે જેઓ ઈરાકથી આવી રહ્યા હતા અને તેમને પૂછ્યું કે ઈરાકના લોકોના શું સમાચાર છે ? જવાબ આપ્યો કે તેમનાં દિલ આપની સાથે છે, અને તેમની તલવારો બની ઉમય્યાની મદદ કરશે.

હઝરત (અ.)એ ફરમાવ્યું, તમે સાચું કહ્યું, અલ્લાહ તઆલા જે ઈચ્છે છે, તેવું જ થાય છે, અને જેનો ઈરાદો કરે છે, તેના હુકમ કરે છે.

કાફલો રવાના થયો. બપોરના સમયે મકામે સલ્બીયા પર પહોંચ્યો તો આપને ઊંઘ આવી ગઈ. એક ક્ષણ પછી જાગી ગયા તો ફરમાવ્યું. કે મેં હાતિફે ગૈબીને એવું કહેતો સાંભળ્યો છે કે આપ ખૂબ જલ્દીથી જઈ રહ્યા છો, અને મોત આપને બેહિશ્તની તરફ જલ્દીથી લઈ જઈ રહ્યું છે. આપના ફરઝંદ અલી અકબરે કહ્યું, યા અબત ફલસ્ના અલલ હક્ક ? (અય બાબાજાન ! શું આપણે હક પર નથી ?) ફરમાવ્યું, કેમ નહીં ? અલ્લાહની કસમ, આપણે હક પર છીએ. તો અલી અકબરે કહ્યું, ઈઝનો લા નોબાલી બિલ્મૌત – (તો પછી આપણને મોતની શું પરવા હોય ?) ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અય મારી આંખોના નૂર ! અલ્લાહ તમને જઝાએ ખૈર આપે. એ રાત્રે આપે મકામે સલ્બીયા પર જ રોકાણ કર્યું.

**ઈમામ હુસૈન (અ.)ની અબાહરા સાથે મુલાકાત :**

સુબ્હના અવ્વલ સમયે એક માણસ કે જેની કુન્નિયત અબાહરા હતી, તે કૂફાથી આવ્યો અને તેણે હઝરતની ખિદમતમાં સલામ કરી અને કહેવા લાગ્યો, અય ફરઝંદે રસૂલલ્લાહ ! એવું શું કારણ છે કે આપે અલ્લાહના હરમને અને આપના નાનાના હરમને છોડ્યું ?

હઝરતે ફરમાવ્યું, અય અબાહરા ! બની ઉમય્યાએ મારો માલ લૂંટી લીધો તો મેં સબ્ર કર્યો, મને ગાળો આપી તો મેં બરદાશ્ત કરી, પરંતુ હવે તેઓ મારું ખૂન વહાવવા માગે છે, તેથી ત્યાંથી હિજરત કરી છે. અલ્લાહની કસમ, આ માણસો મને જરૂર કતલ કરશે, પરંતુ અલ્લાહ તઆલા તેમને ઝલીલ અને બદનામ કરશે અને તેજ તલવારની સાથે તેમનો બદલો લેશે, અને તેમના ઉપર એક એવી વ્યક્તિને નિયુક્ત કરશે કે જે તેમને કૌમે સબાથી વધારે ઝલીલ કરશે કે જેમના ઉપર એક સ્ત્રીને નિયુક્ત કરી હતી કે જે તેમના ખૂન અને માલમાંથી જે ઈચ્છતી હતી, તેવો હુકમ કરતી હતી. આટલું કહીને ઈમામ ત્યાંથી રવાના થઈ ગયા.

**ઝુહૈર બિન કૈનનું ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં આવવું :**

કબીલા બની ફઝારા અને કબીલા બની બજીલાના કેટલાક લોકોએ નકલ કર્યું છે : અમે ઝુહૈર બિન કૈનની સાથે મક્કાથી રવાના થયા, અને ઈમામ હુસૈન (અ.)ના કાફલાની પાછળ પાછળ ચાલતા રહ્યા, એટલે સુધી કે અચાનક ઈમામ (અ.)ના કાફલા સાથે મુલાકાત થઈ ગઈ, પરંતુ ઝુહૈર એવું ઈચ્છતા નહોતા કે તેઓ ઈમામ (અ.)ની સાથે મુલાકાત કરે, તેથી જે જગ્યાએ ઈમામ રોકાતા હતા તો અમે લોકો તેમનાથી થોડેક દૂર રોકાતા હતા, એટલે સુધી કે એક દિવસ એવો આવ્યો કે એક જ જગ્યાએ કે જ્યાં ઈમામ હુસૈન (અ.) રોકાયા ત્યાં અમારે પણ મજબૂરીપૂર્વક રોકાવું પડ્યું. તેથી જ્યારે અમે ખાવાનું ખાવામાં વ્યસ્ત હતા ત્યારે એક માણસે ઈમામ હુસૈન (અ.)ની તરફથી આવીને, સલામ કરી અને કહેવા લાગ્યો કે અય ઝુહૈર બિન કૈન ! મને ઈમામ હુસૈન (અ.)એ મોકલ્યો છે કે જેથી તમને બોલાવી લાવું. ઈમામ (અ.)નો આવો પયગામ સાંભળીને અમારા બધાના હાથોમાંથી કોળિયા નીચે પડી ગયા, અને અમે લોકો ઊંડી ચિંતામાં ડૂબી ગયા, જાણે કે માથા ઉપર પક્ષીઓ બેસી ગયાં ન હોય.

ઝુહૈરની ઝૌજા (વૈલમ બિન્તે અમ્ર)એ કહ્યું, સુબ્હાનલ્લાહ, નવાઈ જેવી વાત છે તમારા માટે કે ફરઝંદે રસૂલ તમને બોલાવે છે અને તમે ન જાઓ ? જો જઈને તેમની વાતો સાંભળી લેશો તો શું થઈ જશે ? ઝુહૈર બિન કૈન પોતાની જગ્યાએથી ઊભા થયા અને ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં પહોંચ્યા. થોડીક ક્ષણો પછી તેઓ ખુશીથી ભરપૂર ચહેરા સાથે પાછા ફર્યા. પછી તેમણે પોતાના સાથીઓને હુકમ કર્યો કે અહીંથી આપણા ખૈમા ઉઠાવો અને ઈમામ હુસૈન (અ.)ના ખૈમાઓની નજીક ગોઠવી દો અને

પોતાની ઝૌજાને કહ્યું, હું તને તલાક આપું છું. એટલા માટે કે હું એ બાબત પસંદ નથી કરતો કે મારા કારણે તારે મુસીબતો વેઠવી પડે. મેં પાકો ઈરાદો કરી લીધો છે કે હું ઈમામ (અ.)ની સાથે રહીશ, અને મારો જીવ તેમના ઉપર કુરબાન કરીશ.

ત્યાર પછી પોતાની ઝૌજાની માલમતા તેને સોંપી દીધી, અને તેને તેના પિત્રાઈ ભાઈઓને સોંપી દીધી જેથી તેઓ તેને તેના નિકટના લોકો સુધી પહોંચાડી દે. ઝૌજા ઝુહૈરની નજીક આવી અને રડવા લાગી અને તેમનાથી વિદાય થતાં કહ્યું, અય ઝુહૈર ! મારી આરઝૂ છે કે જ્યારે તમે કયામતના દિવસે ઈમામ હુસૈન (અ.)ના નાનાની સાથે મુલાકાત કરો તો મને પણ યાદ કરજો. ત્યાર પછી ઝુહૈરે પોતાના સાથીઓને કહ્યું, જે પણ મારી સાથે આવવા માગતો હોય તે મારી સાથે આવે, નહીંતર આ આપણી આખરી મુલાકાત છે.

પછી ઈમામ હુસૈન (અ.) તે મકામથી મકામે ઝબાલા તરફ જવા રવાના થયા, અને ત્યાં પહોંચીને મુસ્લિમ (અ.)ની શહાદતથી વાકેફ થયા. હઝરત (અ.)ના અસ્હાબ પણ આ ખબરથી વાકેફ થયા, અને એ લોકો કે જેઓ ઈમામ હુસૈન (અ.)ની સાથે દુન્યવી સત્તા અને લાલચ ખાતર આવી રહ્યા હતા, તેઓ ઈમામ (અ.)ને છોડીને ચાલ્યા ગયા, અને હઝરત (અ.)ના અહલેબૈત અને વફાદાર અસ્હાબ તેમની સાથે જ રહ્યા. તે મુસ્લિમ (અ.)ની શહાદત પર ઈમામ (અ.) અને તેમના અહલેબૈત અને અસ્હાબ રુદન કરવા લાગ્યા. આંખોમાંથી આંસુ વહેતાં હતાં, પરંતુ ઈમામ હુસૈન (અ.)એ શહાદતના શોખમાં પોતાની સફરને ચાલુ રાખી.

ફર્ઝદક શાયર સફર દરમિયાન ઈમામ (અ.)ની મુલાકાતથી મુશર્રફ થયા. અરજ કરી, અય ફરઝંદે રસૂલલ્લાહ ! જે લોકોએ મુસ્લિમ બિન અકીલ અને તેમના સાથીઓને શહીદ કરી દીધા છે, તેમના ઉપર આપ કેવી રીતે વિશ્વાસ કરી રહ્યા છો ? ઈમામ હુસૈન (અ.)એ રડીને ફરમાવ્યું, અલ્લાહ તઆલા મુસ્લિમની મગ્ફેરત કરે કે જેમણે કાયમી જિંદગી મેળવી લીધી, અલ્લાહ તઆલાના રિઝકથી માલામાલ થયા, અને બેહિશ્તમાં દાખલ થયા. તેમણે અલ્લાહ તઆલાની ખુશનૂદી મેળવી લીધી, અને પોતાના વઝીફાને પૂરો કરી દીધો, પરંતુ મેં હજુ મારા વઝીફાને પૂરો કર્યો નથી. ત્યાર પછી આપે અશઆર પઢ્યા :

તરજુમો : (૧) અગર દુનિયાને ઉમદા અને કિંમતી ગણવામાં આવે તો એ બાબત સર્વમાન્ય છે કે અલ્લાહ તઆલાના અજ્રો સવાબ તેનાથી બુલંદ અને બરતર હશે.

(૨) અગર શરીરોને મરવા માટે પેદા કરવામાં આવ્યાં હોય તો પુરુષ માટે તલવાર દ્વારા રાહેખુદામાં કતલ થઈ જવું અફઝલ હશે.

(૩) જ્યારે કે માણસની રોજીની વહેંચણી અને મુકદ્દર કરી દેવામાં આવ્યાં હોય તો પુરુષનું રોજીના માટે ઓછા ઈર્ષાળુ હોવું સારું છે.

(૪) અને અગર માલને એકઠો કરવો છોડી જવા માટે હોય તો માણસ એના પ્રયત્નમાં કંજૂસાઈ શા માટે કરે કે જેને છોડીને જ જવાનું હોય ?

**કૈસ બિન મસ્હરની શહાદત :**

ઈમામ હુસૈન (અ.)એ સુલયમાન સર્દ ખિઝાઈ, મુસય્યબ બિન નજબા, રફાઅ બિન શદ્દાદ અને કૂફામાં પોતાના કેટલાક દોસ્તોના નામે કૈસ બિન મસ્હર સૈદાવીના માધ્યમથી પત્રો મોકલ્યા. કૈસ જ્યારે કૂફાની નજીક પહોંચ્યા તો તેમની મુલાકાત ઈબ્ને ઝિયાદના એક સિપાહી હસીન બિન નમીરની સાથે થઈ. જ્યારે તેણે તલાશી લેવાનું ઈચ્છ્યું તો કૈસે ઈમામ હુસૈન (અ.)ના પત્રોને બહાર કાઢીને ટુકડે ટુકડા કરી

દીધા. હસીન તેમને ઈબ્ને ઝિયાદની પાસે લઈ ગયો. ઉબૈદુલ્લાહે પૂછ્યું, તું કોણ છે ? તેમણે કહ્યું, હું અલી બિન અબી તાલિબ (અ.) અને તેમની ઓલાદનો શીઆ છું.

તેણે કહ્યું, તેં આ પત્રો શા માટે ફાડી નાખ્યા ? કૈસે જવાબ આપ્યો, એટલા માટે કે તું એ મતલબથી વાકેફ ન થાય. ઈબ્ને ઝિયાદે સવાલ કર્યો, આ પત્રો કોના તરફથી હતા ? જવાબ આપ્યો, હુસૈન (અ.)તરફથી કેટલાક કૂફીઓના નામે હતા કે જેમનાં નામ હું જાણતો નથી.

ઈબ્ને ઝિયાદ ગઝબનાક થઈને કહેવા લાગ્યો, અલ્લાહની કસમ, જ્યાં સુધી તું તેમનાં નામ નહીં બતાવે ત્યાં સુધી તને આઝાદ નહીં કરું, અથવા તો મિમ્બર પર જઈને હુસૈન બિન અલી (અ.) અને તેમના બાપદાદાઓ, ભાઈઓને ગાળો આપ, નહીંતર તને તલવારથી ટુકડે ટુકડા કરી દઈશ.

કૈસે કહ્યું, એ જમાઅતનાં નામ હું તને નહીં બતાવું, પરંતુ હું મિમ્બર પર જવા માટે તૈયાર છું કે જેથી હુસૈન (અ.) અને તેમના બાપને ગાળો આપું. ત્યાર પછી તેઓ મિમ્બર પર ગયા, અને ઈલાહીની હમ્દો સના પછી, રસૂલલ્લાહ (સ.) પર દુરૂદો સલામ અને હઝરત અલી બિન અબી તાલિબ, હસન અને હુસૈન (અ.) માટે રહેમતની માગણી કરી, અને ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ અને તેના બાપ અને બની ઉમય્યાના સમર્થકો ઉપર લા'નત મોકલી અને ત્યાર પછી કહ્યું,

અય્યોહન્નાસ ! મને ઈમામ હુસૈન (અ.)એ તમારા તરફ મોકલ્યો છે, અને તેઓ ફલાણી સરઝમીન પર છે, તેમની તરફ જાઓ, અને તેમની મદદ કરો. આ ખબર ઈબ્ને ઝિયાદને પહોંચી તો તેણે હુકમ કર્યો કે તેને દારુલ ઈમારાની છત ઉપરથી નીચે ફેંકી દેવામાં આવે, તેથી તેમને દારુલ ઈમારાની છત પર લઈ જઈને નીચે ફેંકી દીધા, જેના લીધે આપની શહાદત થઈ.

જ્યારે તેમની શહાદતની ખબર ઈમામ હુસૈન (અ.)ને મળી તો રડવા લાગ્યા અને ફરમાવ્યું, યા અલ્લાહ ! અમારા અને અમારા શીઆઓ માટે નેક જગ્યા નક્કી કરી દેજે, અને તેમાં અમને બધાને એક જગ્યાએ ભેગા કરી દેજે, કેમ કે તું દરેક વસ્તુ પર કાદિર છે. રિવાયતમાં છે કે ઈમામ હુસૈન (અ.)એ આ પત્રો એ મંઝિલથી મોકલ્યા હતા (કે જે જાબિરના નામથી મશહૂર છે) એ ઉપરાંત બીજી જગ્યાએ પણ રિવાયત નકલ કરે છે.

**હુર બિન યઝીદનું ઈમામ હુસૈન (અ.)ને રોકવું :**

રાવી કહે છે કે આ મંઝિલ પસાર થવા પછી અને કૂફાથી બે મંઝિલો પહેલાં અચાનક જોયું કે હુર બિન યઝીદ એક હજારનું લશ્કર લઈને ઈમામ હુસૈન (અ.)ને સામે આવ્યો. હઝરતે પૂછ્યું, અમારી મદદ માટે આવ્યા છો કે અમારી સામે જંગ કરવા આવ્યા છો ? હુરે જવાબ આપ્યો, અય હુસૈન ! આપની સામે જંગ કરવા માટે આવ્યો છું. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ. પછી અંદરોઅંદર વાતચીત થવા લાગી, એટલે સુધી કે ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અગર તમારો અભિપ્રાય આ પત્રોની વિરૂધ્ધ હોય, જો તમે અને બીજા લોકોએ મોકલ્યા હોય તો હું જ્યાંથી આવ્યો છું ત્યાં પાછો ચાલ્યો જાઉં. હુર અને તેમના લશ્કરે હઝરત (અ.)ને પાછા જવાથી રોક્યા.

હુરે કહ્યું, અય ફરઝંદે રસૂલ ! એવો રસ્તો પસંદ કરીએ કે જે ન કૂફા જતો હોય કે ન મદીના જતો હોય, કેમ કે હું ઈબ્ને ઝિયાદની સામે બહાનું રજૂ કરી શકું, અને કહી શકું કે હુસૈન (અ.) એવા રસ્તા પર ગયા કે મેં તેમને નથી જોયા. ઈમામ હુસૈન (અ.)એ ડાબી બાજુએ જતો રસ્તો પસંદ ફરમાવ્યો, અને મકામે ઉઝીબ હજાનાત પર પહોંચ્યા. એ પ્રસંગે ઈબ્ને ઝિયાદનો પત્ર હુરને મળ્યો. તે પત્રમાં લખ્યું હતું કે

તેં હુસૈન (અ.)ની સાથે જે વ્યવહાર કર્યો છે, અમે તેના પર રાજી નથી, અને હુકમ આપ્યો હતો કે હુસૈન (અ.)ની સાથે સખ્તીપૂર્વક વર્તો.

હુર અને તેના લશ્કરવાળા હુસૈન (અ.)ની સામે ઊભા થઈ ગયા, અને તેમને જવાથી રોકી દીધા. હઝરતે ફરમાવ્યું, શું તેં પોતે એવું નહોતું કહ્યું કે રસ્તો બદલીને જે રસ્તો કૂફા અને મદીના તરફ ન જતો હોય, તેના ઉપર ચાલ્યા જાઓ ? તેણે કહ્યું, હા, પરંતુ અમીર ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદનો પત્ર મને મળ્યો છે કે જેમાં તેણે મને હુકમ આપ્યો છે કે આપના ઉપર સખ્તી કરું, અને મારા ઉપર જાસૂસ મુકર્રર કર્યા છે કે હું તેના હુકમોને જારી કરું.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.) પોતાના અસ્હાબની વચ્ચે ઊભા થયા. પરવરદિગારની હમ્દો સના કરી અને પોતાના જદ્દે બુઝુર્ગવાર રસૂલલ્લાહ (સ.) પર દુરૂદ મોકલ્યા. ત્યાર પછી ફરમાવ્યું,

'અલ તરૂન........ હક્કન હક્કા' (અરબીમાં)

(અય લોકો ! જે કંઈ આપણી સામે આવ્યું છે તે તમે જાણો છો. હકીકતમાં દુનિયા બદલાઈ ચૂકી છે, અને તેણે પોતાની બૂરાઈઓને જાહેર કરી દીધી છે, નેકીઓને પીઠ પાછળ નાખી દીધી છે અને મુરાદો સતત ઈન્સાનની વિરૂધ્ધ જઈ રહી છે, પરંતુ દુનિયાથી કંઈ પણ બાકી નથી રહ્યું, સિવાય એ ટીપાના પ્રમાણ બરાબર કે જે વાસણમાંથી પાણી કાઢ્યા પછી તેમાં બાકી રહી જાય છે. ફક્ત એક બદતરીન જિંદગી કે જે એક ઉજ્જડ ખારી જમીનના જેવી હોય છે, અને કંઈ બાકી રહ્યું નથી. શું તમે જોતા નથી કે હક ઉપર અમલ થઈ રહ્યો નથી ? અને બાતિલથી રોકાઈ રહ્યો નથી, અને તેનું પરિણામ એ છે કે મોમિન રાહે હકમાં શહાદતની આરઝૂ કરે કે જેવી રીતે આરઝૂ કરવાનો હક છે. લા અરીલ મૌત.... ઈલ્લા બરમા.(હું મોતને ભલાઈના સિવાય કંઈ નથી જોતો, અને જાલિમોની સાથે જીવવામાં બદનામી સિવાય કંઈ જોતો નથી.)

અન્નાસો ....યાનૂન. (અરબીમાં)

(લોકો દુનિયાના ગુલામ છે, અને દીનનું નામ ફક્ત જીભ ઉપર ચાલુ છે, જ્યાં સુધી જિંદગાની તેમની ઈચ્છા અને મુરાદ પ્રમાણે રહે ત્યાં સુધી તે દીનની તરફદારી કરે છે.)

પરંતુ અગર તેમને બોલાવો કે ઘેરામાં કરાર આપીને તેમનું ઈમ્તેહાન લેવામાં આવે તો માલૂમ થશે કે દુનિયાદારીની સંખ્યા ખૂબ ઓછી છે.

ઝુહૈર બિન કૈસ પોતાની જગ્યાએથી ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા, અય ફરઝંદે રસૂલિલ્લાહ ! અમે આપની વાતોને સાંભળી, અમારી નજરમાં આ ફાની દુનિયાની કોઈ કિંમત નથી. અગર દુનિયાની જિંદગી હંમેશાં માટે હોત અને અમારે તેમાં હંમેશાં જીવતા રહેવાનું હોત તો પણ અમે આપના માર્ગમાં કતલ થવાને તે કાયમી જિંદગી કરતાં પહેલી પસંદગી આપત.

તેમના પછી હિલાલ બિન નાફેઅ પણ ઊભા થયા અને કહેવા લાગ્યા, અલ્લાહની કસમ, અમને શહાદત અને મોતથી કોઈ ડર નથી, અને અમે પોતાની આવી નિય્યત અને દૃષ્ટિ ઉપર કાયમ છીએ. આપના દોસ્તોના દોસ્ત, અને આપના દુશ્મનોના દુશ્મન છીએ.

**ઈમામ હુસૈન (અ.)નો કરબલામાં પ્રવેશ :**

ઈમામ હુસૈન (અ.) પોતાની જગ્યાએથી ઊભા થયા, અને સવાર થયા, પરંતુ હુરનું લશ્કર ક્યારેક તેમને જવાથી રોકતું અને ક્યારેક તેમની પાછળ પાછળ ચાલતું, એટલે સુધી કે બીજી મોહર્રમના દિવસે કરબલાની જમીન ઉપર આવી ગયા. જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.) એ સરઝમીન પર આવી પહોંચ્યા તો સવાલ કર્યો કે આ જમીનનું નામ શું છે ? જવાબ આપવામાં આવ્યો, કરબલા. કહ્યું, અલ્લાહ તઆલા ! ગમ અને બલાઓમાં તારાથી પનાહ માગું છું. ત્યાર પછી કહ્યું,

હાઝા મૌઝઅ કરબોબલા......કુબૂરના (અરબીમાં)

આ ખોફનાક અને બલાઓની જગ્યા છે. અહીંયાં ઊતરો. આ જ અમારા મરવાની જગ્યા છે, અને અમારાં લોહી વહેવાની જગ્યા છે અને અમારી કબરોનું મકામ છે.

આ ખબર મેં મારા જદ્દે બુઝુર્ગવાર રસૂલલ્લાહ (સ.) પાસેથી સાંભળી હતી.

ત્યાર પછી બધા ઉતરી ગયા. હુર અને તેનું લશ્કર પણ એક કિનારા પર ઉતર્યું અને પોતાના ખૈમા ઊભા કરી દીધા.

**હઝરત ઝૈનબ (અ.)ની બેચેની :**

ઈમામ હુસૈન (અ.) બેસી જઈને પોતાની તલવારની ધાર કાઢતાં કાઢતાં આવા અશ્આર પઢી રહ્યા હતા : (અરબીમાં)

અનુવાદ : અય જમાના ! તારી દોસ્તી હંમેશાં નહીં રહે. પોતાના દોસ્તોની સાથે દુશ્મની સિવાય તારું કંઈ કામ નથી હોતું. સવાર સાંજ તેં તારા દોસ્તોની એક જમાઅતને કતલ કરી અને જમાનો કોઈ પરિવર્તન પર સંતોષ નથી કરતો. દરેક સજીવ મારી માફક મોતની તરફ જઈ રહ્યું છે, અને દરેક કાર્ય અલ્લાહના શિરે છે.

હઝરત ઝૈનબ (અ.)એ આ અશ્આર સાંભળ્યા અને કહ્યું, અય ભાઈજાન ! આવી વાતો તો એવો માણસ કરે છે કે જેને પોતાના કતલ થવાનું યકીન હોય. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અય મારી બહેન ! હકીકતમાં આવું જ છે. હઝરત ઝૈનબ (અ.)એ કહ્યું, કાશ ! મને મોત આવી જાત. હુસૈન (અ.) પોતાના મોતની અને શહાદતની ખબર આપી રહ્યા છે. આ વખતે અહલેહરમની પડદાનશીન બીબીઓ રડવા લાગી, અને પોતાના મોઢા ઉપર તમાચા મારવા લાગી, ગિરેબાન ફાડી નાખ્યાં. ઉમ્મે કુલ્સૂમે ફરિયાદ કરી, વા મોહંમદાહો, વા અલીય્યો..... યા અબ્દિલ્લાહ (અરબીમાં) અય અબા અબ્દિલ્લાહ ! તમારા પછી લાચારીથી અમાન મળે.

ઈમામ હુસૈન (અ.)એ તેમને દિલાસો આપ્યો અને ફરમાવ્યું, અય મારી બહેન ! અલ્લાહની રાહમાં સબ્ર કરો કેમ કે બધા આસમાનોના રહેવાસીઓ માટે ફના છે, અને બધી જમીનોના રહેવાસીઓને મોત આવવાનું છે. અને બધા જ લોકોએ મરવાનું છે. ત્યાર પછી ફરમાવ્યું, અય ઉમ્મે કુલ્સૂમ ! અય ઝૈનબ ! અય ફાતેમા ! અય રબાબ ! યાદ રાખો કે જ્યારે હું કતલ થઈ જાઉં તો ગિરેબાન ફાડતાં નહીં, અને તમારા ચહેરા પર તમાચા ન મારતાં, અને એવી વાત ન કરજો કે જેનાથી અલ્લાહ રાજી ન થાય.

બીજી રિવાયત છે કે ઝૈનબ (અ.) હુસૈન (અ.)થી દૂર પડદાનશીન બીબીઓ અને બાળકોની વચ્ચે બેઠેલાં હતાં અને જ્યારે હુસૈન (અ.) પાસેથી આવા અશ્આર સાંભળ્યા તો તરત જ એવી જ હાલતમાં કે તેમની ચાદર જમીન પર ઘસડાઈ રહી હતી, ભાઈની પાસે આવ્યાં અને કહ્યું, (અરબીમાં) (અય કાશ ! મને મોત આવી ગયું હોત ! અને મારો જીવ લઈ લીધો હોત. આજે મારી મા ફાતેમા ઝહરા (અ.), બાપ

અલી (અ.) અને ભાઈ હસન (અ.) દુનિયાથી ગયા છે. અય ભૂતકાળના બુઝુર્ગોના જાનશીન ! અને બાકી જીવતા રહેલાઓની પનાહગાહ ! ઈમામ હુસૈન (અ.)એ તેમની તરફ મોઢું કરીને ફરમાવ્યું, અય મારી બહેન ! તમારા હિલ્મ (નમ્રતા)ને શયતાન ખતમ ન કરી દે.)

જનાબે ઝૈનબ (અ.)એ કહ્યું, કે મારાં માબાપ આપના ઉપર કુરબાન થાય, શું આપ કતલ થઈ જશો ? ઈમામ હુસૈન (અ.)એ પોતાના ગમને અને દુઃખને પોતાના દિલમાં છુપાવી દીધાં અને આપની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં અને ફરમાવ્યું, લૌ તોરેકલ કતાલનામ – અર્થાત્ અગર કતા (પક્ષીઓનો શિકારી) તેને પોતાના હાલ પર છોડી દે તો તે પોતાના માળામાં જ સૂઈ જાત. આ ઈશારો છે એ વાતનો કે જો બની ઉમય્યા મને આઝાદ છોડી દેત તો હું મદીનાથી બહાર ન નીકળત. હઝરત ઝૈનબ (અ.) આ બાબત સાંભળીને કહેવા લાગ્યાં, યા વૈલતાહો ભાઈજાન ! શું આપ પોતાની ઝાતને દુશ્મનના કબજામાં સમજો છો ? અને જિંદગીથી માયૂસ છો ? આ બાબત મારા દિલને પરેશાન કરી રહી છે અને તેને સહન કરવી મારા માટે ખૂબ જ અઘરું છે. ત્યાર પછી મોઢા પર તમાચા મારતાં મારતાં, પોતાના ગિરેબાનને ફાડી નાખ્યું અને બેહોશ થઈને જમીન ઉપર પડી ગયાં.

ઈમામ હુસૈન (અ.) ઊભા થયા, અને હઝરત ઝૈનબ (અ.)ના ચહેરા ઉપર પાણી છાંટ્યું એટલે સુધી કે તેમને હોશ આવી ગયો, અને તેમને દિલાસો આપ્યો, અને તેમને જદ્દે બુઝુર્ગવાર રસૂલિલ્લાહ (સ.) અને તેમના બાબા અલી (અ.)ના મસાએબની યાદ અપાવી જેથી પોતાની શહાદતને નાની મુસીબત જાહેર કરે અને જનાબે ઝૈનબ (અ.)ને પણ સુકૂન મળી જાય.

ઈમામ હુસૈન (અ.)નું અહલેબૈતે હરમને સાથે લાવવાનું એક કારણ શાયદ એ પણ હોય કે અગર હઝરત પોતાના અહલેબૈતને હિજાઝમાં અથવા તો કોઈ બીજા શહેરમાં છોડીને આવત તો યઝીદ બિન મોઆવિયા (લાઅનતુલ્લાહ અલૈહે) ફોજ મોકલીને તેમને અસીર કરાવી લેત અને તેમને એટલી બધી તકલીફ આપત કે ઈમામ હુસૈન (અ.) રાહે ખુદામાં શહાદત અને કુરબાની આપવાની દિશા બદલાઈ જાત અને યઝીદ સાથે જંગ કરવાથી રોકાઈ જાત.

## લહૂફ ભાગ -૨ આશૂરાના પ્રસંગો

## કરબલાના શહીદોની શહાદત – અહલેહરમના ખૈમાઓની તારાજી

### આશૂરાના પ્રસંગો :

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે પોતાના સાથીઓને ઈમામ હુસૈન (અ.)ની સાથે જંગ કરવાની દા'વત આપી. તેમને રાહે હકથી ફેરવી દીધા, અને તેના ઉપર તેમણે તેની પયરવી કરી, અને તેણે ઉમર બિન સઅદની આખેરતને દુન્યવી માલ દ્વારા ખરીદી લીધી અને તેને પોતાના લશ્કરનો સિપેહસાલાર બનાવી દીધો. ઉમર બિન સઅદે પણ તેને કબૂલ કરી લીધું અને કૂફાથી ચાર હજાર સવાર સિપાહીઓની સાથે ઈમામ હુસૈન (અ.)ની સાથે જંગ કરવા માટે કૂફાથી રવાના થયો. ઈબ્ને ઝિયાદ તેના માટે સતત લશ્કર મોકલતો રહ્યો, એટલે સુધી કે છ મોહર્રમની રાત સુધીમાં ૨૦ હજાર સવારો તેની પાસે પહોંચી ગયા. ત્યાર પછી ઈમામ હુસૈન (અ.) પર એટલી બધી સખ્તી કરી કે જેના પરિણામે આપ અને આપના વફાદાર અસ્હાબ ઉપર ખૂબ જ તરસ છવાઈ ગઈ.

### કરબલામાં ઈમામ હુસૈન (અ.)નો પહેલો ખુત્બો :

ઈમામ હુસૈન (અ.) પોતાની તલવારનો ટેકો લઈને ઊભા રહ્યા, અને મોટા અવાજે ફરમાવ્યું,

ઉન્શેદો કોમુલ્લાહ..... ઈબ્ને રસૂલલ્લાહે વ સિબ્તોહુ

હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમે મને ઓળખો છો ? તેમણે જવાબ આપ્યો, હા, આપ ફરઝંદે પયગમ્બરે ખુદા અને તેમના નવાસા છો. ફરીથી ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું, શું તમે મને ઓળખો છો ? શું રસૂલુલ્લાહ (સ.) મારા જદ્દે અમ્જદ નથી ? તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, આપ રસૂલુલ્લાહ (સ.)ના નવાસા છો. હઝરતે ફરમાવ્યું, ફરીથી હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમને એ ખબર નથી કે મારા વાલિદ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) છે ? તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહનો વાસ્તો, અમે જાણીએ છીએ.

હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું, શું તમને ખબર નથી કે મારા વાલિદા ફાતેમા ઝહરા (અ.) મોહંમદ મુસ્તફા (સ.)નાં બેટી છે ? તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, અમે જાણીએ છીએ.

હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમને એ ખબર નથી કે મારી નાની જનાબે ખદીજા બિન્તે ખુવેલ્દ છે ? અને તે પહેલાં ખાતૂન છે કે જેમણે સ્ત્રીઓમાં સૌથી પહેલાં ઈસ્લામ કબૂલ કર્યો હતો ? તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, અમે જાણીએ છીએ. હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે હઝરત હમ્ઝા, સૈયદુશ્શોહદા, શું મારા વાલિદના કાકા નથી ? તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, એવું જ છે.

હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું જાફરે તૈયાર, મારા કાકા નથી ? તો તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, આપ સાચું ફરમાવો છો.

હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમે જાણતા નથી કે જે તલવાર મારી પાસે છે તે રસૂલુલ્લાહ (સ.)ની છે ? તો તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, અમે જાણીએ છીએ. હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમે જાણો છો કે જે અમામો મારા માથા પર છે તે રસૂલુલ્લાહ (સ.)નો અમામો છે ? તો તેમણે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, અમે જાણીએ છીએ. હઝરતે ફરમાવ્યું, હું તમને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમે નથી જાણતા કે અલી (અ.) એવી પહેલી વ્યક્તિ છે કે જેમણે ઈસ્લામ કબૂલ કર્યો, કે જે લોકોમાં સૌથી વધારે ઈલ્મ ધરાવવાવાળા અને સૌથી વધારે સબ્ર કરનારા હતા અને દરેક મુસલમાન સ્ત્રી અને પુરુષના મૌલા અને અમીર છે ? તેમણે જવાબ આપ્યો, અલ્લાહની કસમ, અમે જાણીએ છીએ.

કાલ.....દમી ? તો આપે ફરમાવ્યું, તો પછી તમે શા માટે મારું ખૂન વહાવવાને હલાલ સમજો છો ? જ્યારે કે, મારા વાલિદ સાકીએ હૌઝે કૌસર છે કે જેમના હાથોમાં કયામતના દિવસે ઈસ્લામનો પરચમ હશે. તેમણે જવાબ આપ્યો કે આપે જે કંઈ ફરમાવ્યું તે બધું અમે જાણીએ છીએ, પરંતુ વ નહનો ગૈરો....અતશા. જ્યાં સુધી તમે તરસ્યા હોઠે જીવ ન આપી દો, અમે તમને છોડવાના નથી.

જેવો ઈમામ હુસૈન (અ.)એ આ ખુત્બો તમામ કર્યો તો હઝરતની બેટીઓ અને તેમની બહેન ઝૈનબ (અ.)એ રડવાનું શરૂ કરી દીધું અને પોતાનું માથું કૂટવા લાગ્યાં, અને તેમના રડવાનો અવાજ ખૈમાઓમાંથી બુલંદ થવા લાગ્યો.

ઈમામ હુસૈન (અ.)એ પોતાના ભાઈ અબ્બાસ (અ.) અને પોતાના લખ્તે જિગર અલી અકબર (અ.)ને તેમની તરફ મોકલ્યા અને ફરમાવ્યું કે પડદાનશીન સ્ત્રીઓને ખામોશ કરાવી દો, કેમ કે મને મારા જીવની કસમ, કે તેમને આના પછી હજુ વધારે રડવાનું છે.

રાવી કહે છે જે જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનો પત્ર ઉમર બિન સઅદને મળ્યો કે જેમાં તેને જંગ જલ્દી શરૂ કરવાનો અને જલ્દી ખતમ કરવાનો હુકમ આપ્યો હતો કે તેમાં વિલંબથી કામ ન લેવામાં આવે. તો તે પત્રના પરિણામ સ્વરૂપે ઉમર બિન સઅદ તરત જ લશ્કરના સવારોને લઈને ઈમામ હુસૈન (અ.)ના ખૈમાઓ તરફ ચાલી નીકળ્યો.

**હઝરત અબ્બાસ અલમદાર (અ.)ને અમાનની દા'વત :**

શિમ્રે ખૈમાઓની નજીક આવીને બુલંદ અવાજથી કહ્યું, ઐન બનૂ અખ્તી ! ક્યાં છે, મારા ભાણીયા અબ્દુલ્લાહ, જાફર, અબ્બાસ અને ઉસ્માન ?

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, શિમ્રને જવાબ આપો, ભલે ને તે ફાસિક છે, કેમ કે તે તમારો રિશ્તેદાર છે.

તેથી હઝરત અબ્બાસ અને તેમના ભાઈઓએ જવાબ આપ્યો કે શિમ્ર શું કહે છે ? તેણે કહ્યું, અય મારા ભાણેજો ! તમે અમાનમાં છો. પોતાની ઝાતને ઈમામ હુસૈન (અ.)ની સાથે રાખીને તમારા જીવને ખતરામાં ન નાખો, અને અમીરુલ મોમિનીન યઝીદની ઈતાઅત કરો. હઝરત અબ્બાસ (અ.)એ જવાબ આપ્યો, અય દુશ્મને ખુદા ! તારા હાથ સડી જાય, કેટલી ખરાબ અમાન અમારા માટે લાવ્યો છે ? તા મોરોના..... ઔલાદિલ લગ્ના ? શું તમે એવું માનો છો કે અમે અમારા ભાઈ, ફરઝંદે ફાતેમા ઝહરા, ઈમામ હુસૈન (અ.)ને છોડીને મલઊન અને મલઊનના બેટાઓની સાથે થઈ જઈએ ?

શિમ્ર ગઝબનાક હાલતમાં પોતાના લશ્કર તરફ પાછો ગયો.

જ્યારે ઈમામ હુસૈન (અ.)એ જોયું કે ઈબ્ને ઝિયાદના સિપાહીઓ જંગ કરવામાં ઉતાવળથી કામ લઈ રહ્યા છે અને વાઅઝ અને નસીહતની તેમના ઉપર કોઈ અસર નથી થઈ રહી તો આપે હઝરત અબ્બાસ (અ.)ને ફરમાવ્યું કે જેવી રીતે શક્ય હોય, આ લશ્કરને જંગ કરવાથી રોકો, જેથી આજની રાતે હું નમાઝ અદા કરી શકું, કેમ કે અલ્લાહ તઆલા જાણે છે કે મને નમાઝ પઢવાથી અને કુરઆનની તિલાવત કરવાથી કેટલી બધી મોહબ્બત છે. હઝરત અબ્બાસ (અ.) આવ્યા અને તેમને દરખાસ્ત કરી. ઉમર ઈબ્ને સઅદે તેના પર ખામોશી ધારણ કરી, જાણે કે તે જંગમાં વિલંબ કરવામાં રાજી ન હતો.

ઉમર બિન હુજ્જાજ ઝબીદીએ કહ્યું, અલ્લાહની કસમ, અગર આ લોકો તુર્ક અને વૈલમના કબીલાથી પણ હોત તો અમે તેમની દરખાસ્તને કબૂલ કરી લેત, જ્યારે કે આ આલે મોહંમદ (સ.) છે. ત્યાર પછી તેમણે દરખાસ્ત કબૂલ કરી લીધી અને જંગ કરવાથી રોકાઈ ગયા.

રાવી કહે છે કે ઈમામ હુસૈન (અ.) જમીન પર બેસી ગયા અને તેમને ઊંઘ આવી ગઈ, અને થોડીક ક્ષણો પછી જાગી ગયા અને પોતાની બહેન જનાબે ઝૈનબ (અ.)ને ફરમાવ્યું, અય બહેન ઝૈનબ ! હમણાં જ મેં સપનામાં આપણા નાના રસૂલલ્લાહ (સ.) અને આપણા વાલિદ અલી મુર્તઝા (અ.) અને આપણી મા ફાતેમા ઝહરા (અ.) અને આપણા ભાઈ હસન મુજતબા (અ.)ને જોયા છે, અને તેમણે મને ફરમાવ્યું છે, અય હુસૈન ! કાલે તમે અમારી પાસે હશો.

જનાબે ઝૈનબ (અ.)એ આ વાત સાંભળી તો તરત જ પોતાના મોઢા ઉપર તમાચા મારવા લાગ્યાં, અને બુલંદ અવાજથી રુદન કરવા લાગ્યાં. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, ધીમા અવાજે રડો, ક્યાંક એવું ન થાય કે દુશ્મનો આપણને શરમિંદા કરે.

**ઈમામ હુસૈન (અ.)ની આખરી રાત :**

એટલામાં તો રાતનો અંધકાર છવાવા લાગ્યો. ઈમામ હુસૈન (અ.)એ પોતાના અસ્હાબને ભેગા કર્યા, અને ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો કે જેમાં રબ્બે જલીલની હમ્દો સના પછી આવી રીતે ફરમાવ્યું, અમ્મા બાદ.... યોરીદૂન ગૈરી.

ઈમામ (અ.)એ ફરમાવ્યું, હું કોઈના ય અસ્હાબને મારા અસ્હાબ કરતાં વધારે નેક અને પોતાના અહલેબૈતથી વધારે સારા કોઈની અહલેબૈતને નથી પામતો.

અલ્લાહ તઆલા તમને બધાને જઝાએ ખૈર અતા ફરમાવે. આ રાતનો સન્નાટો છે, તેને ગનીમત જાણો અને તમારામાંથી દરેક મારા અહલેબૈતના પુરુષોમાંથી એક એકને પોતાની સાથે લઈને ચાલ્યા જાઓ, અને મને આ લશ્કરની નજીક મારા હાલ પર છોડી દો કેમ કે તેમને મારા સિવાય બીજા કોઈથી ગરજ નથી.

ઈમામ હુસૈન (અ.)ના સાથીઓ, ઓલાદ અને અબ્દુલ્લાહ ઈબ્ને જાફરની ઓલાદે ઈમામ (અ.)ના જવાબમાં અરજ કરી, વલમ.....ઝાલેક અબ્દ. શું અમે આપને છોડીને ચાલ્યા જઈએ કે જેથી અમે આપના પછી જીવતા રહીએ ? અલ્લાહ તઆલા કદી આવો દિવસ અમને નસીબ ન કરે. અને આ કલામ સૌથી પહેલાં હઝરત અબ્બાસ બિન અલી (અ.)એ કહ્યું, અને બાકીના લોકોએ તેનું અનુસરણ કરતાં એવો જ જવાબ આપ્યો.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.) અકીલના બેટાઓ તરફ ફર્યા, અને તેમને ફરમાવ્યું, તમારા માટે મુસ્લિમની શહાદત કાફી છે, હું તમને જવાની ઈજાઝત આપું છું. તમે લોકો ચાલ્યા જાઓ.

અને બીજી રિવાયત પ્રમાણે આ દરમિયાન ઈમામ (અ.)ના સાથીઓએ અને તેમના અહલેબૈતે આવી રીતે અરજ કરી, અય ફરઝંદે પયગમ્બર (સ.) ! લોકો જ્યારે અમને એવું પૂછશે તો અમે શું જવાબ આપીશું ? શું તેમને એવો જવાબ આપીશું કે આપણા મૌલા અને આપણા પયગમ્બર (સ.)ના ફરઝંદને એકલા છોડી દીધા, અને તેમની હિમાયત અને મદદમાં દુશ્મનની તરફ એક તીર પણ નથી ફેંક્યું અને એક પણ નેઝો અને તલવાર નથી ચલાવી ? કદાપિ નહીં, અલ્લાહની કસમ, અમે લોકો આપનાથી જુદા નહીં થઈએ, અને આપની હિફાઝત આખરી દમ સુધી કરતા રહીશું, એટલે સુધી કે અમને કતલ કરી દેવામાં આવે અને આપની તરફ રાહે ખુદામાં શહીદ થઈ જઈએ. આપના પછી અલ્લાહ અમને જીવતા ન રાખે.

પછી મુસ્લિમ બિન અવસજા ઊભા થઈને અરજ કરે છે, અય ફરઝંદે પયગમ્બર ! શું અમે આપને આવી હાલતમાં એકલા છોડીને ચાલ્યા જઈએ જ્યારે કે દુશ્મનોએ આપને ઘેરામાં લઈ લીધા છે ? આવું તો કદાપિ નહીં બની શકે. અલ્લાહ તઆલા આપના પછી મને જીવવાનું નસીબ ન કરે. હું ચોક્કસ લડીશ એટલે સુધી કે લડતાં લડતાં મારો નેઝો આપના દુશ્મનની છાતીમાં તૂટી જાય, અને પછી હું મારી તલવાર લઈને દુશ્મન પર તૂટી પડું. એટલે સુધી કે તલવાર પણ ન રહે પછી હું પથ્થર ઉઠાવીને આપના દુશ્મન પર વરસાવીશ, અને હું આપને કદાપિ એકલા નહીં છોડું, એટલે સુધી કે મારો જીવ આપના ઉપર ન્યોછાવર કરી દઉં.

તેમના પછી સઈદ બિન અબ્દુલ્લાહ હનફી ઊભા થયા અને અરજ કરી, અય ફરઝંદે રસૂલ ! અલ્લાહની કસમ, અમે આપને કદી એકલા નહીં છોડીએ, જેથી અલ્લાહ એ જાણી લે કે અમે આપની બાબતમાં જે રસૂલલ્લાહ (સ.)ની વસિયત સાંભળી હતી તેને યાદ રાખી અને જો હું એ જાણી લઉં કે આપના માર્ગમાં મને કતલ કરી દેવામાં આવશે અને ફરીથી જીવતો કરવામાં આવશે અને ફરીથી જીવતો સળગાવી દેવામાં આવશે અને એટલે સુધી કે મને આવી રીતે ૭૦ વખત જ કેમ સળગાવી દેવામાં ન

આવે, તેમ છતાંય હું આપનાથી જુદો નહીં થાઉં અને મારો જીવ આપના પહેલાં કુરબાન કરીશ, અને આપની રાહમાં જીવ ન્યોછાવર કેમ ન કરું જ્યારે કે એક વખત જ તો મરવાનું છે, અને ત્યાર પછી અબદી ઈજ્જત અને ભલાઈ છે.

તેના પછી ઝુહૈર બિન કૈન ઊભા થયા અને અરજ કરી, અલ્લાહની કસમ, અય ફરઝંદે પયગમ્બર ! હું એ બાબતને પસંદ કરું છું કે હું હજાર વખત કતલ કરવામાં આવું અને ફરીથી જીવતો કરવામાં આવું. અલ્લાહ તઆલા આપને, આપના ભાઈઓ અને આપના અહલેબૈતને જીવતા રાખે.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ના બાકીના અસ્હાબે પણ આવી જ રીતે પોતાની હિમાયતને પ્રગટ કરી, અને તેમણે અરજ કરી, અમારા જીવ આપના ઉપર કુરબાન થાય, અમે કોઈ પણ પરિસ્થિતિમાં આપની હિફાઝત કરીશું, કેમ કે અગર અમે કતલ પણ થઈ જઈએ તો જાણે કે અમે એ તકલીફને અદા કરી કે જેને અલ્લાહે અમારા ઉપર વાજિબ કરી દીધી હતી.

એ જ શબે આશૂરના સમયે મોહંમદ બિન હઝરમીને ખબર મળી કે તેમના દીકરાને 'રય' શહેરમાં ગિરફતાર કરી લેવામાં આવ્યો છે તો તેમણે કહ્યું, હું તેનો મામલો અલ્લાહને સોંપું છું. મને મારા જીવની કસમ, એ બાબત માન્ય નથી કે મારો બેટો કેદી થઈ જાય, અને હું તેના પછી જીવતો રહું.

જ્યારે તેમની આ બાબત ઈમામ હુસૈન (અ.)એ સાંભળી તો ફરમાવ્યું, અલ્લાહ તારી મગ્ફેરત કરે, મેં તારા ઉપરથી મારી બૈઅત ઉઠાવી લીધી છે અને તું તારા બેટાના છુટકારા માટે ચાલ્યો જા. તો તેણે અરજ કરી, અગર હું આપનાથી જુદો થઈ જાઉં તો મને જંગલના હિંસક જાનવરો ફાડી ખાય. ઈમામ (અ.)એ ફરમાવ્યું, તો પછી આ બુર્દે યમાનીનો આ પોષાક તમારા બેટાને આપો જેથી તે પોતાના ભાઈના છુટકારા માટે તેનાથી ફાયદો ઉઠાવી શકે. પછી હઝરતે તેને પાંચ બર્દે યમાની પોષાક આપ્યા કે જેની કિંમત એક હજાર દીનાર થતી હતી.

રાવી કહે છે કે એ રાત ઈમામ હુસૈન (અ.) અને તેમના અસ્હાબે એવી રીતે પસાર કરી કે તેમની મુનાજાતના અવાજો સંભળાઈ રહ્યા હતા. કેટલાક અસ્હાબ રૂકૂઅની હાલતમાં અને કેટલાક અસ્હાબ સજ્દાની હાલતમાં અને કેટલાક કયામની હાલતમાં ઈબાદતે ઈલાહીમાં મશગૂલ હતા. પછી એ રાત્રે બત્રીસ માણસો ઉમર બિન સઅદના લશ્કરમાંથી જુદા થઈને ઈમામ હુસૈન (અ.)ના લશ્કરમાં આવીને મળ્યા.

ઈમામ હુસૈન (અ.)ની નમાઝ અને ઈબાદતની વિપુલતા હંમેશાં આ પ્રકારની હતી.

રિવાયતમાં છે કે આશૂરની સુબ્હના સમયે બુરૈર બિન ખઝીર હમ્દાનીએ અબ્દુર્રહેમાનથી હસી મજાક શરૂ કરી દીધી તો અબ્દુર્રહમાને કહ્યું કે અય બિરાદર ! શું આ કોઈ હસીમજાક કરવાનો સમય છે ? બુરૈરે કહ્યું, મારી કોમ જાણે છે કે મેં મારી આખી ઉંમરમાં કોઈ મજાક નથી કરી, પરંતુ મારી આ ખુશીને પ્રગટ કરવાનું કાર્ય શહાદત પર ફાએઝ હોવાના કારણે છે. અલ્લાહની કસમ, હવે એ સમય આવવામાં વધારે વાર નથી જ્યારે કે હું દુશ્મનોની સામે જાઉં અને થોડાક સમય સુધી તેમનાથી જંગ કરું, અને ત્યાર પછી જઈને જન્નતની હૂરો સાથે ભળી જાઉં.

**આશૂરાની સુબ્હ :**

રાવી કહે છે કે જ્યારે ઉમર બિન સઅદના સિપાહી ઘોડાઓ ઉપર સવાર થઈ ગયા તો ઈમામ હુસૈન (અ.)એ બુરૈર બિન ખઝીરને તેમની તરફ મોકલ્યા. બુરૈરે તેમને વાએઝે નસીહત કરી. કેટલાક મતલબો તરફ તેમનું ધ્યાન દોર્યું, પરંતુ તેમણે તેની પરવા ન કરી. ત્યાર પછી ઈમામ હુસૈન (અ.) ઊંટ

ઉપર, અને કોલ મુજબ પોતાના ઘોડા ઉપર સવાર થયા, અને ઉમર બિન સઅદના સાથીઓને ખામોશ થવા માટે કહ્યું, અને પોતાના ખુત્બા તરફ ધ્યાન દોર્યું અને તે બધા ખામોશ થઈ ગયા. ઈમામ હુસૈન (અ.)એ અલ્લાહ તઆલાની હમ્દો સના અને મોહંમદ વ આલે મોહંમદ (સ.) પર દુરૂદો સલામ અને અંબિયા અને મલાએકા પર દુરૂદ મોકલ્યા પછી ઈર્શાદ ફરમાવ્યો,

અય લોકો ! તમારા ઉપર વાય થાય કે ગુમરાહીની હાલતમાં તમે અમારી પાસે મદદ માગી, અને અમે તમારી મદદ માટે જલ્દી હાજર થયા, પરંતુ તમે જે તલવારોને અમારી મદદ માટે ઉઠાવવાની કસમ ખાધી હતી, તેમને અમને કતલ કરવા માટે ઉઠાવી રાખી છે. જેનાથી અમે અમારા અને તમારા દુશ્મનોને જલાવી દેવાની ઈચ્છા રાખતા હતા, આજે તમે બધા પોતાના દોસ્તોને કતલ કરવા માટે પોતાના દુશ્મનની મદદ કરી રહ્યા છો, જ્યારે કે, ન તો તેમણે તમારી વચ્ચે અદ્‌લ અને ઈન્સાફનો રિવાજ પાડ્યો કે ન તો તેમની મદદ કરવામાં તમને ખુશીની ઉમ્મીદ હોવી જોઈએ.

તમારા પર અફસોસ થાય, શા માટે અમારી મદદ કરવાથી હાથ ઉઠાવી લીધા ? જ્યારે કે, તલવારો મ્યાનમાં અને દિલ સંતોષી, સુકૂનથી ભરપૂર અને ઈરાદા મજબૂત થઈ ચૂક્યા હતા, પરંતુ આવું હોવા છતાં તમોએ ફિત્નાની આગ સળગાવવામાં તીડોની માફક ઉતાવળ કરી અને પોતાની ઝાતને આગમાં નાખી દીધી. અય હક ઈસ્લામના દુશ્મનો ! અય કુરઆનથી મોઢું ફેરવનારાઓ ! અને તેના કલમાઓમાં ફેરફાર કરી નાખનારાઓ ! અય ગુનેગારો ! અય શયતાની વસવસાઓની પયરવી કરનારાઓ ! પયગમ્બરે ઈસ્લામ (સ.)ની શરીઅત અને સુન્નતને મિટાવી દેનારાઓ ! અલ્લાહની રહેમત તમારી હાલતમાં શામેલ નહીં થાય.

એવા નાપાક લોકોની હિમાયત કરી રહ્યા છો, પરંતુ અમારી મદદ કરવાથી હાથ ખેંચી લેનારા થઈ ગયા ? હા, અલ્લાહની કસમ, જૂના જમાનાથી જ તમારામાં મક્રો ફરેબ હતો અને તમારું ખમીર આ મક્રો ફરેબના પાણી અને માટીથી ઘડવામાં આવ્યું છે. અને તમારી વિચારધારા તેના ઉપર ઉછેર પામી છે. તમે એવાં બદતરીન ફળ છો કે ખાવાવાળાઓનાં ગળાંને જખ્મી કરી દે છે. અને તમે જુલ્મ કરનારા અને ગસબ કરનારા લોકોની સામે નાનકડા કોળિયા જેવા છો.

(અલા વ અન.....મુઅમેનૂન) (અરબીમાં)

જાણી લો કે મને હરામઝાદાના બેટા હરામઝાદા (ઈબ્ને ઝિયાદ)એ બે બાબતો પર મજબૂર કર્યો છે, કાં તો હું તેની વિરૂધ્ધ તલવાર બહાર કાઢું અથવા તો ઝિલ્લતનો લિબાસ પહેરીને યઝીદની બૈઅત કરી લઉં. પરંતુ ઝિલ્લત તો અમારાથી ઘણી જ દૂર છે, કેમ કે અલ્લાહ તઆલા અને તેનો રસૂલ અને મોમિન તેની અમને પરવાનગી આપતા નથી કે અમે ઝિલ્લતની જિંદગીને ઈજ્જતની મોત ઉપર પ્રથમ પસંદગી આપીએ. જાણી લો, એમ છતાંય કે અમે સંખ્યાની દૃષ્ટિએ ઓછા છીએ, પરંતુ તમારી સાથે જંગ ચોક્કસ લડીશું.

અશ્આરનો તરજુમો : જો અમે વિજયી થઈ જઈએ, અને દુશ્મનોને પરાજય આપી દઈએ તો આ કોઈ અજબ બાબત નહીં હોય, કેમ કે અમે હંમેશાં દુશ્મનને પરાજય આપનારા છીએ. અને જો પરાજિત થઈને માર્યા જઈશું તો અમારું એ મરવું ન તો ખોફ કે ડરના કારણે હશે કે ન તો અમારા તરફથી હશે, બલ્કે અમારા મોતનો સમય પહોંચી ગયો, અને બીજાઓની કામયાબીનો સમય આવી પહોંચ્યો છે. અગર મોતની સવારી એક ઘરથી દૂરી ધારણ કરે તો બીજા ઘર તરફ જરૂર પડાવ નાખે છે. અમારા

બાપદાદાઓ તમારા હાથે માર્યા ગયા, જેવી રીતે ભૂતકાળની સદીઓમાં લોકો મોતનો સામનો કરતા રહ્યા છે.

અગર દુનિયાના બાદશાહ હંમેશાં રહેતા તો અમે પણ હંમેશાં માટે જીવતા રહેતા. એ લોકો કે જેઓ આજે અમારી મજાક ઉડાવી રહ્યા છે, તેમને કહો કે સમજથી કામ લે જેથી જેવી રીતે આજે અમારે મોતનો સામનો કરવો પડે છે, એવી જ રીતે એ મજાક ઉડાવવાવાળાઓને પણ સામનો કરવો પડશે.

ઈમામ હુસૈન (અ.)એ આ અશ્આર પઢ્યા પછી ફરમાવ્યું, અલ્લાહની કસમ, તમે મારા કતલ પછી વધારે સમય સુધી જીવતા નહીં રહો, તમારી જિંદગી એક પ્યાદાના સવાર હોવાથી વધારે નથી. જમાનો ઝડપથી તમારા માથાઓ ઉપર ચક્કીની (ઘંટીની) માફક ભમી રહ્યો છે અને તમારી બેકરારીની હાલત ઘંટીના ખીલાના જેવી છે, અને આ ખબર મને મારા વાલિદે બુઝુર્ગવાર હઝરત અલી (અ.)એ મારા જદ્દે અમ્જદ રસૂલલ્લાહ (સ.)થી સાંભળી હતી, અને મને બયાન ફરમાવી છે.

હવે તમે ભેગા થઈને બેસો અને અંદરોઅંદર પોતાના આ મામલાની બાબતમાં એકબીજા સાથે સલાહ મશ્વેરો કરો, જેથી કોઈ બાબત તમારા માટે ગુપ્ત ન રહી જાય. ત્યાર પછી તમે મારા કતલ માટે પગલાં ભરો, અને મને મોહલત ન આપો. મેં એ અલ્લાહ ઉપર ભરોસો કર્યો છે કે જે અમારો અને તમારો પરવરદિગાર છે.

ખુત્બો ઈર્શાદ ફરમાવ્યા પછી આપે યઝીદના એ સિપાહીઓ તરફ નફરત પ્રગટ કરતાં ફરમાવ્યું, અય પરવરદિગાર ! તેમને તારી રહેમતના વરસાદથી વંચિત કરી દે, અને તેમના ઉપર એવો દુકાળ નાઝિલ કર જેવો કે જનાબે યૂસુફ (અ.)ના જમાનામાં નાઝિલ ફરમાવ્યો હતો, અને ગુલામે શકફીને તેમના ઉપર નિયુક્ત કરી દે જેથી તેઓ તેમને મોતના કડવા જામથી સયરાબ કરે કેમ કે તેમણે મને જૂઠલાવ્યો, અને મને ફરેબ આપ્યો. તું અમારો પરવરદિગાર છે. તારા ઉપર જ ભરોસો કરીએ છીએ, અને તારી જ મગ્ફેરતની ઈચ્છા રાખનારા છીએ. દરેકને તારી તરફ જ પાછા આવવાનું છે. ત્યાર બાદ ઈમામ હુસૈન (અ.) પોતાની સવારી પરથી નીચે ઉતર્યા અને રસૂલલ્લાહ (સ.)નો ઘોડો કે જેનું નામ મુર્તજઝ હતું, તેને મંગાવ્યો, અને પોતાના સાથીઓને જંગ માટે તૈયાર કર્યા.

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત છે કે ઈમામ હુસૈન (અ.)ના અસ્હાબ ૪૫ સવાર અને એકસો પ્યાદા (પાયદળ) હતા અને બીજી રિવાયત પણ હઝરતના અસ્હાબની સંખ્યાની બાબતમાં મોજૂદ છે.

**ઉમર બિન સઅદ તરફથી જંગની શરૂઆત :**

રાવી બયાન કરે છે કે ઉમર બિન સઅદ લશ્કરમાંથી નીકળીને સામે આવ્યો, અને જ્યારે ઈમામ હુસૈન (અ.)ના અસ્હાબની તરફ તીર ફેંકી ચૂક્યો તો તેણે બુલંદ અવાજથી પોતાના સિપાહીઓને સંબોધન કરીને કહ્યું, અમીરના ત્યાં એ બાબતની ગવાહી આપજો કે સૌથી પહેલું તીર ફેંકનારો હું છું. ત્યાર પછી ઉમર બિન સઅદના લશ્કર તરફથી તીરો વરસાદની માફક વરસવા લાગ્યાં.

ઈમામ હુસૈન (અ.)એ પોતાના અસ્હાબને ફરમાવ્યું,

કૌમૂ......કૌમિલ નીકુમ.

(તમારા ઉપર અલ્લાહની રહેમત થાય, મોત તરફ આગળ પગલાં ભરો કે જેના વગર કોઈ ઉપાય નથી, કેમ કે આ તીર એ કોમ તરફથી તમને જંગની દાવત આપી રહ્યાં છે.)

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ના અસ્હાબે હુમલો કર્યો, થોડા સમય સુધી લડતા રહ્યા, એટલે સુધી કે કેટલાક અસ્હાબ શહીદ થઈ ગયા. એ અરસામાં ઈમામ હુસૈન (અ.)એ પોતાની પાક નેકીઓને પોતાના હાથમાં લીધી અને ફરમાવ્યું,

જ્યારે યહૂદીઓએ જનાબે ઉઝૈર (અ.)ને અલ્લાહનો બેટો કહ્યો તો અલ્લાહ તેમના ઉપર સખત ગઝબનાક થયો અને નસારાની કોમ પર એ વખતે સખત કોપાયમાન થયો કે જ્યારે નસારા ત્રણ ખુદાઓને માનનારા થઈ ગયા અને અલ્લાહ તઆલા અગ્નિપૂજક પર સખત ગઝબનાક થયો. જ્યારે મજૂસીએ અલ્લાહની ઈબાદત સિવાય સૂરજ, ચાંદની પૂજા કરવાનું શરૂ કરી દીધી અને અલ્લાહ તઆલા એ કોમ ઉપર પણ સખત ગઝબનાક છે કે જે પોતાના નબીના ફરઝંદને કતલ કરવા પર સહમત થઈ ગયા છે, પરંતુ અલ્લાહની કસમ, હું એ લોકોની વાતને કબૂલ કરીશ નહીં, અને કદાપિ યઝીદની બૈઅત કરીશ નહીં, એટલે સુધી કે પોતાના ખૂનથી ખરડાયેલા ચહેરાની સાથે અલ્લાહથી મુલાકાત કરીશ.

અબૂ તાહિર મોહંમદ બિન હુસૈન તરસી પોતાની કિતાબ મઆલિમુદ્દીનમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરે છે કે મેં મારા વાલિદે ગિરામીને એવું ફરમાવતા સાંભળ્યા છે કે (જ્યારે ઈમામ હુસૈન (અ.)નો ઉમર બિન સઅદથી સામનો થયો, અને જંગ શરૂ થયો તો અલ્લાહ તઆલાએ હઝરતની મદદ માટે આસમાનથી ફરિશ્તાઓનું એક ટોળું મોકલ્યું કે જે ઈમામ (અ.)ના માથા ઉપર ઉડવા લાગ્યું. ત્યાર પછી હઝરતને બે કાર્યોમાંથી કોઈ એક કાર્યને પસંદ કરવાનો ઈખ્તિયાર આપવામાં આવ્યો, કાં તો ફરિશ્તાઓ તેમની મદદ કરે અને એમના દુશ્મનોને હલાક કરી નાખે અથવા શહીદ થઈ જાય, પરંતુ ઈમામ હુસૈન (અ.)એ શહાદતને પ્રથમ પસંદગી આપી.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ ઈસ્તેગાસા (મદદ માટેનો પોકાર) બુલંદ કર્યો.

(અમ્મા મિન.....રસૂલલ્લાહ) (અરબીમાં)

(છે કોઈ એવો કે જે અલ્લાહની રઝા ખાતર અમારી મદદ કરે ? છે કોઈ કે જે રસૂલલ્લાહ (સ.)ની હરમથી દુશ્મનોને દૂર કરે ?)

**હુરની તોબા :**

એ અરસામાં હુર બિન યઝીદ રિયાહી ઉમર બિન સઅદની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, શું તમે ઈમામ હુસૈન (અ.)થી જંગ કરશો ? ઉમરે જવાબ આપ્યો, હા, અલ્લાહની કસમ, તેમનાથી જંગ ચોક્કસ થશે કે જેમાં સૌથી આસાન કામ સરોને શરીરોથી જુદા કરવાં અને હાથોને જુદા કરવા હશે.

હુરે જ્યારે આ વાતચીત સાંભળી તો પોતાના લશ્કરથી જુદા થઈને એક ખૂણામાં બેસી ગયા, અને ધ્રુજવા લાગ્યા. મુહાજિર બિન ઔસે હુરને કહ્યું, અય હુર ! તમારી આવી હાલત મને શંકામાં નાખી રહી છે. અગર કોઈ મારાથી સવાલ કરે કે કૂફીઓમાં સૌથી બહાદુર કોણ છે ? તો હું તમારા સિવાય કોઈનું નામ લઈશ નહીં. તમે શા માટે ધ્રુજી રહ્યા છો ? હુરે જવાબ આપ્યો, અલ્લાહની કસમ, હું મારી ઝાતને જન્નત અને જહન્નમની વચ્ચે જોઈ રહ્યો છું. પરંતુ અલ્લાહની કસમ, જન્નત પર કોઈ બાબતને પ્રથમ પસંદગી નહીં આપું, પછી ભલે ને મારા શરીરના ટુકડે ટુકડા કરી નાખવામાં આવે, અને મને સળગાવી દેવામાં આવે. ત્યાર પછી ઘોડા ઉપર સવાર થઈને ઈમામ હુસૈન (અ.)ની બારગાહમાં રવાના થયા, અને બન્ને હાથોને પોતાના માથા ઉપર રાખીને કહેવા લાગ્યા,

યા અલ્લાહ ! હું તારી બારગાહમાં તોબા કરું છું. તું મારી તોબા કબૂલ ફરમાવી લે, કેમ કે મેં તારા દોસ્તો અને તારા પયગમ્બરની દુખ્તરની ઓલાદને ડરાવી છે. ઈમામ (અ.)ની ખિદમતમાં પહોંચીને હાથ

બાંધીને અરજ કરી, મારી જાન આપના ઉપર કુરબાન થાય, હું એ માણસ છું કે જેણે આપના ઉપર સખ્તી કરી, અને આપને મદીના પાછા જવાની રજા ન આપી. મને એ ખયાલ નહોતો કે આ લોકો એટલી બધી સખ્તાઈ કરશે. હવે હું તોબા કરું છું. શું મારી તોબા કબૂલ થઈ શકે છે ?

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, હા, અલ્લાહ તમારી તોબા કબૂલ કરશે. ઉતરીને નીચે આવો. હુરે કહ્યું, ઉતરવાથી બહેતર તો એ છે કે આ જ હાલતમાં હું આપની મદદમાં લડું. છેવટે તો ઘોડા પરથી ઉતરવાનું જ છે ને કેમ કે હું એવો પહેલો માણસ છું કે મેં આપનો રસ્તો રોક્યો છે. મને પરવાનગી આપો જેથી હું જ એવો પહેલો માણસ બનું કે જે આપની રાહમાં માર્યો જાઉં. શાયદ મારી ગણતરી એ લોકોમાં થાય કે જેઓ કયામતના દિવસે આપના જદ્દે અમ્જદ હઝરત મોહંમદ (સ.) સાથે મુસાફો કરશે.

સંપાદક કહે છે કે હુરનો મકસદ એ હતો કે હું એ વખતે પહેલો શહીદ ગણાઉં, નહીંતર એના પહેલાં અસ્હાબની એક જમાઅત શહીદ થઈ ચૂકી હતી જેમ કે એવું રિવાયતમાં મળે છે, તેના પછી ઈમામ હુસૈન (અ.)એ તેમને રજા આપી. હુરે જંગ કરવાનું શરૂ કર્યું, અને એવી બહાદુરીપૂર્વક હુમલા કર્યા કે મોટા મોટા શૂરવીરો અને બહાદુરોની જમાઅતને તલવાર નીચે લાવી દીધા. થોડીક જ વાર પછી આપે શહાદતનો જામ પીધો.

તેમની લાશને ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં લાવવામાં આવી તો હઝરતે હુરના ચહેરા ઉપરથી ધૂળ સાફ કરતાં કરતાં ફરમાવ્યું, (અન્તલ હુર.....વલ આખેરહ) (અરબીમાં) તમે આઝાદ મર્દ છો દુનિયા અને આખેરતમાં કે જેવી રીતે તમારી માએ તમારું નામ હુર રાખ્યું છે.

**બુરૈર બિન ખઝીર :**

રાવી કહે છે કે એ સમય દરમિયાન એક ઝાહિદ અને આબિદ માણસ કે જેનું નામ બુરૈર બિન ખઝીર હતું, તે મેદાનમાં નીકળ્યો અને તેમના મુકાબલા માટે યઝીદ બિન મુઅકકલ મેદાનમાં આવ્યો, અને પછી બન્નેએ અંદરો અંદર નક્કી કર્યું કે તેઓ એકબીજા સાથે મુબાહેલો કરે, અને અલ્લાહથી દુઆ માગીએ કે જે પણ બાતિલ ઉપર હોય, અલ્લાહ તેને બીજાના હાથોથી મારે. ત્યાર પછી તેઓ જંગ લડવામાં મશગૂલ થઈ ગયા. બુરૈરે તેને કતલ કરી નાખ્યો, અને પોતે જંગ લડતાં લડતાં શહીદ થયા.

**વહબ બિન જનાહ કલબી :**

તેમના પછી વહબ બિન જનાહ કલબી મેદાનમાં આવ્યા. દુશ્મનો ઉપર કેટલાય જબરદસ્ત હુમલા કર્યા. ત્યાર પછી પોતાની મા અને ઝૌજાની પાસે પાછા આવ્યા, કે જે કરબલામાં મોજૂદ હતાં. માને અરજ કરી, અય મા ! શું આપ મારાથી રાજી થયાં છો ? માએ જવાબ આપ્યો, ના, તમારાથી ત્યાં સુધી રાજી નહીં થાઉં જ્યાં સુધી તમે ઈમામ હુસૈન (અ.)ની મદદ કરવામાં શહીદ ન થઈ જાઓ.

તો તેમની ઝૌજાએ કહ્યું, તમને અલ્લાહનો વાસ્તો, મને બેવા ન કરો. તો તેની માએ કહ્યું, તેની વાત સાંભળતા નહીં, પાછા ચાલ્યા જાઓ. અને પયગમ્બર (સ.)ના નવાસા પર પોતાનો જીવ કુરબાન કરી દો, જેથી કયામતના દિવસે તેમના નાનાની શફાઅત નસીબ થાય.

વહબ ફરીથી મેદાને જંગની તરફ પાછા ફર્યા અને જંગ કરવાનું શરૂ કર્યું એટલે સુધી કે તેમના હાથ શરીરથી જુદા થઈ ગયા તો તેમની ઝૌજા ખૈમાનો ડંડો લઈને તેમના તરફ આગળ વધી અને કહી રહી હતી. મારાં માબાપ તમારા ઉપર કુરબાન થાય, અહલેબૈતે રસૂલલ્લાહના હરમની મદદ માટે જંગ કરો. તેથી વહબ તેની તરફ આવ્યા કે જેથી તેને ખૈમાની તરફ પાછી મોકલી દે, પરંતુ તેની ઝૌજાએ તેમના પાલવને મજબૂત પકડીને કહ્યું, હું પાછી નહીં જાઉં, એટલે સુધી કે શહીદ થઈ જાઉં.

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અલ્લાહ તને અહલેબૈતની મદદ કરવાનો બદલો આપે, ખૈમાની તરફ પાછાં ચાલ્યાં જાઓ. વહબની ઝૌજા પાછી ગઈ, પરંતુ વહબે જંગ કર્યો એટલે સુધી કે તેઓ શહાદતના દરજ્જા ઉપર ફાએઝ થઈ ગયા.

**મુસ્લિમ બિન અવસજા :**

તેમના પછી મુસ્લિમ બિન અવસજા મેદાનમાં આવીને દુશ્મનોની સાથે જંગ કરતા રહ્યા અને ખૂબ શૂરવીરતાપૂર્વક જંગ કરતા રહ્યા એટલે સુધી કે ઘોડા ઉપરથી નીચે પડી ગયા. હજુ શરીરમાં જીવ બાકી હતો તો ઈમામ હુસૈન (અ.) તેમની પાસે પહોંચ્યા. હબીબ ઈબ્ને મઝાહિર પણ આપની સાથે હતા. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અય મુસ્લિમ ! અલ્લાહ તમારી બક્ષિસ ફરમાવે. ત્યાર પછી આ આયતે શરીફાની તિલાવત કરી. (ફમનહુમ મન.....તબ્દીલા) (અરબીમાં) અનુવાદ : એમનામાંથી કેટલાક શહીદ થયા અને કેટલાક શહાદતની વાટ જોઈ રહ્યા છે અને તેમણે અલ્લાહના અહદને બદલી નાખ્યો નથી.

હબીબે આગળ વધીને કહ્યું, અય મુસ્લિમ ! તમારું શહીદ થવું મારા માટે ખૂબ જ કપરું છે, પરંતુ તમને જન્નતની મુબારકબાદ પેશ કરું છું. મુસ્લિમે કમજોર અવાજમાં જવાબ આપ્યો, અલ્લાહ તમને ખૈરની બશારત કરે.

હબીબે કહ્યું, અગર મને એ બાબતનું યકીન ન હોત કે હું પણ તમારા પછી શહીદ થઈ જઈશ તો તમને કહેતો કે મને કંઈક વસિયત કરો.

મુસ્લિમે હઝરત ઈમામ હુસૈન (અ.)ની તરફ ઈશારો કરીને કહ્યું કે હું તમને વસિયત કરું છું કે તેમની મદદમાં કમી કરતા નહીં.

હબીબે કહ્યું, હું તમારી વસિયત પર અમલ કરીશ, અને તમારી આરઝૂને પૂરી કરીશ. ત્યાર પછી મુસ્લિમની રૂહ શરીર રૂપી પાંજરામાંથી પરવાઝ કરી ગઈ.

**ઉમરૂ બિન કુર્તા અન્સારી :**

ત્યાર પછી ઉમરૂ બિન કુર્તા અન્સારી ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં હાજર થયા, અને જંગની ઈજાઝત માગી. હઝરત (અ.)એ પરવાનગી આપી. ઉમરૂએ શહાદતની આરઝૂ સાથે ઈમામ (અ.)ની મદદ કરવામાં એવો જંગ કર્યો કે ઈબ્ને ઝિયાદના ઘણા બધા ફોજીઓને જહન્નમ વાસિલ કર્યા, અને જે પણ તીર ઈમામ (અ.)ની તરફ આવતું, તેના માટે પોતાના હાથોને ઢાલ બનાવી લેતા.

દરેક તલવારને પોતાની છાતી પર રોકતા. જ્યાં સુધી તેમના શરીરમાં જીવ રહ્યો, કોઈ પણ તકલીફ રસૂલ (સ.)ના નવાસાને પહોંચવા ન દીધી, અને જ્યારે તેમનું શરીર જખમોથી ચૂર ચૂર થઈ ગયું તો તેમણે ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં અરજ કરી, શું મેં મારો વાયદો વફા નથી કર્યો ?

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, હા, તમે મારા પહેલાં બેહિશ્તમાં જશો. રસૂલુલ્લાહ (સ.)ની ખિદમતમાં મારા સલામ પેશ કરજો અને કહેજો કે હુસૈન (અ.) પણ મારા પછી આવી રહ્યા છે. ત્યાર પછી ઉમરૂએ ફરીથી જંગ શરૂ કર્યો અને શહીદ થઈ ગયા.

**શ્યામવર્ણી ગુલામ, જૉન અને તેમનો જંગ :**

ત્યાર પછી જનાબે અબૂ ઝર (રઝી.અ.)ના હબશી ગુલામ જૉન ઈમામ (અ.)ની ખિદમતમાં હાજર થયા. ઈમામ હુસૈન (અ.)એ તેમને ફરમાવ્યું, હું તમને આ સરઝમીનથી જવાની પરવાનગી આપું છું. તમે તમારા જીવની હિફાઝત કરો, કેમ કે તમે અમારી સાથે આવ્યા હતા, જેથી ખુશી અને સલામતી મળે. હવે તમારો જીવ ખતરામાં ન નાખો.

જૉને અરજ કરી, અય ફરઝંદે પયગમ્બર (સ.) ! હું ખુશી અને આનંદના જમાનામાં તો આપની સાથે રહું અને જ્યારે આપના ઉપર મુશ્કેલીનો સમય આવી પહોંચ્યો છે તો આપને એકલા છોડીને ચાલ્યો જાઉં ? (ઈન્ન રીહતી.....વલૌની લા સૂદ) (અરબીમાં)

અલ્લાહની કસમ, જો કે મારું શરીર બદબૂદાર છે, મારો હસબ નસબ પસ્ત (નીચો) છે, અને મારો રંગ કાળો છે, પરંતુ આપ મારા ઉપર એહસાન ફરમાવો, અને મને જન્નતની કાયમી જિંદગીથી સૌભાગ્યશાળી બનાવો કે જેથી મારું શરીર ખુશબૂદાર થઈ જાય, મારો હસબ નસબ, શરીફ અને મારો ચહેરો નૂરાની થઈ જાય. અલ્લાહની કસમ, હું એ સમય સુધી આપનાથી દૂર નહીં થાઉં, જ્યાં સુધી મારું કાળું ખૂન આપના પાક ખૂનની સાથે ભળી ન જાય.

ત્યાર પછી જોને જંગ કરવાનું શરૂ કરી દીધું, એટલે સુધી કે લડતાં લડતાં શહાદતના મહાન મરતબા ઉપર ફાએઝ થઈ ગયા.

**ઉમરૂ બિન ખાલિદ સૈદાવી :**

તેમના પછી ઉમરૂ બિન ખાલિદ સૈદાવી ઈમામ હુસૈન (અ.)ની ખિદમતમાં હાજર થયા, અને અરજ કરી, યા ઈબ્ને રસૂલલ્લાહ ! મારો જીવ આપના ઉપર કુરબાન થાય, મેં પાકો ઈરાદો કરી લીધો છે કે અન્સારમાં શામેલ થઈ જાઉં, અને આપના અહલેબૈતે અત્હારને મિત્ર અને મદદગાર વગર કતલ થઈ જતા ન જોઉં. તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, જાઓ, અમે પણ થોડી વાર પછી તમને આવીને મળીશું. ઉમરૂએ દુશ્મનો ઉપર હુમલો કર્યો અને જંગ કરતા કરતા શહીદ થયા.

**હંઝલા બિન સઅદ શામી :**

એ અરસામાં હંઝલા બિન સઅદ શામી ઈમામ હુસૈન (અ.)ની સામે એવી હાલતમાં આવ્યા કે તેમણે પોતાની છાતીને તલવારો, નેઝાઓ અને તીરોના મુલાબલામાં ઢાલ બનાવી દીધી હતી. આપ કૂફાના સૈનિકો સામે મોઢું કરીને ઊભા રહ્યા. ઈબ્ને ઝિયાદના સિપાહીઓની સામે અઝાબની આયતની તિલાવત કરી, અને તેમને અલ્લાહના ખોફથી ડરાવ્યા.

આ આયતોનો જાહેરી અર્થ એવો છે કે અય લોકો ! હું ડરું છું કે અલ્લાહનો અઝાબ ક્યાંક તમારા ઉપર પણ નાઝિલ ન થઈ જાય કે જેવી રીતે ભૂતકાળની કોમો ઉપર નાઝિલ થયો હતો. જેવી રીતે કોમે નૂહ, કોમે આદ, કોમે સમૂદ. અને એમના પાછળવાળાઓ પર અઝાબ નાઝિલ થયો. અલ્લાહ પોતાના બંદાઓ ઉપર જુલ્મ નથી કરતો. અય કોમ ! હું તમારી બાબતમાં કયામતના દિવસના અઝાબથી ડરું છું કે તે એવો દિવસ હશે કે તમે તમારા ચહેરા જહન્નમ તરફ ફેરવીને જઈ રહ્યા હશો અને કોઈ એવો નહીં હોય કે જે તમને અલ્લાહના અઝાબથી બચાવી લે. અય લોકો ! હુસૈન (અ.)ને કતલ ન કરો, નહીંતર અલ્લાહ તમારા ઉપર એક એવો અઝાબ નાઝિલ કરશે કે જેનાથી તમે હલાક થઈ જશો, અને એ માણસ નુકસાનમાં છે કે જે અલ્લાહ તઆલા પર બોહતાન બાંધે.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ની તરફ જોયું અને પોતાની આરઝૂને પ્રગટ કરતાં અરજ કરી, શું અમે અમારા ખાલિકની તરફ પાછા ન જઈએ અને અમારા ભાઈઓ સાથે મુલાકાત ન કરીએ ? તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, જાઓ, એ તરફ કે જે આ દુનિયા અને જે કંઈ આ દુનિયામાં છે તેનાથી બહેતર છે, અને તે બાદશાહી તરફ જાઓ કે જેની કદી પડતી થવાની નથી. હંઝલા મેદાનમાં આવ્યા અને ખૂબ શૂરવીરતાપૂર્વક લડતાં લડતાં શહાદતનો જામ પી લીધો.

**આશૂરાની નમાઝે ઝોહર :**

જેવો નમાઝે ઝોહરનો સમય થયો તો ઈમામ હુસૈન (અ.)એ ઝુહૈર બિન કૈન અને સઈદ બિન અબ્દુલ્લાહને હુકમ કર્યો કે તેઓ થોડાક અસ્હાબની સાથે તેમની સામે સફ બનાવીને ઊભા થઈ જાય, જેથી ઈમામ હુસૈન (અ.)એ બીજા કેટલાક અસ્હાબ સાથે નમાઝે ઝોહર જમાઅતની સાથે અદા કરી.

આ અરસામાં દુશ્મનોએ ઈમામ હુસૈન (અ.)ની તરફ તીર વરસાવવાનું શરૂ કર્યું. સઈદ બિન અબ્દુલ્લાહ આગળ વધ્યા, અને ઈમામ હુસૈન (અ.)ની આગળ ઊભા થઈ જઈને તીરોને પોતાની છાતી ઉપર રોકવા લાગ્યા, એટલે સુધી કે તીર ખાતાં ખાતાં કમજોર થઈને જમીન ઉપર ઢળી પડ્યા. આવી હાલતમાં તેઓ કહી રહ્યા હતા કે યા અલ્લાહ ! આ જાલિમ કોમ પર આદની કોમ અને સમૂદની કોમની માફક લાઅનત ફરમાવ અને મારા સલામ મારા પયગમ્બર (સ.)ને પહોંચાડ. અને મારા શરીર પર જે જખમ લાગ્યા છે તેની જાણકારી આપ, કેમ કે મારો મકસદ તારા પયગમ્બર (સ.)ની ઓલાદની મદદ કરવાનો અને તારી ખુશનૂદી મેળવવાનો છે, આવાં વાક્યો કહેતાં કહેતાં તેઓ દુનિયાથી વિદાય થયા. એવી રીતે જે સમયે સઈદ બિન અદુલ્લાહના જખમી શરીરને જોવામાં આવ્યું તો તલવારો, નેઝાઓના જખમો ઉપરાંત તેર તીરોનાં ફણાં બદનમાં ઘૂસી ગયેલાં જોવા મળ્યાં.

**સવીદ બિન ઉમરૂ બિન અબી મતાઅ :**

તેમના પછી સવીદ બિન ઉમરૂ બિન અબી મતાઅ, જો કે એક શરીફ નફસવાળા અને ખૂબ નમાઝો પઢવાવાળા માણસ હતા, તે મેદાનમાં આવ્યા, અને શેરની માફક જંગ કરવામાં મશગૂલ થઈ ગયા. આપે ખૂબ જ પ્રમાણમાં સખ્તીઓ અને મુશ્કેલીઓમાં ખૂબ સબર કર્યો, એટલે સુધી કે જખ્મોને સહન ન કરવાને લીધે કતલ થયેલાઓની વચ્ચે ઢળી પડ્યા. તેઓ એવી હાલતમાં હતા કે તેમનાથી હલનચલન થતું જોવા મળતું ન હતું. એ અરસામાં તેમણે ઈબ્ને ઝિયાદના સિપાહીઓને એવું કહેતાં સાંભળ્યા કે હુસૈન (અ.)ને શહીદ કરી દેવામાં આવ્યા છે. આ ખબર સાંભળવાથી સવીદ બેતાબ થઈ ગયા અને પોતાના જૂતામાંથી ખંજર કાઢીને બીજી વાર જંગ લડવામાં મશગૂલ થઈ ગયા, એટલે સુધી કે શહીદ થઈ ગયા.

રાવી કહે છે કે ઈમામ હુસૈન (અ.)ના અસ્હાબ તેમની મદદ માટે એકબીજા ઉપર પહેલ કરતા હતા કે જેને શાયર આ રીતે બયાન કરે છે :

અર્થાત્ ઈમામ હુસૈન (અ.)ના અસ્હાબ એવા શૂરવીર માણસો હતા કે જ્યારે તેમને મુસીબતને દફેઅ કરવા માટે પોકારવામાં આવતા કે જેમના મુકાબલામાં દુશ્મનોનું એવું ટોળું કે જે સંપૂર્ણરીતે શસ્ત્રસજ્જ હતું તો આવા ખતરનાક સમયમાં તેઓ પોતાની ઝિરહોને પોતાની છાતી પર સજાવીને અને પોતાની જાતને મોતના મોઢામાં ધકેલી દેતા હતા.

**અલી અકબર (અ.)ની શહાદત :**

જ્યારે ઈમામ હુસૈન (અ.)ના વફાદાર સાથીઓના શરીરોના ટુકડા થઈ ગયા, અને બધા કરબલાની ખાક ઉપર સૂઈ ગયા તો અહલેબૈતના સિવાય કોઈ બાકી ન રહ્યું, તો એ વખતે હઝરત (અ.)ના ફરઝંદ અલી બિનુલ હુસૈન કે જેમનો ચહેરો બધા લોકોથી ખૂબસૂરત હતો અને જેમના અખ્લાક બધાં કરતાં ઉચ્ચ પ્રકારના હતા, તે પોતાના બાબાની ખિદમતમાં આવ્યા અને જંગની રજા માગી. ઈમામ હુસૈન (અ.)એ કોઈ પણ બહાના વગર આપને રજા આપી દીધી. (સુમ્મ નઝરલ્લાહ......મિન્હો) ત્યાર પછી નિરાશા ભરેલી નજર તેમના ઉપર નાખી અને તેમના ચહેરા પર અનાયાસે આંસુ વહેવા લાગ્યાં અને કહ્યું,

(અલ્લાહુમ્મા......નઝરના અલ્લાહ) (અરબીમાં)

(યા અલ્લાહ ! ગવાહ રહેજે કે હવે હું એવા જવાનને આ જાલિમો તરફ મોકલી રહ્યો છું કે જે સૂરત અને સીરતમાં, અને બોલચાલમાં તારા રસૂલ (સ.) સાથે સૌથી વધારે મળતો આવે છે, અને જ્યારે કોઈક વાર અમે પયગમ્બર (સ.)ની ઝિયારતના મુશ્તાક થઈ જતા તો આ જવાનને જોઈ લેતા હતા.)

ત્યાર પછી ઉમર બિન સઅદની તરફ મોઢું ફેરવીને બુલંદ અવાજમાં કહ્યું,

(યબ્ન સઅદ......રજમી) (અરબીમાં) અય સઅદના બેટા ! અલ્લાહ તારી નસલને કાપી નાખે, જેવી રીતે તેં મારી નસલ આ જવાનથી ખતમ કરી છે. એ વખતે અલી બિનુલ હુસૈન દુશ્મનોની નજીક પહોંચ્યા અને જંગ કર્યો, અને ખૂબ જ સખત લડાઈ કરી, અને મોટી સંખ્યામાં દુશ્મનોને કતલ કરી નાખ્યા, અને ફરીથી પોતાના બાપની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી,

(યા અબ્ત.....માએ સબીલ ?) (અરબીમાં)

અય બાબાજાન ! તરસે મને મારી નાખ્યો છે અને હથિયારોના બોજાએ થકવી નાખ્યો છે. શું થોડુંક પાણી શક્ય છે કે જે મને પ્યાસથી નજાત આપે ?

ઈમામ હુસૈન (અ.)એ રડતાં રડતાં ફરમાવ્યું, મારા પ્યારા બેટા ! પાછા ચાલ્યા જાઓ, થોડી વાર માટે જંગ કરો કેમ કે એ વખત નજીક આવી ચૂક્યો છે કે તમે તમારા જદ્દે બુઝુર્ગવાર હઝરત મોહંમદ (સ.)થી મુલાકાત કરો અને તેમના મુબારક હાથથી એવો કૌસરનો જામ પીશો કે જેના પછી કદી પણ તરસ નહીં લાગે.

અલી અકબર ફરી વાર મેદાનમાં ખૂબ ફિદાકારીની સાથે આવ્યા, અને દિલમાં શહાદતની આરઝૂ લઈને, ખૂબ જ જોરદાર હુમલો દુશ્મનો ઉપર કર્યો. અચાનક મન્કદ બિન મર્હ અબ્દી લાઅનતુલ્લાહે એવો નેઝો માર્યો કે જેના વાગવાથી લડવાની તાકાત ખતમ થઈ ગઈ, જમીન પર પડી ગયા અને ફરિયાદ કરી :

(યા અબ્તાહો......કોદૂમલ નીના) (અરબીમાં)

બાબાજાન ! આપના પર મારા આખરી સલામ ! ખુદા હાફિઝ, આ મારા જદ્દે બુઝુર્ગવાર હઝરત મોહંમદ (સ.) છે કે જે આપને સલામ કહે છે, અને ફરમાવી રહ્યા છે, અય હુસૈન ! જલ્દી અમારી પાસે આવી જાઓ.

ઈમામ હુસૈન (અ.) તશરીફ લાવ્યા, અને અલી અકબરના સિરહાને બેસી ગયા (વ વઝએ.....ખદ્દા) અને પોતાના ગાલ અલી અકબરના ગાલ ઉપર રાખીને ફરમાવ્યું, (કતલલ્લાહ....કતલોક) પ્યારા બેટા ! અલ્લાહ એ કોમને હલાક કરે કે જેણે તને કતલ કર્યો. આ કોમ અલ્લાહ પર કેટલી બધી ગુસ્તાખ અને રસૂલલ્લાહ (સ.)ની હુર્મતને પાયમાલ કરવાવાળી છે. (અલદ દુન્યા......અલ અફા.) અય મારી આંખોના નૂર ! તારા પછી આ દુનિયા ધૂળ જેવી છે.

રાવી કહે છે કે હઝરત ઝૈનબ (અ.) ખૈમામાંથી બહાર આવ્યાં અને મેદાનની તરફ ચાલ્યાં, અને દર્દનાક અવાજમાં કહી રહ્યાં હતાં (અરબીમાં) જ્યારે ભત્રીજાની લાશ પર પહોંચ્યા તો પોતાની ઝાતને અકબરની લાશ ઉપર પાડી દીધી, જો કે તે ટુકડે ટુકડા થઈ ચૂકેલી હતી. ઈમામ હુસૈન (અ.) આવ્યા, અને તેમને પડદાનશીન બીબીઓના ખૈમામાં લઈ ગયા. ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ના અહલેબૈત એક બીજા પછી મેદાનમાં જતા રહ્યા, એટલે સુધી કે તેમનામાંથી એક જમાઅત ઈબ્ને ઝિયાદના સિપાહીઓના હાથે કતલ થઈ. એ વખતે ઈમામ હુસૈન (અ.)એ અવાજ આપ્યો, અય મારા પિત્રાઈ ભાઈઓ ! અને અય મારા અહલેબૈત ! સબ્ર કરો, અલ્લાહની કસમ, આજના પછી તમે કદાપિ ઝિલ્લત અને નામોશી નહીં જુઓ.

**હઝરત કાસિમ (અ.)ની શહાદત :**

રાવી કહે છે કે એક એવો તેર વર્ષનો નવજવાન મેદાનમાં આવ્યો કે જેનો ચહેરો ચૌદવીના ચાંદની માફક હતો. તેણે બહાદુરીનાં જૌહર દેખાડ્યાં. ઈબ્ને ફઝીલ અઝદીએ તેના સર પર તલવાર મારી અને તેના સરને ચીરી નાખ્યું, તેણે જમીન પર પડતાં પડતાં અવાજ આપ્યો, યા ઉમ્માહ !

ઈમામ હુસૈન (અ.) શિકારી બાઝ પક્ષીની માફક ખૂબ જ ઝડપથી મેદાનમાં આવ્યા, અને ગઝબનાક શેરની માફક તે સિપાહી પર હુમલો કર્યો, અને પોતાની તલવારથી ઈબ્ને ફઝીલ પર વાર કર્યો, અને તેણે પોતાના હાથને ઢાલ બનાવી, અને તેનો હાથ કોણીથી જુદો થઈ ગયો, અને તેણે ફરિયાદ કરી કે જે તેના લશ્કરવાળાઓએ સાંભળી અને કૂફાવાળાઓએ હુમલો કર્યો કે જેથી તેને નજાત આપે, પરંતુ તેને ઘોડાઓની ખરીઓથી કચડી નાખવામાં આવ્યો.

રાવી કહે છે, જ્યારે ધૂળ શમી ગઈ તો મેં જોયું કે હુસૈન (અ.) એ જવાનના સિરહાને ઊભા છે, અને તે જીવ નીકળવાની હાલતમાં પોતાના પગને જમીન પર રગડી રહ્યો છે. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, (બુઅદન .....વઅબૂક)

અલ્લાહ તઆલાની રહેમતથી વંચિત રહે એ લોકો કે જેમણે તને કતલ કર્યો, અને કયામતના દિવસે તારા કાતિલોથી દુશ્મની કરવાવાળા તારા જદ્દે બુઝુર્ગવાર અને તારા બાપ હશે. ત્યાર પછી ફરમાવ્યું,

(ઈઝઝો અલ્લાહ.....સૌતહુ)

અલ્લાહની કસમ, આ સમય તારા કાકા માટે ખૂબ જ કપરો છે કે તું તેમને પોકારે અને તે જવાબ ન આપે, અથવા જવાબ આપે કે જ્યારે તારા માટે ફાયદાકારક ન હોય અલ્લાહની કસમ, આજે એ દિવસ છે કે તારા કાકાના દુશ્મનો વધારે અને મદદગારો ઓછા છે.

ત્યાર પછી તે જવાનની લાશને પોતાની છાતી સાથે લગાવી અને પોતાના અહલેબૈતના કતલ થયેલા લોકોની વચ્ચે લઈ ગયા અને જમીન પર મૂકી દીધી.

જ્યારે ઈમામ હુસૈન (અ.)ના તમામ જાંનિસારો શહાદતનો શરબત પી ચૂક્યા તો આપ અલ્લાહની રાહમાં જાંનિસારી અને શહાદત માટે તૈયાર થયા, અને બુલંદ અવાજમાં ફરમાવ્યું,

(હલ મિન...... બેગાશતેના ?)

શું કોઈ છે કે જે દુશ્મનોને રસૂલલ્લાહની હરમથી દૂર કરે ? શું કોઈ અલ્લાહ પરસ્ત છે કે જે અમારા હકમાં અલ્લાહથી ડરે ? શું કોઈ છે કે જે અલ્લાહ ખાતર અમારી મદદ કરે ? આ કલામ પડદાનશીન બીબીઓએ સાંભળ્યા તો બુલંદ અવાજથી રડવા લાગી.

**દૂધપીતા બાળકની શહાદત :**

ઈમામ હુસૈન (અ.) ખૈમાના દરવાજા પર આવ્યા, અને હઝરત ઝૈનબ (અ.)ને ફરમાવ્યું,

(નાવેલૈની.....અવદ્દહુ)

મારો નાનકડો અસગર મને આપી દો, જેથી તેને વિદાય કરું. બાળકને પોતાના હાથો પર લીધો અને ઈચ્છતા હતા કે તેને બોસા આપે તેવામાં અચાનક હુરમલા બિન કાહિલ અસદી (લા'નતુલ્લાહ)એ તેને તીરનો નિશાનો બનાવી દીધો. તે તીર એ મા'સૂમના ગળા ઉપર જઈને વાગ્યું અને તે દુનિયાથી વિદાય થઈ ગયું. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, આ બાળકને લઈ લો અને પછી પોતાનો હાથ તેના ગળાની નીચે લઈ જતાં અને જ્યારે આપનો હાથ ખૂનથી ભરાઈ જતો તેને આસમાન તરફ ફેંકીને

ફરમાવતા કે આ મસાએબ મારા પર આસાન છે કેમ કે તે અલ્લાહની રાહમાં છે અને અલ્લાહ જોઈ રહ્યો છે.

હઝરત ઈમામ બાકિર (અ.) ફરમાવે છે કે એ ખૂન કે જે ઈમામ હુસૈન (અ.)એ આસમાનની તરફ ફેંક્યું તેનું એક ટીપું પણ જમીન પર પાછું ન આવ્યું.

**કમરે બની હાશિમ (અ.)ની ફિદાકારી અને શહાદત :**

રાવી કહે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) ઉપર તરસનું વર્ચસ્વ જામી ગયું તો આપ પોતાના ભાઈ અબ્બાસ (અ.)ની સાથે નહેરે ફુરાત ઉપર તશરીફ લાવ્યા. ઈબ્ને સઅદના સિપાહીઓ હરકતમાં આવી ગયા અને તેમનો રસ્તો રોકી દીધો. બની દારમ કબીલાના એક માણસે તેમની તરફ તીર ફેંક્યું કે જે હઝરત (ના પાક મોઢા) ઉપર વાગ્યું. ઈમામ હુસૈન (અ.)એ તીરને ખેંચી કાઢ્યું અને ખૂન પોતાના ખોબામાં લીધું. અને જ્યારે ખોબો ભરાઈ ગયો તો તેને ફેંકી દીધું અને ફરમાવ્યું, યા અલ્લાહ ! હું તારી બારગાહમાં શિકાયત કરું છું, એ લોકોના એ જુલ્મોની કે જે તેમણે તારા પયગમ્બર (સ.)ના બેટા ઉપર કર્યા છે. ત્યાર પછી ફોજોએ અબ્બાસ (અ.) અને હુસૈન (અ.)ની વચ્ચે જુદાઈ નાખી દીધી, અને અબ્બાસ (અ.)ને બધી બાજુએથી ઘેરી લીધા, એટલે સુધી કે તેમને શહીદ કરી દીધા. ઈમામ હુસૈન (અ.) તેમની શહાદત પર ખૂબ જ રડ્યા. આ એ મકામ છે કે જ્યાં શાયર કહે છે :

અનુવાદ : સૌથી વધારે રડવામાં આવે તે માટે તે હકદાર છે કે જેમણે ઈમામ હુસૈન (અ.)ને પોતાની મુસીબત પર રડાવ્યા. તે ઈમામ હુસૈન (અ.)ના ભાઈ અને તેમના બાપના બેટા અર્થાત્ અબુલ ફઝલ છે કે જે ખૂનમાં રગદોડાયેલા હતા કે જેમણે ઈમામ હુસૈન (અ.)ની સાથે વફાદારી કરી અને કોઈ વસ્તુ તેમને ઈમામ હુસૈન (અ.)ની સાથે ફિદાકારી કરવાથી રોકી શકી નહીં, અને તરસની હાલતમાં આપ ફુરાત પર પહોંચ્યા જો કે, ઈમામ હુસૈન (અ.) તરસ્યા હતા તેમ છતાં પાણી ન પીધું.

**ઈમામ હુસૈન (અ.)ની શુજાઅત :**

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ લશ્કરને જંગ માટે માગણી કરી અને જે માણસ તેમના મુકાબલામાં આવતો હતો તેને કતલ કરી નાખતા, એટલે સુધી કે મોટી સંખ્યાને કતલ કરી નાખી. એ વખતે ફરમાવતા હતા :

(અલ મૌતો ઊલા.....દોખુલિન્નાર)

કતલ થવું તે ઝિલ્લત કબૂલ કરવાથી બહેતર છે.

પરંતુ ઝિલ્લતને કબૂલ કરવી, જહન્નમમાં જવાથી બહેતર છે.

એક રાવી કહે છે, અલ્લાહની કસમ, મેં કદાપિ કોઈને એવો જોયો નથી કે દુશ્મનની ફોજોએ તેને ઘેરામાં લઈ લીધેલ હોય, તેની ઓલાદ અને મદદગારોને કતલ કરી દેવામાં આવ્યા હોય અને એવી હાલતમાં ઈમામ હુસૈન (અ.) કરતાં વધારે બહાદુર કોઈ હોય. જે વખતે દુશ્મનનાં લશ્કર તેમના ઉપર હુમલો કરતાં હતાં તો તે તલવાર બહાર કાઢીને તેમના ઉપર હુમલો કરી દેતા હતા અને દુશ્મનો ઘેટાં, બકરાંની માફક નાસી જતા હતા કે જે વરૂના ખોફથી નાસી જતાં હોય છે. હઝરત જે જમાઅતને પોકારતા હતા તેની સંખ્યા ૩૦,૦૦૦ જેટલી હતી અને ત્યાર પછી હઝરત પોતાની મુખ્ય જગ્યાએ પાછા આવી જતા હતા અને ફરમાવતા હતા :

(લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ)

અને સતત તેમની સાથે જંગ કરતા રહ્યા, એટલે સુધી કે દુશ્મનોનાં લશ્કર ખૈમાઓ પર હુમલો કરવા માટે આગળ વધ્યાં તો ઈમામ હુસૈન (અ.)એ બુલંદ અવાજમાં ફરિયાદ કરી,

(વ યલકુમ......દુન્યાકુમ)

અફસોસ થાય તમારા ઉપર અય આલે અબૂ સુફયાનને માનનારાઓ ! અગર દીનદાર ન હો અને કયામતના દિવસથી નથી ડરતા તો ઓછામાં ઓછું પોતાની દુનિયામાં તો આઝાદ બનીને રહો. શિમ્રે કહ્યું, અય ફાતેમા (અ.)ના ફરઝંદ ! શું કહો છો ? ઈમામ (અ.)એ ફરમાવ્યું,

(ઉકાતેલોકુમ.....જોનાહ)

હું તમારી સાથે જંગ કરી રહ્યો છું અને તમે મારી સાથે જંગ કરી રહ્યા છો. સ્ત્રીઓનો તો કોઈ કસૂર નથી. જ્યાં સુધી હું જીવતો છું તમારા સરકશ, નાદાન અને જાલિમ લોકો મારા હરમની નજીક ન જાય. શિમ્રે કહ્યું, અમે એ બાબત કબૂલ કરીએ છીએ. ત્યાર પછી ફોજો આપની સાથે જંગ કરવા અને આપને શહીદ કરવા માટે આગળ વધી. ઈમામ હુસૈન (અ.)એ તેમના ઉપર હુમલો કર્યો. તેમણે પણ હઝરત (અ.) ઉપર હુમલો કર્યો. આ મોકા પર ઈમામ હુસૈન (અ.) તેમની પાસે પાણી માગતા હતા, પરંતુ તેઓ ઈન્કાર કરતા હતા. એટલે સુધી કે બોત્તેર જખમ આપના શરીર મુબારક પર લાગ્યા. (ફૌકત..... કેતાલ) જંગ કરવાથી થાકી ગયા તો એક ક્ષણ માટે આરામ કરવા માટે ઊભા થઈ ગયા. આરામ કરવા માટે ઊભેલા હતા એવામાં એક પથ્થર હઝરતની પેશાની ઉપર વાગ્યો, અને લોહી વહેવા લાગ્યું. અબાના દામનથી પોતાની પેશાનીનું ખૂન સાફ કરવા માગતા હતા તેવામાં અચાનક ઝેર પાયેલું ત્રણ ફણાવાળું તીર આવ્યું, અને હઝરતના પાક દિલ ઉપર વાગ્યું.

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું,

બિસ્મિલ્લાહે વબિલ્લાહે વ અલા મિલ્લતે રસૂલિલ્લાહ.

ત્યાર પછી આસમાનની તરફ સર ઊંચું કરીને કહ્યું, યા અલ્લાહ ! તું જાણે છે કે આ લશ્કર એને કતલ કરવાનો ઈરાદો ધરાવે છે કે જેના સિવાય જમીનની સપાટી ઉપર નબીનો કોઈ નવાસો નથી. ત્યાર પછી તીરને પીઠ તરફથી બહાર કાઢ્યું અને ફુવારાની માફક લોહી વહેવાનું શરૂ થઈ ગયું અને તેની અસરથી લડવાની શક્તિ ખતમ થઈ ગઈ. આપ ઊભા રહ્યા. જે માણસ આપને કતલ કરવાના ઈરાદાથી આગળ વધતો હતો, તે તરત જ પાછો હટી જતો હતો જેથી હુસૈન (અ.)નું ખૂન પોતાની ગરદન ઉપર ન લે, એટલે સુધી કે કુન્દા કબીલાનો એક માણસ માલિક બિન યસર આગળ વધ્યો અને તેણે તલવારથી હઝરતના માથા ઉપર હુમલો કર્યો. તલવાર હઝરતના અમામાની આરપાર નીકળી ગઈ. હઝરતનો અમામો ખૂનથી ભરાઈ ગયો. ઈમામ હુસૈન (અ.)એ રૂમાલ માગ્યો, માથા પર બાંધી દીધો. ટોપી માગી એને માથા પર રાખી. અમામો માથા પર બાંધ્યો. ઈબ્ને ઝિયાદનું લશ્કર થોડી વાર માટે રોકાઈ ગયું, અને ફરીથી પાછું આવ્યું. ઈમામ હુસૈન (અ.)ને ઘેરામાં લઈ લીધા.

**અબ્દુલ્લાહ બિન હસન (અ.)ની શહાદત :**

અબ્દુલ્લાહ બિન હસન બિન અલી (અ.) કે જે હજુ તો નાબાલિગ હતા, તે પડદાનશીન સ્ત્રીઓના ખૈમાઓમાંથી બહાર આવ્યા અને ઈમામ હુસૈન (અ.)ની તરફ ઝડપથી આગળ વધ્યા. હઝરત ઝૈનબ (અ.)એ તેમને રોકવાની ઈચ્છા કરી, પરંતુ બાળકે સખ્તીથી ઈન્કાર કરી દીધો અને કહ્યું, અલ્લાહની કસમ, હું મારા કાકાથી કદાપિ જુદો નહીં થાઉં.

એ વખતે અબજર બિન કઅબ અને એક કોલ મુજબ હુરમલા બિન કાહિલ (લા'નતુલ્લાહ અલૈહેમા)એ ઈમામ હુસૈન (અ.) પર તલવારથી હુમલો કરવાની ઈચ્છા કરી. તે બાળકે કહ્યું, અફસોસ થાય તારા ઉપર, અય હરામઝાદા ! શું મારા કાકાને કતલ કરવા ઈચ્છે છે ?

પરંતુ તે હરામઝાદાએ ઈમામ હુસૈન (અ.) પર તલવારથી હુમલો કર્યો. બાળકે પોતાનો હાથ તલવારની આગળ ધરી દીધો. બાળકનો હાથ કપાઈ ગયો અને તેનો અવાજ બુલંદ થયો, યા ઉમ્માહ ! ઈમામ હુસૈન (અ.)એ તેને પોતાની છાતી સાથે લગાવી દીધો અને ફરમાવ્યું,

અય ભત્રીજા ! તારા ઉપર જે મુસીબત નાઝિલ થઈ છે, તેના ઉપર સબ્ર કરો અને અલ્લાહથી ભલાઈની માગણી કરો. અલ્લાહ તમને તમારા સદાચારી ભૂતકાળની સાથે જોડી દે. અચાનક હુરમલા બિન કાહિલે એક તીર માર્યું અને તેને તેના કાકા હુસૈન (અ.)ના ખોળામાં જ શહીદ કરી દીધું.

ત્યાર પછી શિમ્ર બિન ઝિલ જૌશને ખૈમાઓ ઉપર હુમલો કર્યો અને તેણે પોતાના નેઝાથી કાણું પાડી દીધું અને કહ્યું, આગ લઈ આવો જેથી તે ખૈમાઓને સળગાવી દેવામાં આવે. ઈમામ હુસૈન (અ.)એ તેમને ફરમાવ્યું, અય ઝિલ જૌશનના બેટા ! તું આગ માગે છે કે જેથી મારા અહલેબૈતના ખૈમાઓને સળગાવી દે. અલ્લાહ તને જહન્નમની આગમાં સળગાવે. શીસ આવ્યો શિમ્રના આ કાર્યને વખોડવા લાગ્યો જેના કારણે શિમ્રને શરમ આવી, અને તે આવું કરવાથી દૂર ચાલ્યો ગયો.

ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, જેની કોઈ કિંમત ન હોય અને કોઈ તેમાં રૂચિ પેદા ન કરે કે જેથી હું મારા લિબાસની નીચે તેને પહેરું અને મારું શરીર ઊઘાડું ન રહે. એક તંગ પોષાક હઝરતની ખિદમતમાં લાવવામાં આવ્યો તો ફરમાવ્યું, આ પોષાક મારે નથી જોઈતો કેમ કે આ પોષાક ઝલીલ લોકોનો છે, અને જૂનો પોષાક લીધો અને તેને અમુક જગ્યાએથી ફાડી નાખીને લિબાસની નીચે પહેરી દીધો.

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ એક યમની લિબાસ મંગાવ્યો અને તેને પહેરી લીધો. પોષાકને ટુકડે ટુકડા કરવાનું કારણ એ હતું કે હઝરતની શહાદત પછી દુશ્મનો હઝરતના બદન પરથી લિબાસ ન ઉતારી લે. પરંતુ તે લિબાસને અબહર બિન કઅબે હઝરત (અ.)ના કતલ થવા પછી બદન ઉપરથી ઉતારી લીધો, અને ઈમામ હુસૈન (અ.)ને ઊઘાડા શરીરે જમીન પર છોડી દીધા. પરંતુ આ અમલના પરિણામે તેના બન્ને હાથ ગરમીની મોસમમાં સૂકી લાકડીની માફક સૂકાઈ જતા હતા અને ઠંડી ઋતુમાં પરૂ અને ખૂન નીકળતું હતું અને એવી જ હાલતમાં તે હલાક થયો.

રાવી કહે છે, જખમોને કારણે ઈમામ હુસૈન (અ.)નું બદન કમજોર થઈ ચૂક્યું હતું અને દુશ્મનનાં તીર હઝરતના પાક બદન પર એવી રીતે હતાં કે જેવી રીતે શાહૂડીનું શરીર કાંટાઓથી ભરપૂર હોય છે.

સાલેહ બિન વહબ મસ્ઝનીએ હઝરતના પડખા પર નેઝો માર્યો કે જેથી હઝરત ઘોડા પરથી જમીન પર નીચે પડી ગયા. એવી રીતે નીચે પડ્યા કે જમણો ગાલ જમીન પર આવી ગયો. આવી હાલતમાં ફરમાવતા હતા :

બિસ્મિલ્લાહે વબિલ્લાહે વ અલા મિલ્લતે રસૂલિલ્લાહ.

ત્યાર પછી જમીન ઉપર ઊભા થઈ ગયા. આ વખતે હઝરત ઝૈનબ (અ.) ખૈમામાંથી બહાર આવ્યાં અને મોટા અવાજે ફરિયાદ કરતાં ફરમાવ્યું,

(વા અખાહો..... અહલેબૈતાહ) અને કહેતાં હતાં,

(બૈત સ્સમાઅ.........અલસ્સહલ)

અય કાશ ! આસમાન જમીન પર પડી જતું અને પહાડ આપસમાં ટકરાઈને જમીન પર પડી જતા.

એ વખતે શિમ્રે પોતાની ફોજમાં બુલંદ અવાજથી કહ્યું, હવે શાનો ઈન્તેઝાર છે ? હુસૈન (અ.)નું કામ તમામ શા માટે કરતા નથી ? લશ્કરે દરેક તરફથી હુમલો કર્યો ઝરઆ બિન શરીકે ઈમામ હુસૈન (અ.)ના ડાબા હાથ પર તલવાર મારી. હઝરતે પણ તલવારથી તેના ઉપર હુમલો કર્યો અને તે જમીન પર પડી ગયો. એક બીજા માણસે ઈમામ હુસૈન (અ.)ના ખભા ઉપર તલવાર મારી. હઝરત મોઢાવરાણે જમીન પર પડી ગયા, અને ફરીથી જ્યારે ઉઠવાની ઈચ્છા કરી તો ખૂબ મુશ્કેલીથી ઉઠ્યા, પરંતુ ખૂબ કમજોરીના કારણે જમીન પર પડી જતા. સિનાન બિન અનસ નખઈએ ઈમામ હુસૈન (અ.)ના ગળા ઉપર નેઝો માર્યો અને પછી બહાર કાઢી દીધો. પછી હઝરતના છાતી પર નેઝો માર્યો. પછી એક તીર હઝરત હુસૈન (અ.)ની તરફ ફેંક્યું અને તે તીર હઝરતના ગળામાં વાગ્યું કે જેના કારણે જમીન પર પડી ગયા. પછી ઉઠ્યા અને બેસી ગયા અને ગળામાંથી તીર કાઢ્યું તો વહેતા ખૂનને માથા ઉપર અને દાઢી ઉપર ચોપડીને ફરમાવ્યું, હું આવી હાલતમાં અલ્લાહ સાથે મુલાકાત કરીશ કે મારા હકને ગસબ કરવામાં આવ્યો છે ?

ઉમર બિન સઅદે પોતાની જમણી તરફ ઊભેલા માણસને કહ્યું, વાય થાય તારા ઉપર, જલ્દીથી હુસૈન (અ.)ને કતલ કરો. ખુલી બિન યઝીદ અસ્બહીએ ઈચ્છા કરી કે ઈમામ હુસૈન (અ.)ના સરને બદનથી જુદું કરે, પરંતુ તેનું શરીર ધ્રુજવા લાગ્યું, અને તે પાછો ચાલ્યો ગયો. સિનાન બિન અનસ નખઈ ઉતર્યો અને ઈમામ હુસૈન (અ.)ના ગળા ઉપર તલવાર મારી અને કહ્યું, અલ્લાહની કસમ, હું આપના સરને જુદુ કરીશ જ્યારે કે હું જાણું છું કે આપ ફરઝંદે પયગમ્બર છો, અને માબાપ તરફથી શરીફ અને કુળવાન ઈન્સાન છો.

ત્યાર પછી હઝરતના સર મુબારકને બદનથી જુદું કર્યું. આ મકામ પર શાયર કહે છે. (ફાક રઝીત ....સિનાન)

તરજુમો : કઈ મુસીબત છે કે જે હુસૈન (અ.)ની મુસીબતની બરાબરી કરી શકે કે જે દિવસે સિનાન બિન અનસના નજિસ હાથોએ હઝરતને શહીદ કરી દીધા, અને સર મુબારકને બદનથી જુદુ કરી નાખ્યું.

અબૂ તાહિર મોહંમદ બિન હસન તરસી પોતાની કિતાબ (મઆલમુલ દીન)માં રિવાયત કરે છે કે ઈમામ સાદિક (અ.) ફરમાવે છે, જ્યારે ઈમામ હુસૈન (અ.) શહીદ થઈ ગયા તો ફરિશ્તા ફરિયાદ કરતા કરતા કહેવા લાગ્યા, યા અલ્લાહ ! હુસૈન (અ.) તારા ખાસ બંદા છે અને તારા પયગમ્બરના નવાસા છે કે જેમને એ લોકોએ શહીદ કર્યા છે. અલ્લાહ તઆલાએ હઝરત કાએમ ઈમામે ઝમાના (અજ્જલલ્લાહો ફરજશ્શરીફ)ની તસ્વીર તેમને બતાવી અને ફરમાવ્યું, આ માણસના હાથોથી ઈમામ હુસૈન (અ.)નો ઈન્તેકામ તેમના દુશ્મનોથી લઈશ.

અને રિવાયતમાં છે કે સિનાન બિન અનસને મુખ્તારે ગિરફતાર કર્યો, અને તેની આંગળીઓને સાંધાથી જુદી કરી, અને તેના પછી તેના હાથોને અને પગોને કાપી નાખ્યા અને એક ડેગમાં ઝેતૂનનું તેલ નાખીને આગ ઉપર રાખીને જ્યારે તે તેલ ઉકળવા લાગ્યું તો સિનાનને તેમાં ફેંકી દીધો અને તે હરામઝાદો વ્યાકુળતાની હાલતમાં રહ્યો, એટલે સુધી કે હલાક થઈ ગયો.

રાવી કહે છે કે એ વખતે કાળા રંગની આંધી ઊઠી કે જેના કારણે આસમાન પર અંધારું છવાઈ ગયું અને કંઈ દેખાતું ન હતું. લશ્કરે એવો ખયાલ કર્યો કે તેમના ઉપર અઝાબ નાઝિલ થઈ રહ્યો છે. થોડા સમય સુધી આવી પરિસ્થિતિ રહી, એટલે સુધી કે આંધી રોકાઈ ગઈ.

**ઈમામ હુસૈન (અ.)ની જિંદગીની આખરી ક્ષણો :**

હિલાલ બિન નાફેઅ રિવાયત કરે છે કે હું ઉમર બિન સઅદના લશ્કરમાં ઊભો હતો અચાનક એક માણસે બુલંદ આવાજમાં કહ્યું, અય અમીર ! તને ખુશખબર થાય કે શિમ્રએ હુસૈન (અ.)ને કતલ કરી દીધા છે. હું લશ્કરની સફમાંથી બહાર નીકળીને હુસૈન (અ.)ની સામે ઊભો થઈ ગયો. મેં જોયું કે હઝરત જીવ નીકળવાની હાલતમાં છે.

(ફવલ્લાહે.......ફી કતલેહ)

અલ્લાહની કસમ, મેં કદાપિ એવો માણસ નથી જોયો કે જેનો ચહેરો ખાક અને ખૂનમાં રગદોળાયેલો હોવા છતાં પણ આટલો બધો નૂરાની હોય. એટલા માટે હું આપને કતલ કરવાની ફિકરથી ગાફેલ થઈ ગયો. ઈમામ હુસૈન (અ.) આ પરિસ્થિતિમાં પાણી માગી રહ્યા હતા.

ત્યાર પછી મેં સાંભળ્યું કે એક માણસ કહી રહ્યો હતો કે અલ્લાહની કસમ, તમે પાણીનું એક ટીપું નહીં મેળવો, એટલે સુધી કે તમે જહન્નમમાં દાખલ થઈ જાઓ. અને ત્યાં ગરમ પાણીથી સયરાબ થાઓ. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, હું દોઝખમાં નહીં જાઉં, પરંતુ મારા જદ્દે બુઝુર્ગવાર રસૂલલ્લાહ (સ.)ની પાસે જઈશ અને તેમની સાથે તેમના મકાનમાં રહીશ અને ઠંડા જામ પીશ અને એ જુલ્મો કે જે તમે મારા ઉપર કર્યા છે, તેની શિકાયત કરીશ. હિલાલ કહે છે કે લશ્કરવાળા આ કલામ સાંભળવાથી ગઝબનાક થયા, એવી રીતે કે જાણે અલ્લાહે તેમના દિલમાં રહમ પેદા કરી ન હતી અને એવી હાલતમાં કે જ્યારે ઈમામ હુસૈન (અ.) તેમની સાથે વાતચીત કરી રહ્યા હતા તેમના પાક બદનથી તેમના સરને જુદુ કરી નાખ્યું. મને તેમની બેરહમી પર નવાઈ લાગી અને મેં કહ્યું, કોઈ પણ કામમાં હું તમને સાથ નહીં આપું.

**શહાદત પછીની હાલત :**

ત્યાર પછી ઈબ્ને સઅદના લશ્કરે ઈમામ હુસૈન (અ.)ના શરીરને ઊઘાડું કરવાનું શરૂ કરી દીધું. ખમીસને ઈસ્હાક બિન હૂયા હઝરમી લઈ ગયો. અને જ્યારે તેણે એ ખમીસ પહેર્યું તો સફેદ કોઢની બીમારીમાં સપડાઈ ગયો, અને તેના શરીરના તમામ બાલ ખરી પડ્યા. રિવાયતમાં છે કે હઝરતના ખમીસમાં (૧૧૯) એકસો ઓગણીસ જેટલા તલવારનાં અને બીજાં તેર નેઝાનાં નિશાન હતાં.

હઝરત ઈમામ સાદિક (અ.) ફરમાવે છે, ઈમામ હુસૈન (અ.)ના બદનમાં તેત્રીસ (૩૩) નેઝાના જખમ અને (૩૪) તેતાલીસ જખમ તલવારોના દેખાતા હતા. ઈમામ હુસૈન (અ.)નો સલવાર અબહર બિન કઅબ તમીમી લઈ ગયો. રિવાયતમાં છે કે તે લઈ જવા પછી તેના બન્ને પગ બેકાર થઈ ગયા તેના કારણે તે ચાલવાને પાત્ર ન રહ્યો.

ઈમામ હુસૈન (અ.)નો અમામો અખ્નસ બિન મરસદ બિન અલ્કમા લઈ ગયો. એક કોલ પ્રમાણે જાબિર બિન યઝીદ ઊદીએ લીધો અને તેને માથા ઉપર બાંધ્યો તો પાગલ થઈ ગયો.

અને હઝરતનાં જૂતાં અસ્વદ બિન ખાલિદ લઈ ગયો. અંગૂઠીને બજદલ બિન સલીમ કલબી લઈ ગયો. તેણે અંગૂઠી લેવા ખાતર હઝરતની આંગળીને પણ કાપી નાખી. આ બજદલ બિન સલીમને મુખ્તારે ગિરફતાર કર્યો અને તેના બન્ને હાથ અને બન્ને પગ કાપી નાખ્યા, અને એ જ હાલતમાં તેને છોડી દીધો. તે પોતાના લોહીમાં હાથ પગ પછાડતો પછાડતો હલાક થઈ ગયો.

ઈમામ હુસૈન (અ.)ની મખમલ ચાદર કે જે ખઝ શહેરથી હતી, તેને કૈસ બિન અશઅસ લઈ ગયો. હઝરતની ઝિરહ કે જેનું નામ બતરા હતું, તે ઉમર બિન સઅદ લઈ ગયો અને જ્યારે ઉમર માર્યો ગયો તો મુખ્તારે તે ઝિરહ તેના કાતિલ અબી ઉમરાને બક્ષી દીધી. ઈમામ હુસૈન (અ.)ની તલવાર જમીઅ બિન ખલક ઊદી અને એક કોલ પ્રમાણે બની તમીમ કબીલાનો એક આદમી લઈ ગયો કે જેને અસ્વદ બિન હંઝલા કહેતા હતા. અને ઈબ્ને અબી સઅદની રિવાયતમાં છે કે હઝરતની તલવાર ફલાફિસ નહશલી લઈ ગયો અને મોહંમદ બિન ઝકરિયા આ રિવાયતને નકલ કર્યા પછી કહે છે કે તે તલવાર તેના પછી હબીબ બિન બદીલની બેટીને મળી.

**ખૈમાઓની તારાજી અને આગ લગાડવી :**

રાવી કહે છે કે ઈમામ હુસૈન (અ.)ની શહાદત પછી એક કનીઝ ખૈમામાંથી બહાર નીકળી આવી. એક માણસે તેને કહ્યું, તારા આકા હુસૈન (અ.)ને શહીદ કરી દેવામાં આવ્યા. કનીઝ આ સાંભળીને બુલંદ અવાજમાં વિલાપ કરતી કરતી પડદાનશીન બીબીઓની તરફ ચાલી ગઈ અને ઈમામ હુસૈન (અ.)ની શહાદતની ખબર તમામ પડદાનશીન બીબીઓ સાંભળીને રુદન કરવા લાગી. ત્યાર પછી ફોજો ખૂબ ઝડપથી પયગમ્બર (સ.)ની અને ફાતેમા ઝહરા (અ.)ની ઓલાદ તેમજ તેમના નૂરે નઝરના ખૈમાઓમાં તેમનો માલ અસ્બાબ લૂંટવા માટે દાખલ થઈ ગઈ. પયગમ્બર (સ.)ની બેટીઓ ખૈમાઓમાંથી નીકળી. બધી બીબીઓ બુલંદ અવાજથી રડી રહી હતી, અને પોતાના અઝીઝો અને મદદગારોની જુદાઈ પર વિલાપ કરી રહી હતી.

હમીદ બિન મુસ્લિમ રિવાયત કરે છે કે જ્યારે તાઈફા, બની બકર બિન વાએલની એક સ્ત્રી કે જે પોતાના શોહરની સાથે ઉમર સઅદના લશ્કરમાં હતી, તેણીએ જોયું કે દુશ્મનો ખૈમાઓને તારાજ કરી રહ્યા છે, તે પોતાના હાથમાં તલવાર લઈને ખૈમાઓની તરફ આવી અને કહેવા લાગી, અય બકર બિન વાએલના કબીલાવાળાઓ ! શું તમારામાં ગૈરત અને જવાંમર્દી નથી કે તમે આ સરઝમીન પર મોજૂદ છો અને પયગમ્બર (સ.)ની બેટીઓની ચાદરો લૂંટવામાં આવી રહી છે ? ત્યાર પછી ફરિયાદ કરતાં કહ્યું,

(લા હુકમ.....રસૂલિલ્લાહ)

આ સ્ત્રીનો શોહર આવ્યો અને તેનો હાથ પકડીને તેને ખૈમામાં પાછી લઈ ગયો.

રાવી કહે છે, ખૈમાઓને લૂંટ્યા પછી તેમાં આગ સળગાવવામાં આવી અને પાક પડદાનશીન બીબીઓ ખુલ્લા માથે અને ખુલ્લા પગે એવી હાલતમાં ખૈમામાંથી રડતી રડતી બહાર આવી કે તેમની ચાદરો ઝૂંટવાઈ ચૂકી હતી, કેદી બનીને ચાલી. આવી હાલતમાં દુશ્મનોના લશ્કરને કહેવા લાગી, તમને અલ્લાહનો વાસ્તો, અમને શહીદોની લાશોની પાસેથી લઈ ચાલો. જ્યારે મકતલમાં પહોંચી અને બધા શહીદો પર નજર પડી તો બધાએ બુલંદ અવાજથી રડવાનું શરૂ કર્યું અને પોતાના ચહેરાઓ પર તમાચા મારવા લાગી.

**જનાબે ઝૈનબ (અ.)નું ભાઈની લાશ પર રડવું :**

(યા મોહંમદાહો.......સબાયા) (અરબીમાં)

તરજુમો : (રાવી કહે છે, અલ્લાહની કસમ, મેં હઝરત ઝૈનબ (અ.)નો આવો વિલાપ કદી પણ ભૂલીશ નહીં, કે જે તેમણે પોતાના ભાઈ હુસૈન (અ.)ની લાશ ઉપર કર્યો હતો. આપ ગમનાક અંદાજથી વિલાપ કરતાં હતાં.) યા મોહંમદા ! અય જદ્દે બુઝુર્ગવાર ! આપના ઉપર આસમાનના ફરિશ્તા દુરૂદ મોકલે છે અને આપનો આ હુસૈન છે કે જે રેતી પર પોતાના ખૂનમાં રગદોળાયેલો છે. તેમના અવયવો

એકબીજાથી જુદા થઈ ચૂક્યા છે, અને આ તમારી બેટીઓ છે કે જે કેદી બની ચૂકી છે. હું આ જુલ્મો પર જદ્દા મોહંમદ મુસ્તફા (સ.), અલી મુર્તઝા (અ.), ફાતેમા (અ.) અને હમ્ઝા સૈયદુશ્શોહદાની બારગાહમાં શિકાયત કરું છું. યા મોહંમદા ! આ આપનો હુસૈન છે કે જે સરઝમીને કરબલા પર ઊઘાડા શરીરે ખુલ્લો પડેલો છે, અને સુબ્હની હવા તેના ઉપર ધૂળ નાખી રહી છે. આ આપનો હુસૈન છે કે જે હરામઝાદાઓના જુલ્મો સિતમના કારણે કતલ કરવામાં આવ્યો છે.
વઅહઝના વ અક્રબાહ !
જાણે કે આજના દિવસે મારા જદ્દે બુઝુર્ગવાર રસૂલલ્લાહ આ દુનિયામાંથી ગયા છે.

અય મોહંમદ (સ.)ના અસ્હાબ ! આ તમારા પયગમ્બરની ઓલાદ છે કે જેમને કેદીઓની માફક કેદ કરીને લઈ જઈ રહ્યા છે. બીજી રિવાયતમાં મન્કૂલ છે કે હઝરત ઝૈનબ (અ.)એ અરજ કરી, યા મોહંમદાહો ! આજે આપની બેટીઓ કેદી છે અને બેટા કતલ થયા અને સવારની હવા તેમના બદન પર ખાક નાખી રહી છે. આ આપનો હુસૈન છે કે જેનું સર ગરદનના પાછળના ભાગથી જુદુ કરવામાં આવ્યું. અને તેનો અમામો અને ચાદર લૂંટી લેવામાં આવી. મારાં માબાપ કુરબાન થાય એના ઉપર કે જેના લશ્કરને સોમવારના દિવસે બપોરે જુલ્મો સિતમનું નિશાન બનાવવામાં આવ્યું. મારાં માપાબ કુરબાન થાય એના ઉપર કે જેના ખૈમા સળગાવી દેવામાં આવ્યા.

(બેઅલી.....ફ્યુતદાવા)

મારા બાપ કુરબાન થાય એના પર કે જેનું વજૂદ એવું નથી કે જેના પાછા આવવાની ઉમેદ કરવામાં આવી શકે, અને જેના જખમ એવા નથી કે જેમનો ઈલાજ કરવામાં આવી શકે. મારાં માબાપ કુરબાન થાય એના ઉપર કે જેના ઉપર હું પોતે પણ ફિદા થવાનું પસંદ કરું છું.

(યા અબી.....હત્તા મઝા)

મારાં માબાપ એના પર કુરબાન થાય કે જેનું દિલ ગમ અને ગુસ્સાથી ભરેલું હતું. અને એવી જ હાલતમાં દુનિયાથી ચાલ્યા ગયા. મારાં માબાપ ફિદા એના પર કે જેને સૂકાયેલા હોઠે શહીદ કરી દેવામાં આવ્યો. મારાં માબાપ ફિદા થાય એના પર કે જેના જદ્દે અમ્જદ હઝરત મોહંમદ મુસ્તફા (સ.) અલ્લાહના પયગમ્બર છે.

(બે અબી.....હત્તા સલ્લી)

રાવી કહે છે કે અલ્લાહની કસમ, જનાબે ઝૈનબ (અ.)ના વિલાપે દોસ્ત અને દુશ્મન બધાને રડાવી દીધા.

ત્યાર પછી જનાબે સકીના (અ.) પોતાના બાપની લાશ સાથે વળગી પડ્યાં. અરબનું એક ટોળુ આવ્યું, તેણે સકીનાને બાપની લાશથી જુદાં કર્યા.

ત્યાર પછી ઉમર બિન સઅદે પોતાની ફોજમાં એલાન કર્યું, કોણ તૈયાર છે કે જે હુસૈન (અ.)ના શરીર પર ઘોડા દોડાવે ? દસ માણસોએ આ કામ કરવાનું પોતાના માથે લીધું, તેમનાં નામ આ મુજબ છે :

(૧) ઈસ્હાક બિન હરબા (કે જેણે હઝરતનું ખમીસ ઝૂંટવી લીધું હતું.)

(૨) અખ્નસ બિન મરસદ

(૩) હકીમ બિન તૈફીલ સબની

(૪) ઉમર બિન સબીહ સૈદાવી

(૫) રિજાઅ બિન મન્કઝ
(૬) સાલીમ બિન ખસીમા જઅફી
(૭) વાહઝ બિન નાએમ
(૮) સાલેહ બિન વહબ જઅફી
(૯) હાની બિન શબસ હઝરમી
(૧૦) અસીદ બિન માલિક (લાઅનતુલ્લાહ અલૈહે)

અલ્લાહ આ બધાના ઉપર લા'નત કરે કે જેમણે ઈમામ હુસૈન (અ.)ના બદન મુબારકને એવી રીતે ઘોડાઓની ખરીઓથી પાયમાલ કરી દીધું, અને આપની છાતી અને પીઠનાં હાડકાં ચૂર ચૂર થઈ ગયાં.

આ દસ માણસો કૂફામાં આવીને ઈબ્ને ઝિયાદની સામે ઊભા થઈ ગયા.

અસીદ બિન માલિક કે જે તેમનામાંથી હતો તે કહેવા લાગ્યો, ઈબ્ને ઝિયાદે પૂછ્યું, તમે કોણ છો ? તેમણે જવાબ આપ્યો, અમે એ લોકો છીએ કે જેમણે હુસૈન (અ.)ના બદન ઉપર ઘોડા દોડાવ્યા અને તેમની છાતી અને પીઠનાં હાડકાંને ચૂર ચૂર કરી નાખ્યાં. ઈબ્ને ઝિયાદે તેમની તરફ કોઈ ખાસ ધ્યાન આપ્યું નહીં અને ખૂબ જ ઓછું ઈનામ તેમને આપ્યું, અબૂ ઉમરૂ ઝાહદ કહે છે કે મેં એ દસેય જણાની તેહકીક કરી તો માલૂમ પડ્યું કે તે બધા હરામઝાદા હતા.

આ દસ માણસોને મુખ્તારે પકડીને તેમના હાથોમાં અને પગોમાં લોખંડના ખીલા લગાવીને જમીન પર સુવાડી દીધા અને હુકમ કર્યો કે તેમના ઉપર ઘોડા દોડાવવામાં આવે, એટલે સુધી કે એ હલાક થઈ ગયા.

**કૂફાના તમામ લશ્કર પર અઝાબ :**

ઈબ્ને રિયાહ રિવાયત કરે છે કે મેં એક માણસને જોયો કે જે ઈમામ હુસૈન (અ.)ની શહાદતના દિવસે કરબલામાં હાજર હતો. કોઈએ તેને આંધળા હોવાનું કારણ પૂછ્યું તો તેણે જવાબ આપ્યો કે અમે દસ માણસો સાથે હતા કે ઈમામ હુસૈન (અ.)ને કતલ કરવા માટે કરબલામાં આવ્યા, પરંતુ મેં તલવાર અને નેઝાથી લડાઈ ન કરી. જ્યારે ઈમામ હુસૈન (અ.) કતલ થયા તો પોતાના ઘેર પાછા આવ્યો અને નમાઝે ઈશા પઢીને સૂઈ ગયો અને સપનાની હાલતમાં એક માણસ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, તને રસૂલલ્લાહ (સ.) બોલાવે છે. ઊઠો અને હુકમનું પાલન કરો. મેં કહ્યું, મારે રસૂલલ્લાહ (સ.)થી વળી શું કામ ? તે માણસ મારું ગિરેબાન ખેંચતો ખેંચતો રસૂલલ્લાહ (સ.)ની પાસે લઈ ગયો. મેં પયગમ્બરે ખાતમ (સ.)ને સહરામાં બેઠેલા જોયા અને આપની આસ્તિન ઉલટાવેલી હતી, હાથમાં એક (હથિયાર) હતું અને એક ફરિશ્તો તેમની સામે ઊભેલો હતો. તેની સાથે એક (હથિયાર) આગનું હતું. તે મારા નવ સાથીઓને કતલ કરી ચૂક્યો હતો અને જેને પણ ઝર્બ લગાવતો હતો, તેણે માથાથી પગ સુધી આગ ઘેરી લેતી હતી. અને સળગાવી દેતી હતી.

હું રસૂલલ્લાહ (સ.)ની નજીક ગયો અને તેમની સામે પગવાળીને બેસી ગયો. મેં અસ્સલામો અલૈક યા રસૂલલ્લાહ, કહ્યું, પરંતુ આં હઝરત (સ.)એ કોઈ જવાબ ન આપ્યો અને લાંબા સમય સુધી ખામોશ રહ્યા. ત્યાર પછી પોતાના સરને બુલંદ કર્યું અને ફરમાવ્યું, અય દુશ્મને ખુદા ! તેં મારી બેહુર્મતી કરી, મારી ઈતરતને કતલ કરી અને મારો હક અદા ન કર્યો અને જે કંઈ કરવાનું ઈચ્છ્યું તે કરી બતાવ્યું.

મેં જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! અલ્લાહની કસમ, મેં આપના ફરઝંદને કતલ કરવામાં તલવાર નથી મારી, કે ન નેઝો માર્યો કે ન તો તીર ફેંક્યું છે. ફરમાવ્યું, સાચી વાત છે, પરંતુ તેં મારા હુસૈન

(અ.)ના કાતિલોના લશ્કરમાં વધારો કર્યો. મારા નજીક આવ. હું આં હઝરત (સ.)ની નજીક ગયો. મેં જોયું કે એક થાળ ખૂનથી ભરેલો આં હઝરત (સ.)ની સામે હતો. મને ફરમાવ્યું, આ ખૂન મારા હુસૈનનું છે. ત્યાર પછી ખૂન મારી આંખો પર ચોપડ્યું. જ્યારે જાગ્યો તો ત્યારથી અત્યાર સુધી કોઈ વસ્તુ દેખાતી નથી.

**હઝરત ફાતેમા ઝહરા (અ.) મહેશરમાં :**

હઝરત ઈમામ સાદિક (અ.)થી રિવાયત છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, જ્યારે કયામતનો દિવસ હશે ત્યારે હઝરત ફાતેમા (અ.)ના માટે એક નૂરાની ખૈમો બનાવવામાં આવશે. ઈમામ હુસૈન (અ.)ને એવી હાલતમાં કે તેમનું સર બદન પર નહીં હોય, પોતાના હાથ ઉપર ઉઠાવીને લાવશે, અને ફરિયાદ કરશે કે તમામ મલાયકા, મુકર્રબીન અને મુર્સલ પયગમ્બરો તેમના રડવાથી રડવાનું શરૂ કરી દેશે. એના પછી અલ્લાહ તઆલા ફાતેમા (અ.) માટે હુસૈન (અ.)ને બહેતરીન સૂરતમાં જાહેર કરશે અને ઈમામ હુસૈન (અ.) એવી હાલતમાં કે શરીર સર વગરનું હશે, પોતાના કાતિલોનો મુકાબલો કરશે અને અલ્લાહ કાતિલો અને જે લોકો તેમના કતલ માટે તૈયાર થયા હતા તેમને અને એ કે જેઓ એમની સાથે કતલમાં ભાગીદાર થયેલા હતા, તમામને ફાતેમા (અ.)ની સામે લાવશે. જ્યારે હાજર થશે તો હું તેમની એકે એક વ્યકિતને કતલ કરીશ. પછી જીવતા થશે. અમીરુલ મોમિનીન (અ.) તેમને કતલ કરશે. પછી જીવતા થશે. ઈમામ હસન (અ.) તેમને કતલ કરશે. પછી તેમને જીવતા કરવામાં આવશે. ઈમામ હુસૈન (અ.) તેમને કતલ કરશે. પછી ફરીથી જીવતા થશે. અમારી દરેકે દરેક ઓલાદ એક એક વખત તેમને કતલ કરશે. એ વખતે મારો ગઝબ ખતમ થશે, અને ગમ અને દુઃખ ખતમ થઈ જશે.

ત્યાર પછી ઈમામ સાદિક (અ.)એ ફરમાવ્યું, અલ્લાહ અમારા શીઆઓ પર રહેમત નાઝિલ ફરમાવે, અલ્લાહની કસમ, તે દુઃખ અને નિરાશાના લાંબા થવાને કારણે અમારી મુસીબતમાં શરીક છે.

રસૂલલ્લાહ (સ.)થી રિવાયત છે કે જ્યારે કયામતનો દિવસ થશે તો ફાતેમા (અ.) કેટલીક પડદાનશીન બીબીઓની સાથે મહેશરમાં આવશે. તેમને સંબોધન થશે કે બેહિશ્તમાં દાખલ થઈ જાઓ તો તેઓ કહેશે કે હું જન્નતમાં દાખલ નહીં થાઉં એટલે સુધી કે મારા પછી મારા બેટાની સાથે જે જુલ્મ કરવામાં આવ્યો છે, તેને જોઈ ન લઉં.

સંબોધન થશે (ઉન્ઝોરી...કિયામહ) મહેશરના વચ્ચેના ભાગમાં જુઓ. શું જોશે કે હુસૈન (અ.) સર વગરના ઊભેલા છે. આ મંઝરને જોતાંની સાથે જ બુલંદ અવાજથી રડવા લાગશે અને તેમના રડવાથી હું અને ફરિશ્તાઓ રડશે.

એક બીજી રિવાયતમાં છે કે હઝરત ફાતેમા (અ.) હુસૈન (અ.)ને જોઈને ફરિયાદ કરશે (વા વલદાહો....કુર્રાદાહ) એ વખતે અલ્લાહ તઆલા ફાતેમા (અ.) ખાતર ગઝબમાં આવશે અને આગ કે જેનું નામ હબ હબ છે, અને હજાર વર્ષોથી સળગાવવામાં આવી છે, એટલે સુધી કે કાળા રંગની થઈ ગઈ છે, અને કદી પણ આરામ તેમાં દાખલ નહીં થાય અને ગમ અને દુઃખ તેમાંથી કદી પણ નહીં નીકળે, તેને હુકમ કરશે, હુસૈન (અ.)ના કાતિલોને જુદા કરો. આગ તેમને લોકોથી જુદા કરશે અને જ્યારે તેઓ દાખલ થશે, આગ બુલંદ અવાજથી ભડકી ઉઠશે, અને તે જમાઅત પણ ફરિયાદ કરશે, અને બુલંદ અવાજથી કહેશે, પરવરદિગાર ! શા માટે બુતપરસ્તોના પહેલાં આગને અમારા ઉપર વાજિબ ગણી અને અમને મુઅઝઝબ (સખત અઝાબમાં સપડાવેલા) બનાવ્યા ? તો સંબોધન થશે, જે જાણવાવાળો છે તે ન જાણવાવાળાના જેવો નથી હોઈ શકતો.

આ બન્ને રિવાયતો ઈબ્ને બાબવયાએ પોતાની કિતાબ (અકાબુલ આ'માલ)માં નકલ કરી છે અને જિલ્દ નં.૩ કિતાબ (તંઝીલ) કે જે તાલિફ્ મોહંમદ બિન નજ્જાર (શેખુલ અલ મોહદ્દેસીન) બગદાદની છે. શર્હે હાલ ફાતેમા ફરઝંદ અબુલ અબ્બાસ અઝદીમાં મેં જોયું છે સનદો સાથે ખુદ તલ્હાથી નકલ કરે છે.

રસૂલલ્લાહ (સ.)થી મેં સાંભળ્યું છે, ફરમાવતા હતા, મૂસા બિન ઈમરાને અલ્લાહથી દરખાસ્ત કરી કે મારો ભાઈ હારૂન દુનિયાથી ચાલ્યો ગયો છે, તું તેમણે બક્ષી દે. અલ્લાહ તઆલાએ આપને વહી મોકલી. અય મૂસા ! અગર મારાથી દરખાસ્ત કરો કે શરૂઆતના અને આખરના બધાને બક્ષી દો. તો જરૂર કબૂલ કરીશ, પરંતુ હુસૈન ઈબ્ને અલી બિન અબી તાલિબ (અ.)ના કાતિલોને કદાપિ નહીં બક્ષું. (બીજો ભાગ સમાપ્ત)

## અસીરાને કરબલાનું કૂફા અને શામ તરફ રવાના થવું

### અસીરાને કરબલાની કૂફા અને શામ તરફ રવાનગી :

આશૂરા દિવસે અસરના સમયે ઉમર ઈબ્ને સઅદના કહેવાથી ઈમામ હુસૈન (અ.)ના પાક સરને ખુલી બિન યઝીદ અને હમીદ બિન મુસ્લિમ અઝદી દ્વારા ઈબ્ને ઝિયાદની પાસે રવાના કરવામાં આવ્યું. ત્યાર પછી તેણે હુકમ આપ્યો કે શોહદાએ કરબલાના જવાનોનાં સરોને બદનથી જુદાં કરીને શિમ્ર બિન ઝિલજૌશન, કૈસ બિન અશઅસ અને અમ્ર બિન હિજાજ દ્વારા ઈબ્ને ઝિયાદની પાસે કૂફા રવાના કરવામાં આવે.

ઉમર સઅદ અગિયારમી મોહર્રમ સુધી કરબલામાં રહ્યો. ત્યાર પછી ઈમામના (લૂંટાયેલા) કાફલાની સાથે કૂફા રવાના થયો. બીબીઓને જાહેર હંગામામાં ઊઘાડા માથે, કજાવા વગરના ઊંટો પર સવાર કરવામાં આવી, અને તેમજ તુર્ક અને રોમના કેદીઓની માફક અત્યંત તકલીફો અને દુઃખોની હાલતમાં કેદી બનાવવામાં આવી.

અહીં એક અરબ શાયરે કેવું સરસ કહ્યું છે :

(યુહલ્લા.......ઝુલઅજીબ)

અર્થાત્ : પયગમ્બર (સ.) જો કે આલે બની હાશિમમાંથી મબઊસ થયા છે, તેમના ઉપર દુરૂદો સલામ મોકલે છે. પરંતુ નવાઈ એ વાતની છે કે એમની આલની સાથે લડાઈ ઝઘડા કરે છે.

બીજો એક શેઅર છે :

(અતર.....અલ હિસાબ)

અર્થાત્ : જેમણે ઈમામ હુસૈન (અ.)ને શહીદ કર્યા, તેઓ શું એવી ઉમેદ રાખે છે કે તેમને તેમના જદ્દે અમ્જદની શફાઅત નસીબ થાય ?

રિવાયતમાં છે કે ઈમામ હુસૈન (અ.)ના અસ્હાબનાં સરોની સંખ્યા ૭૮ હતી અને જે કબીલા કરબલામાં મોજૂદ હતા, તેમણે ઈબ્ને ઝિયાદ અને યઝીદ બિન મોઆવિયાની ખુશનૂદી ખાતર સરોને અંદરોઅંદર વહેંચી દીધાં. કબીલા કુન્દા કૈસ બિન અશઅસની દેખરેખ હેઠળ ૧૩ સર, કબીલા હવાઝન શિમ્ર બિન ઝિલ જૌશનની દેખરેખ હેઠળ ૧૨ સર, કબીલા બની તમીમની દેખરેખ હેઠળ ૧૭ સર, બની અસદની દેખરેખ હેઠળ ૧૬ સર, કબીલા મઝહજની દેખરેખ હેઠળ ૭ સર અને બાકીના લોકો ૧૩ સર કૂફા લઈ ગયા.

### શહીદોની દફનક્રિયા અને અસીરોનો કૂફામાં પ્રવેશ :

રાવી કહે છે કે જ્યારે ઉમર ઈબ્ને સઅદ કરબલાથી દૂર ચાલ્યો ગયો તો બની અસદ કબીલાના કેટલાક લોકો બે કામ બજાવી લાવ્યા. એક તો એ કે કરબલાના શહીદોની નમાઝે જનાઝા અદા કરી અને બીજું કામ એ કે જ્યાં કરબલાના શહીદોને શહીદ કરવામાં આવ્યા હતા, ત્યાં તેમને દફ્ન કર્યા.

જ્યારે ઉમર ઈબ્ને સઅદ કરબલાના અસીરોની સાથે કૂફાની નજીક પહોંચ્યો તો કૂફાના લોકો મોટી સંખ્યામાં તમાશો જોવા માટે એકઠા થઈ ગયા હતા. એ અરસામાં છત ઉપર બેઠેલી સ્ત્રીઓમાંથી એક સ્ત્રીએ અસીરોને સવાલ કર્યો, મન ઐન.......અન્તુન્ન ? તમે લોકો કયા મુલક અને કયા કબીલા સાથે સંબંધ ધરાવો છો ? ફકુલ્ન.........આલે મોહંમદ, તેમણે જવાબ આપ્યો કે અમે આલે મોહંમદ (સ.)નાં કેદી છીએ. તે સ્ત્રી ઉપરથી નીચે ઉતરી, અને પોતાના ઘેરથી લિબાસ, ચાદરો અને મકના લઈને અહલેબૈતે અત્હારની ખિદમતમાં લાવી જેથી બીબીઓ પોતાના સરોને ઢાંકી લે. ઈમામ સજ્જાદ (અ.) અતિશય બીમારીના કારણે ખૂબ જ કમજોર થઈ ચૂક્યા હતા અને તેમની સાથે હસન ઈબ્ને હસન મુસન્ના જખમી હાલતમાં મોજૂદ હતા.

મસાબીહ કિતાબના કર્તા રિવાયત કરે છે કે હસન ઈબ્ને મુસન્નાએ આશૂરાના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.)ની સહાયતામાં સત્તર (૧૭) વ્યક્તિઓને હલાક કર્યા હતા, અને પોતાના નાજુક બદન પર અઢાર જખમ ખાઈને ઘોડાથી જમીન પર પડી ગયા તો તેમના મામાએ તેમને ઉઠાવી લીધા અને કૂફા લઈ ગયા, અને ત્યાં તેમનો ઈલાજ કરાવ્યા પછી મદીના લઈ ગયા.

એવી જ રીતે ઈમામ હસન મુજતબા (અ.)ના બે ફરઝંદ ઝૈદ અને ઉમરૂ નામના કેદીઓમાં મોજૂદ હતા. કૂફાના લોકો અસીરોની આવી હાલત જોઈને ખૂબ રડવા લાગ્યા. ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું,

(અતનૂ હૂન.......કતલ્ના)

શું અમારા માટે રડી રહ્યા છો, અને અમારા ઉપર નૌહા કહી રહ્યા છો ? અમારો કાતિલ કોણ છે, અને અમને કોણે કતલ કર્યા ?

**હઝરત ઝૈનબ (અ.)નો ખુત્બો :**

બશીર બિન હઝીમ અસદી રિવાયત કરે છે કે મેં ઝૈનબ બિન્તે અલી (અ.)નો ખુત્બો સાંભળ્યો. અલ્લાહની કસમ, મેં આના પહેલાં કોઈ આલિમા બીબીને નથી જોયાં કે જેણે અલી (અ.)ની માફક ખુત્બો આપ્યો હોય.

(વકદ ઔમાસ.....અલ અખ્રાસ)

લોકોની તરફ ઈશારો કર્યો કે ખામોશ થઈ જાઓ. આ ઈશારાથી લોકોના શ્વાસ છાતીમાં રોકાઈ ગયા, ઊંટોની ઘંટડીઓ વાગતી બંધ થઈ ગઈ. ત્યાર પછી ખુત્બો આપવાનું શરૂ કર્યું.

અલ્લાહની હમ્દો સના અને રસૂલુલ્લાહ (સ.) પર દુરૂદો સલામ મોકલ્યા પછી ફરમાવ્યું,

અય કૂફાના લોકો ! અય મક્કારો અને દગાબાજો ! શું અમારા ઉપર રુદન કરી રહ્યા છો ? હજુ સુધી અમારી આંખોમાં આંસુ વહી રહ્યાં છે અને અમારું રુદન રોકાયું નથી. તમારી મિસાલ એ ઓરતના જેવી છે કે જે આખો દિવસ ચરખા ઉપર સૂતર કાંતતી રહે, અને રાતના સમયે તેને ઉકેલી નાખે. તમે લોકોએ ઈસ્લામની આડમાં પોતાની વચ્ચે મક્રો ફરેબને પેદા કર્યા. તમે લોકોએ ઈમાનનો અહદો પયમાન બાંધીને તોડી નાખ્યો. તમે ફક્ત ફસાદ કરનારા અને સ્વાર્થી છો. કીનો કરનારા અને કનીઝોની માફક ચાપલૂસી કરનારા અને દુશ્મનોની સાથે સંબંધ રાખનારા છો. તમારી મિસાલ એવી વનસ્પતિ જેવી છે કે

જે ઉકરડા પર ઊગે છે કે જે ખાવા માટે યોગ્ય નથી હોતી, અને એ ચાંદીના જેવી છે કે જે કેદીનો શણગાર બને કે જે ફાયદા માટે યોગ્ય ન હોય. અને તમે તમારી આખેરત માટે કેવું ભાથું તૈયાર કર્યું છે કે જે અલ્લાહના ગઝબનું કારણ બન્યું છે ! અને તમારા માટે હંમેશાંનો અઝાબ છે.

શું અમને કતલ કર્યા પછી અમારા ઉપર આંસુ સારો છો, અને પોતાની જાતને ઠપકો આપો છો ખરા ? હાં, અલ્લાહની કસમ, તમારે વધારે રડવું જોઈએ અને ઓછું હસવું જોઈએ. તમે તમારા દામન પર કે રૂસ્વાઈનો દાગ લગાવી દીધો છે તેને દુનિયાનું કોઈ પાણી ધોઈ શકતું નથી, અને ભલા કેવી રીતે ફરઝંદે રસૂલ (સ.) અને જવાનાને જન્નતના સરદારના ખૂનને મિટાવી શકાય તેમ છે ?

એ વ્યક્તિ કે જે જંગોમાં તમારી પનાહગાહ હતી, દુશ્મનોના મુકાબલામાં હુજ્જત કરવામાં, વળી મુશ્કેલીઓમાં તમારી પનાહગાહ હતી, અને જેણે તમને દીન શિખવાડ્યો, તમે તમારી પીઠ પર ખૂબ જ મોટો ગુનો ઉઠાવી લીધો છે. અલ્લાહ પોતાની રહેમતથી તમને દૂર કરે, તમારા પર પોતાનો અઝાબ નાઝિલ કરે. તમારી કોશિશ ફાની સાબિત થઈ. તમે તમારા હાથોથી નુકસાન ઉઠાવ્યું, તમારો આ મામલો તમારા નુકસાનનું કારણ બન્યો. તમે અલ્લાહના અઝાબ તરફ મોઢું કર્યું અને ઝિલ્લત અને નામોશીએ તમને ઘેરી લીધા.

(યા અહલલ કૂફા........અન્તહકતુમ)

અય કૂફવાળાઓ ! તમારા ઉપર અફસોસ થાય, શું તમે જાણો છો કે તમે કયા રસૂલ (સ.)ના કાળજાને ચીરી નાખ્યું છે ? અને ઈસ્મત અને તહારતની પરવરિશ પામનાર રસૂલ (સ.)ની બેટીઓને બેપર્દા કરી, અને કોના ખૂનને તમે જમીન પર વહાવ્યું ? કોની હુર્મતને પાયમાલ કરી ? કેટલી હદે તમે શરીઅત વિરૂધ્ધ કામ કર્યું ? અને કેવા મહાન ગુનાના આચરનાર તમે બન્યા કે તમારા જુલ્મો સિતમની બુઝુર્ગી જમીન અને આસમાનની બરોબર છે ?

(અફઅજન્તુમ........દમ્મા)

આસમાનથી લોહીનો વરસાદ વરસે તેના ઉપર શું તમે નવાઈ પામો છો ? યકીનન, આખેરતનો અઝાબ તેનાથી કેટલાય ગણો વધારે સખત અને ઝલીલ અને નામોશી કરનારો હશે. અને આ વખતે તમારો કોઈ મદદગાર નહીં હોય. આ જે મોહલત અલ્લાહે તમને આપી છે, તેને મામૂલી અને હલકી ન સમજો. કેમ કે અલ્લાહ તઆલા ઈન્તેકામ લેવામાં જલ્દી નથી કરતો, અને અલ્લાહ તઆલા નથી ડરતો કે નાહક વહાવવામાં આવેલ ખૂનનો ઈન્તેકામ એનાથી ફોત થઈ જાય અને તમારો રબ તમારા ઈન્તેઝારમાં છે.

રાવી કહે છે કે અલ્લાહની કસમ, મેં લોકોને જોયા કે જેઓ એ ખુત્બા દરમિયાન હેરાન પરેશાન હતા અને બુલંદ અવાજથી રુદન કરી રહ્યા હતા, અને પોતાના દાંતોથી પોતાના હાથ પર ડૂચા ભરી રહ્યા હતા, અને મેં મારી નજીકમાં ઊભેલા એક ઘરડા માણસને જોયો કે જેની દાઢી આંસુઓથી ભીંજાઈ ગયેલી હતી, અને કહી રહ્યો હતો, મારા માબાપ આપના ઉપર કુરબાન થાય, આપના બુઝુર્ગ બહેતરીન બુઝુર્ગ છે, આપના જવાન બહેતરીન જવાન છે, આપની પડદાનશીન બીબીઓ બહેતરીન પડદાનશીન સ્ત્રીઓ છે અને આપનું ખાનદાન બહેતરીન ખાનદાન છે કે જે કદી ઝલીલ કે અપમાનિત નહીં થાય.

**હઝરત ફાતેમા બિન્તે હુસૈન (અ.)નો ખુત્બો :**

ઝૈદ બિન મૂસા ઈબ્ને જાફર (અ.) પોતાના બાપદાદાઓથી રિવાયત કરે છે કે ફાતેમા બિન્તે હુસૈન (અ.)એ કરબલાથી કૂફા પહોંચ્યા પછી આ રીતે ખિતાબ ફરમાવ્યો,

બધી પ્રશંસા અલ્લાહ તઆલા માટે છે. હું તેની હમ્દો સના કરું છું. રેતીના કણો અને પથ્થરના નાના ટુકડાઓ બરાબર કે તેમનું પ્રમાણ જમીનથી આસમાન સુધી ફેલાયેલું હોય, હું તેના પર ઈમાન ધરાવું છું અને તેના ઉપર ભરોસો અને વિશ્વાસ રાખું છું. અને હું ગવાહી આપું છું કે અલ્લાહ એક છે, તેનો કોઈ શરીક નથી. હઝરત મોહંમદ (સ.) તેના બંદા અને પયગમ્બર છે, અને હું ગવાહી આપું છું કે જેની ઓલાદને કંઈ પણ વાંક વગર ફુરાતના કિનારા પર ઝુબ્હ કરવામાં આવી.

અય પરવરદિગાર ! હું તારી પનાહ માગું છું એ બાબતથી કે તારી તરફ જૂઠની નિસ્બત આપું અથવા તો તેની વિરૂધ્ધ કહું કે જે તેં તારા પયગમ્બર (સ.)થી ફરમાવ્યું કે તારા વસી અલી બિન અબી તાલિબ (અ.)ના માટે લોકોથી બૈઅત લીધી, એ જ અલી (અ.) કે જેમના હકને ગસબ કરવામાં આવ્યો, અને તેમને બેગુનાહ કતલ કરવામાં આવ્યા કે જેવી રીતે તેમના ફરઝંદને ગઈ કાલે સરઝમીને કરબલા પર એવી જમાઅતે કતલ કર્યા કે જે જાહેરી રીતે તો મુસલમાન અને બાતિનમાં કાફિર હતા. અફસોસ થાય એમના સરદારો ઉપર કે જેમણે તેમની જિંદગીમાં અને આખર વખતે પણ જુલ્મો સિતમ કરવાથી ન રોકાયા એટલે સુધી કે તેં તેમને તમામ સુંદર વખાણ અને પાકીઝા તબીયતની સાથે પોતાની પાસે બોલાવી લીધા.

અય પરવરદિગાર ! મલામત કરવાવાળાઓની મલામત તેમને તારા ઉબૂદિયત અને બંદગીથી નથી રોકી શકતી અને તેં તેમના બચપણમાં ઈસ્લામ તરફ તેમની રાહનુમાઈ કરી, અને જ્યારે તેઓ મોટા થયા તો તેમના ફઝાએલને બયાન કર્યા અને તેમણે હંમેશાં તારી રાહમાં અને તારા પયગમ્બર (સ.)ની ખુશનૂદી ખાતર ઉમ્મતને નસીહત કરી અને એટલે સુધી કે તેં તેમની રૂહને કબ્ઝ કરી લીધી. તેઓ દુનિયાથી બેનિયાઝ અને તેની તરફ લાલચુ ન હતા, અને આખેરતના મુશ્તાક હતા અને તારા માર્ગમાં તારા દુશ્મનથી લડનારા હતા. તું તેમનાથી રાજી થઈ ગયો, અને તેમને તેં પસંદ કર્યા અને સિરાતે મુસ્તકીમ પર સાબિતકદમ રાખ્યા.

અમ્મા બાદ, અય કૂફાવાળાઓ ! અય મક્રો ફરેબ કરનારાઓ ! અલ્લાહે અમ અહલેબૈતની તમારા દ્વારા આઝમાઈશ કરી, અને તમારું ઈમ્તેહાન અમારા માધ્યમ દ્વારા લીધું. અલ્લાહે અમને તે ઈમ્તેહાનમાં કામયાબ કર્યા અને પોતાના ઈલ્મને અમાનત તરીકે અમને સોંપ્યું. તેથી અમે જ તેના ઈલ્મ અને હિકમતના ખજાના છીએ, અને અમે જ જમીનની સપાટી પર તેની હુજ્જત છીએ.

અલ્લાહ તઆલાએ અમને પોતાની કરામતથી નવાજ્યા, અને હઝરત મોહંમદ (સ.)ના ઝરીએ પોતાની મખ્લૂક પર ફઝીલત બક્ષી. તમોએ અમને જૂઠલાવ્યા અને અમારો ઈન્કાર કર્યો, અમારુ ખૂન વહાવવાને મુબાહ સમજ્યા અને અમારી સાથે જંગ કરવાનું હલાલ અને અમારા માલ અને અસ્બાબને લૂંટવાનું જાઈઝ સમજ્યા, જાણે કે અમે તુર્ક અને કાબુલના કેદી હતાં ! તેથી જ કાલે અમારા જદ્દે બુઝુર્ગવાર (હઝરત અલી (અ.))ને કતલ કર્યા અને હજુ સુધી અમારું ખૂન તમારી જુની દુશ્મનીના કારણથી તમારી તલવારથી ટપકી રહ્યું છે, અને એ આરોપ કે જે તમે અલ્લાહ ઉપર લગાવ્યો, અને દગો અને ફરેબ આપ્યો કે જેનાથી તમારી આંખો ઠંડી અને તમારાં દિલ ઠંડાં છે, પરંતુ અલ્લાહ તઆલા ફરેબ આપનારાઓથી બહેતરીન ઈન્તેકામ લેવાવાળો છે.

હવે તમે અમારા ખૂનથી હાથ રંગીને અને અમારા માલ અસ્બાબને લૂંટીને હજુ ખુશ ન થઈ જાઓ, કેમ કે એ આવનારા મસાએબની બાબતમાં અલ્લાહની કિતાબ પણ પહેલાંથી મોજૂદ છે, અને આ અલ્લાહ તઆલા પર આસાન છે.

(અન ઝાલેક...ફખૂર)

એ વસ્તુ કે જે તમારા હાથમાંથી નીકળી જાય એના ઉપર અફસોસ ન કરો, અને જે તમને મળી જાય, તેના ઉપર ખુશ ન થાઓ, અને અલ્લાહ તઆલા કોઈ પણ મક્રો ફરેબ પર ફખ્ર કરવાવાળાને પસંદ કરતો નથી.

અય કૂફાવાળાઓ ! અફસોસ થાય તમારા ઉપર, હવે તમે વાટ જુઓ કે ખૂબ જ જલ્દી અલ્લાહ તઆલાનો અઝાબ અને લા'નત તમારા ઉપર નાઝિલ થાય થશે, અને તે તમને ગુનાઓ પર અઝાબ આપશે, અને તમને કેટલાકને કેટલાકથી લડાવશે, અને જે વખતે કયામત બરપા થશે કે જે જુલ્મ તમે અમારા ઉપર કર્યા છે તેના બદલામાં તમને હંમેશાં દોઝખની દર્દનાક આગમાં બાળશે.

(અલા લા'નતુલ્લાહે અલલ કૌમિઝ્ઝાલેમીન)

અફસોસ થાય તમારા ઉપર, અય કૂફાવાળાઓ ! શું તમે જાણો છો કે કયા હાથોથી તમે અમને નેઝાઓ અને તલવારોથી નિશાના બનાવ્યા ? અને કેવા ઉમંગની સાથે અમારાથી જંગ કર્યો ? અને કયા કદમોની સાથે જંગ કરવા માટે આવ્યા ? અને અલ્લાહની કસમ, તમારાં દિલ કેવી બેરહેમીથી ખરડાયેલાં થઈ ચૂક્યાં છે ? તમારાં કાળજાં પથ્થર થઈ ચૂક્યાં છે, અને તમારાં દિલ ઈલ્મ અને બુધ્ધિથી વંચિત થઈ ચૂક્યાં છે, અને તમારી આંખો આંધળી અને કાન બહેરા થઈ ચૂક્યા છે.

અય કૂફાવાળાઓ ! શયતાને તમને ફરેબ આપ્યો અને તમને સિરાતે મુસ્તકીમથી દૂર કરી દીધા, અને એવી રીતે જિહાલતનો પડદો તમારી આંખો પર નાખી દીધો કે હવે પછી કદી પણ હિદાયત નહીં મેળવી શકો.

અય કૂફીઓ ! અફસોસ થાય તમારા ઉપર, શું તમે જાણો છો કે જે તમારી ગર્દન પર રસૂલલ્લાહ (સ.)નું ખૂન છે ? તે તમારી પાસે માગશે. અને તે દુશ્મની કે જે તમે તેમના ભાઈ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) અને તેમની ઓલાદ અને ઈતરત સાથે કરી, અને તમારામાંથી કેટલાકે જુલ્મો કરવામાં ગર્વ કર્યો અને કહો છો :

(નહનો......નેઝાહ)

અમે અલી (અ.) અને તેમની ઓલાદને હિન્દી તલવારો અને નેઝાઓની સાથે કતલ કરી અને તેમની અહલેબૈતને તુર્કના કેદીઓની માફક કેદી બનાવ્યા, ધૂળ પડે તમારા મોઢાઓ પર, અય તે માણસ કે જે એવા જવાનના કતલ ઉપર ફખ્ર કરી રહ્યો છે કે તેને અલ્લાહ તઆલાએ દરેક પ્રકારની નજાસતથી પાકો પાકીઝા કહ્યા છે. અય પલીદ ! તારા ગુસ્સાને પી જા અને કૂતરાની માફક તારી જગ્યાએ બેસી જા કે જેવી રીતે તારો બાપ બેઠો હતો. તેવું જ દરેક માણસ માટે છે કે જે પોતાના હાથોથી આગળ મોકલે છે. અફસોસ થાય તમારા ઉપર, શું તમે અમારાથી હસદ કરો છો એવી ફઝીલત પર કે જે અલ્લાહ તઆલાએ અમને એનાયત કરી છે ?

આ તો અલ્લાહનો ફઝલ છે, અને એ જ મહાન ફઝલવાળો છે, અને જેને ઈચ્છે છે, અતા કરે, અને જેમને અલ્લાહ પોતાના નૂરથી મહેરૂમ કરી દે, તે અંધારામાં રહેશે.

જ્યારે જનાબે ફાતેમા (અ.) ખુત્બાના આ ભાગમાં પહોંચ્યાં તો લોકો બુલંદ અવાજની સાથે રડવા લાગ્યા અને કહ્યું કે અય દુખ્તરે આલે અત્હાર ! અમારા દિલોને અને છાતીઓને આગ લગાડી દીધી છે અને અમારાં કાળજાંને ગમ અને દુઃખની આગે બાળી નાખ્યાં છે. આનાથી વધારે કંઈ કહેતાં નહીં. બીબી જનાબે ફાતેમા (અ.) ખામોશ થઈ ગયાં.

**જનાબે ઉમ્મે કુલ્સૂમ (અ.)નો ખુત્બો :**

રાવી કહે છે જનાબે ઉમ્મે કુલ્સૂમ બિન્તે અમીરુલ મોમિનીન (અ.) બુલંદ અવાજથી રડી રહ્યાં હતાં, અને મહેમિલના પડદા પાછળથી આ ખુત્બો બયાન ફરમાવ્યો :

અય કૂફાવાળાઓ ! અફસોસ થાય તમારા ઉપર, તમે શા માટે હુસૈન (અ.)ની તૌહીન કરી, અને તેમને કતલ કર્યા અને તેમના માલ સામાનને બરબાદ કર્યો અને તેમની પડદાનશીન બીબીઓને કેદી બનાવી, અને તેમ છતાંય તેના ઉપર રડી પણ રહ્યા છો ? અફસોસ થાય તમારા ઉપર, હલાકત અને બદબખ્તી તમારા પર નાઝિલ થાય, શું તમે જાણો છો કે તમે કેવા બૂરા કામના ગુનેગાર બન્યા છો ? અને કેટલો બધો મહાન જુલ્મ તમારી ગર્દનો પર લીધો છે ? અને કોનું નાહક ખૂન વહાવ્યું છે ? અને કઈ પડદાનશીન સ્ત્રીઓને પડદામાંથી બહાર લાવ્યા છો ? અને કયા ખાનદાનને તેમના ઝવેરાતથી મહેરૂમ કર્યું છે ? અને કોના માલ સામાનને લૂંટી લીધો છે ? અને તમે એવા લોકોને કતલ કરી દીધા છે કે રસૂલલ્લાહ (સ.) પછી તેમના મકામને કોઈ માણસ નથી પહોંચી શકતો ? રહેમ અને મહેરબાનીને તમારા દિલોમાંથી આંચકી લેવામાં આવી છે. જાણી લો કે ફક્ત અલ્લાહની જમાઅત જ સફળ થવાવાળી છે, અને શયતાનની જમાઅત નુકસાન ઉઠાવવાવાળી છે.

ત્યાર પછી આપે આ અશ્આર બયાન ફરમાવ્યા :

મારા ભાઈને કતલ કર્યો, અફસોસ થાય તમારી માતાઓ ઉપર, ખૂબ જલ્દી તમે અઝાબની આગમાં ગિરફ્તાર થઈ જશો, અને એમાં બળતા રહેશો. અને તમે એવા ખૂનને પાયમાલ કર્યું કે જેને વહાવવાનું અલ્લાહે, કુરઆને અને રસૂલલ્લાહે હરામ ગણ્યું છે. હું તમને જહન્નમની આગની ખુશખબરી આપું છું અને ચોક્કસ અને ખૂબ ચોક્કસપણે કયામતના દિવસે જહન્નમની આગમાં બાળવામાં આવશો અને હું હંમેશાં મારા ભાઈ ઉપર રડતી રહીશ.

અને હાં, આ આંખો હંમેશાં નદીની માફક આંસુ વહાવતી રહેશે અને આ રુદન કદાપિ બંધ નહીં થાય.

આથી એ સમય દરમિયાન લોકોના વિલાપ અને ફરિયાદના અવાજ બુલંદ થયા. સ્ત્રીઓએ પોતાના વાળ ખોલી નાખ્યા અને માથાઓ પર ધૂળ નાખી દીધી, અને પોતાના ચહેરાઓ પર ઉજરડા ભરવા લાગી અને પોતાના ચહેરા પર તમાચા મારવા લાગી, અને તેમના પુરુષોએ રડવાનું શરૂ કર્યું અને દાઢીઓના બાલને ખેંચવાનું શરૂ કર્યું. અને કોઈ એવો મોકો જોવા ન મળ્યો કે લોકો આવી રીતે રડ્યા હોય.

**ઈમામ સજ્જાદ (અ.)નો ખુત્બો :**

ત્યાર પછી હઝરત ઈમામ સજ્જાદ ઝૈનુલ આબેદીન (અ.)એ લોકોને ખામોશ થઈ જવા માટે ઈશારો કર્યો, અને લોકો ખામોશ થઈ ગયા.

હઝરત (અ.) ઊભા થયા અને અલ્લાહની હમ્દો સના બજાવી લાવ્યા. અને રસૂલલ્લાહ (સ.)નું નામ મુબારક જબાન પર લાવ્યા, અને તેમના પર દુરૂદો સલામ મોકલ્યા અને ફરમાવ્યું,

અય લોકો ! જે કોઈ મને જાણતો હોય તે જાણે છે કે હું કોણ છું ? અને જે કોઈ મને ન જાણતો હોય તેને હું મારી ઓળખાણ કરાવું છું. હું અલી બિનુલ હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અ.) છું. હું એનો ફરઝંદ છું કે જેની હુર્મતને પાયમાલ કરવામાં આવી, અને એનાથી નેઅમત આંચકી લેવામાં આવી, અને એના માલ સામાનને લૂંટી લેવામાં આવ્યો અને એની અહલેબૈતને કેદી બનાવવામાં આવી.

હું એમનો ફરઝંદ છું કે જેમને કોઈ અપરાધ કે ગુના વગર નહેરે ફુરાતના કિનારે ઝિબ્હે કરવામાં આવ્યા. હું એમનો ફરઝંદ છું કે જેમને ખૂબ જ તકલીફો સાથે કતલ કરવામાં આવ્યા, અને આ ફખ્ર અમારા માટે કાફી છે.

અય લોકો ! હું તમને અલ્લાહની કસમ આપું છું, શું તમને ખબર નથી કે તમે મારા વાલિદે બુઝુર્ગવારને પત્રો લખ્યા અને જેવા તમારી તરફ આવ્યા તો તમોએ તેમની સાથે દગો અને ફરેબ કર્યો, અને ત્યાર પછી તેમને કતલ કરી દીધા. અય લોકો ! અફસોસ થાય તમારા ઉપર કે આ ઝખીરો (સંગ્રહ) કે જે તમે આખેરતની દુનિયામાં પોતાના હાથે મોકલ્યો, અને કેવા બધા બૂરા અકીદા ધરાવો છો !

તમે કઈ આંખોથી રસૂલલ્લાહ (સ.)ના મુબારક ચહેરાની તરફ નજર કરશો કે જ્યારે તમને તેઓ કહેશે :

'તમે મારી ઓલાદને કતલ કરી ? અને મારા ઘરની બીબીઓની બેહુર્મતી કરી ? અને શું તમે મારી ઉમ્મતમાંથી નથી ?

તો એ વખતે દરેક બાજુએથી રડવાનો અને વિલાપ કરવાનો અવાજો બુલંદ થયા, અને એકબીજાને કહી રહ્યા હતા કે આપણે હલાક થઈ ગયા છતાં ન સમજ્યા.

હઝરત ઈમામ સજ્જાદ (અ.)એ ફરમાવ્યું, અલ્લાહ તઆલા એ દરેક માણસને પોતાની રહેમતમાં શામેલ કરે કે જેણે મારી નસીહતને કબૂલ કરી હોય, અને મારી આ જ વસિયતની અલ્લાહ, અને તેના રસૂલ (સ.) અને તેમની અહલેબૈતના માર્ગમાં હિફાઝત કરી હોય, કેમ કે અમારી પયરવી કરવી, અને અનુસરણ કરવું તે જાણે કે રસૂલલ્લાહ (સ.)ની પયરવી કર્યા બરાબર છે.

લોકોએ એકી અવાજે કહ્યું, અય ફરઝંદે પયગમ્બર ! અમે બધા ધ્યાનપૂર્વક આપના દરેક ફરમાનને અનુસરનારા છીએ, અને આપની સાથે અહદ અને પયમાનના પાબંદ છીએ, અને કદાપિ ક્યારેય પણ આનાથી મોઢું નહીં ફેરવીએ. અને જે પણ હુકમ કરશો તેની ઈતાઅત કરીશું, અને અમારો જંગ એ દરેક માણસ સાથે થશે કે જે આપનાથી જંગ કરશે, અને જે આપની સાથે સુલેહ કરશે અને એટલે સુધી કે યઝીદ સાથે ઈન્તેકામ લઈશું અને એમનો કે જે લોકોએ આપના ઉપર જુલ્મો સિતમ કર્યા છે, તેમનાથી બેઝારી ઈખ્તિયાર કરીશું.

આપ (અ.)એ ફરમાવ્યું, ક્યારેય નહીં ! ક્યારેય નહીં ! અય ગદ્દારો ! અય મક્કારો ! તમારા સ્વભાવમાં મક્રો ફરેબ સિવાય કંઈ નથી. શું તમે ફરીથી એવું ઈચ્છો છો કે જે જુલ્મ અમારા બુઝુર્ગોની સાથે કર્યો એ જુલ્મને તમે ફરીથી મારી સાથે કરો ? અલ્લાહની કસમ, આ રીતે થવું શક્ય નથી કેમ કે હજુ સુધી તો એ જખમ રૂઝાયા નથી કે જે મારા વાલિદ અને તેમના અહલેબૈત (અ.) પર કરવામાં આવવાથી મારા દિલ ઉપર લાગ્યા છે, અને મારા જદ્દ રસૂલલ્લાહ (સ.) અને વાલિદે બુઝુર્ગવાર અને મારા ભાઈઓની મુસીબતને ભૂલાવી નથી શક્યા, અને તેની કડવાશ હજુ સુધી બાકી છે, અને મારી છાતીને અને ગળાને તંગ કરી રાખ્યું છે, અને તેનો ગમ હજુ સુધી મારી છાતીમાં બાકી છે. હું તમારી પાસે એવું ઈચ્છું છું કે ન તો તમે મારી મદદ કરો કે ન તો અમારી સાથે જંગ કરો.

ત્યાર પછી આવા અશ્આર બયાન ફરમાવ્યા :

અગર હુસૈન (અ.)ને કતલ કરી દેવામાં આવ્યા છે તો તે કોઈ નવાઈ જેવી બાબત નથી કેમ કે તેમના પહેલાં તેમના વાલિદે બુઝુર્ગવાર હઝરત અલી બિન અબી તાલિબ (અ.) કે જે તેમના કરતાંય અફઝલ હતા, તેમને કતલ કરવામાં આવ્યા, તેથી અય કૂફાવાળાઓ ! જે મસાએબ અને મુશ્કેલીઓ હુસૈન

(અ.)એ વેઠવી પડી છે, તેના ઉપર ખુશ ન થઈ જાઓ. તેમની મુસીબતો તો દુનિયાની તમામ મુસીબતોથી મહાન હતી. એ હુસૈન (અ.) કે જે નહેરે ફુરાતના કિનારે કતલ થયા, મારી જાન એમના ઉપર કુરબાન થાય, યકીનપૂર્વક તેમના કાતિલોનો બદલો જહન્નમની આગ છે.

હઝરત ઈમામ સજ્જાદ (અ.)એ આ મુજબના અશ્આર પછી આવો શેઅર ઈર્શાદ ફરમાવ્યો :

(વઝૈના......અલૈના)

અમે તમારાથી કંઈ ઈચ્છતા નથી, તેથી ન તો તમે અમારો સાથ આપો કે ન તો અમારી સાથે જંગ કરો.

**દારુલ ઈમારામાં અહલેબૈત (અ.)નું આવવું :**

રાવી કહે છે કે ત્યાર પછી ઈબ્ને ઝિયાદ દારુલ ઈમારાના મહેલમાં બેઠો. તમામ આમ જનતાને અંદર દાખલ થવાની પરવાનગી આપી. ઈમામ હુસૈન (અ.)ના મુકદ્દસ સરને લાવવામાં આવ્યું, અને તેની સામે મૂકવામાં આવ્યું. વળી, ઈમામ હુસૈન (અ.)ના અહલેબૈત (અ.) અને તેમની ઓલાદને લાવવામાં આવ્યાં. અમીરુલ મોમિનીન (અ.)નાં બેટી જનાબે ઝૈનબ (અ.) એવી પરિસ્થિતિમાં દરબારમાં દાખલ થયાં કે તેમની ઓળખ ન થઈ શકી અને એક ખૂણામાં બેસી ગયાં. ઈબ્ને ઝિયાદે પૂછ્યું, આ સ્ત્રી કોણ હતી ? જવાબ આપવામાં આવ્યો કે ઝૈનબ બિન્તે અલી (અ.) છે. ઉબૈદુલ્લાહે જનાબે ઝૈનબ (અ.)ની તરફ પોતાનું મોઢું ફેરવ્યું અને કહ્યું, અલ્લાહનો શુક્ર છે કે તમને અલ્લાહે રૂસ્વા કર્યા અને તમારા જૂઠને જાહેર કર્યું.

જનાબે ઝૈનબ (અ.)એ ફરમાવ્યું, રૂસ્વા તો ફાસિક લોકો થાય છે, અને જૂઠ્ઠું ફાજિર લોકો બોલે છે, અને તે બધા અમારા સિવાયના છે.

ઈબ્ને ઝિયાદે કહ્યું, જે કંઈ અલ્લાહે તમારા ભાઈની સાથે કર્યું, તમને તે કેવું લાગ્યું ?

જનાબે ઝૈનબ (અ.)એ ફરમાવ્યું :

(મા રાયેતો ઈલ્લા જમીલા)

મેં સુંદરતા (નેકી) સિવાય કંઈ જોયું નથી, કેમ કે આલે પયગમ્બર (સ.) એવી જમાઅત છે કે જેમના માટે અલ્લાહ તઆલાએ શહાદત નસીબ ફરમાવી અને તે હંમેશાં માટે પોતાની અબદી (કાયમી) આરામગાહની તરફ ચાલ્યા ગયા છે, પરંતુ અલ્લાહ જલ્દીથી એમને અને તમને બધાને એક જગ્યાએ ભેગા કરશે, અને અહલેબૈત પોતાના ખૂનની માગણી માટે મુકદ્દમો રજૂ કરશે અને એ વખતે માલૂમ થઈ જશે કે સાચું કોણ છે ? અય મરજાનાના બેટા ! તારી મા તારા ગમમાં બેસે.

બીબીના આ કલામથી ઈબ્ને ઝિયાદ કોપાયમાન થયો અને બીબીના કતલનો ઈરાદો કર્યો.

અમ્ર બિન હરીસ કે જે દરબારમાં મોજૂદ હતો, તે ઈબ્ને ઝિયાદને કહેવા લાગ્યો કે તે સ્ત્રી છે, અને ઈબ્ને ઝિયાદે પોતાના ઈરાદાને તર્ક કર્યો અને જનાબે ઝૈનબ (અ.)ની તરફ મોઢું કરીને કહેવા લાગ્યો, અલ્લાહ તઆલાએ હુસૈન અને તેમના ભાઈઓ અને અહલેબૈતના કતલથી મારા દિલને શિફા આપી.

હઝરત ઝૈનબ (અ.)એ ફરમાવ્યું, મને મારા જીવની કસમ, અમારા બુઝુર્ગોને તેં કતલ કર્યા, અને અમારી નસલ કાપી. અગર તારી એ શિફા હોય, તો તેં શિફા મેળવી લીધી.

ઈબ્ને ઝિયાદે કહ્યું, કે ઝૈનબ એવી સ્ત્રી છે કે જે કાફિયાથી કલામ કરે છે. મને મારા જીવની કસમ કે તેમના વાલિદ અલી બિન અબી તાલિબ પણ શાયર અને શુજાઅ હતા.

જ્યારે ઝૈનબ (અ.)એ ફરમાવ્યું, અય ઈબ્ને ઝિયાદ ! સ્ત્રીને વળી કાફિયા સાથે શું કામ ? ત્યાર પછી ઈબ્ને ઝિયાદ ઈમામ સજ્જાદ (અ.)ની તરફ ફર્યો અને કહેવા લાગ્યો કે આ યુવાન કોણ છે ? તો જવાબ મળ્યો કે આ અલી બિન હુસૈન (અ.) છે. ઈબ્ને ઝિયાદે કહ્યું, શું અલી ઈબ્ને હુસૈનને તો અલ્લાહે કતલ નથી કર્યા ?

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું, અલી બિન હુસૈન મારા ભાઈ હતા કે જેમને લોકોએ કતલ કર્યા છે.

ઈબ્ને ઝિયાદે કહ્યું, બલ્કે અલ્લાહે તેમને કતલ કર્યા છે.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું,

(સૂરા ઝુમર, આયત-૪૩)

(અલ્લાહો.... ફી મનામેહા)

(સૂરા ઝુમરનું ભાષાંતર મૂકવું)

ઈબ્ને ઝિયાદે કહ્યું, તમને એવી હિંમત કેવી રીતે થઈ કે મને જવાબ આપો ?

પછી હુકમ આપ્યો કે તેમને બહાર લઈ જઈને કતલ કરી દો.

જનાબે ઝૈનબ (અ.)એ ઈબ્ને ઝિયાદની આ વાત પર પરેશાન થઈને કહ્યું, અય ઈબ્ને ઝિયાદ ! તેં અમારા કોઈ જવાનને બાકી નથી છોડ્યો. અગર એમને કતલ કરવા ચાહતો હોય તો મને પણ તેમની સાથે કતલ કરી દે.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફૂફીને ફરમાવ્યું, અય ફૂફીઅમ્મા ! આપ ખામોશ રહો કે જેથી હું પોતે જ ઈબ્ને ઝિયાદ સાથે વાત કરું.

ત્યાર પછી ઈમામ (અ.)એ ઈબ્ને ઝિયાદની તરફ મોઢું કરીને ફરમાવ્યું, અય ઈબ્ને ઝિયાદ ! શું તું મને કતલ કરવાની ધમકી આપે છે ? શું તને ખબર નથી કે કતલ થવું એ તો અમારી આદત છે, અને અમારી ફઝીલત અમારી શહાદતમાં છે ?

ત્યાર પછી ઈબ્ને ઝિયાદે હુકમ પ્રમાણે ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) અને અહલેબૈત (અ.)ને કૂફાની જામા મસ્જિદની બાજુમાં મોજૂદ એક મકાનમાં લઈ જવામાં આવ્યાં.

જનાબે ઝૈનબ (અ.)એ ફરમાવ્યું કે અમારી મુલાકાત માટે કનીઝો સિવાય બીજું કોઈ ન આવે કેમ કે તે પોતે જ પહેલાં કેદી રહી ચૂકેલી છે કે જેવી રીતે અમે કેદી છીએ.

ત્યાર પછી ઈબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે ઈમામ હુસૈન (અ.)નું સર કૂફાની ગલીઓ કૂચાઓમાં ફેરવવામાં આવે, લેખક યોગ્ય સમજે છે કે અહીં અશ્આરનો ઝિક્ર કરે.

**અશ્આરનો તરજુમો :**

હઝરત મોહંમદ (સ.)ની બેટી અને તેમના વસીના બેટાના સરને નેઝા પર તમાશો જોનારાઓને દેખાડવા માટે ઊંચુ કરવામાં આવ્યું હતું. મુસલમાનો આ મંઝર જોઈ રહ્યા હતા અને સાંભળી રહ્યા હતા, અને કોઈએ પણ આગળ વધીને તેમને ન રોક્યા અને કોઈના દિલને કોઈ તકલીફ ન થઈ.

આંધળી થઈ જાય એ આંખો કે જેમણે આ મંઝર જોયું, અને બહેરા થઈ જાય એ કાન કે જેમણે આપની મુસીબત સાંભળી અને ન રોક્યા નહીં.

અય મૌલા હુસૈન ! આપે પોતાની શહાદતથી એ આંખોને જાગૃત કરી દીધી કે જે આપના વુજૂદના તુફૈલમાં સૂતેલી રહેતી હતી, અને એ આંખો કે જે આપના ખોફને કારણે સૂઈ ન શકતી, તે આજે આરામથી સૂઈ રહી છે.

અય મૌલા હુસૈન ! કોઈ માળી આ જમીનની સપાટી પર એવો નથી કે જે એવું ન ઈચ્છતો હોય કે આપની કબર મુબારક તેના બાગમાં હોય, અને તે બાગ આપની અબદી (કાયમી) ખ્વાબગાહ બની જાય.

**અબ્દુલ્લાહ અફીફની શુજાઅત અને શહાદત :**

રાવી કહે છે કે ત્યાર પછી ઈબ્ને ઝિયાદ મિમ્બર પર ગયો, અને અલ્લાહ તઆલાની હમ્દો સના કર્યા પછી એવું કહેવા લાગ્યો કે અલ્લાહનો શુક્ર છે કે તેણે હકને સાબિત કર્યું અને અમીરુલ મોમિનીન યઝીદ અને તેના અનુયાયીઓની મદદ કરી, અને હુસૈન ઈબ્ને અલી, કાઝિબ ઈબ્ને કાઝિબને કતલ કર્યા.

અબ્દુલ્લાહ અફીફ અઝદી પોતાની જગ્યાએથી ઊભા થયા (અને તે મુત્તકી અને ઝાહિદ શીઆ હતા, તેમની જમણી આંખ જંગે સિફ્ફિનમાં અને ડાબી આંખ જંગે જમલમાં નકામી થઈ ચૂકી હતી, અને હંમેશાં કૂફાની જામા મસ્જિદમાં દિવસ-રાત ઈબાદતમાં મશગૂલ રહેતા હતા), તેઓ કહેવા લાગ્યા, અય મરજાનાના બેટા ! તું જુઠ્ઠો છે અને તારો બાપ જુઠ્ઠો અને તે માણસ અને તેનો બાપ પણ કે જેણે તને કૂફાનો વાલી બનાવ્યો. અય અલ્લાહના દુશ્મન ! શું તું અંબિયાની ઓલાદને કતલ કરીને મુસલમાનોના મિમ્બર પર બેસીને આવી વાતો કરે છે ?

આ સાંભળીને ઈબ્ને ઝિયાદ કોપાયમાન થયો અને કહેવા લાગ્યો કે આવું કહેનારો કોણ છે ? અબ્દુલ્લાહે બુલંદ અવાજમાં કહ્યું, હું છું, અય અલ્લાહના દુશ્મન ! શું તું એ પયગમ્બરની ઓલાદને કતલ કરે છે કે જેને અલ્લાહ તઆલાએ દરેક પ્રકારની નજાસતથી પાક રાખ્યા છે અને પાછો એ પણ ખયાલ કરે છે કે (તું) મુસલમાન છે ? ક્યાં છે એ મુહાજિરો અને અન્સારની ઓલાદ કે જેઓ આવા પલીદોથી ઈન્તેકામ નથી લેતા કે જેને રસૂલલ્લાહ (સ.)એ મલઊન ઈબ્ને મલઊન કહ્યો હતો ?

આ બાબતે ઈબ્ને ઝિયાદને અત્યંત કોપાયમાન કરી દીધો. ગુસ્સાથી તેની રગોમાં ખૂન જોશ મારવા લાગ્યું અને કહેવા લાગ્યો કે અબ્દુલ્લાહને મારી પાસે લઈ આવો. તેના પથ્થરદિલ સિપાહીઓએ તેમને ગિરફ્તાર કરવા ખાતર પોતાના ઘેરામાં લઈ લીધા. પરંતુ અઝદ કબીલાના બુઝુર્ગો કે જે અબ્દુલ્લાહના કાકાના બેટાઓ હતા, તેમણે પોતાની જગ્યાએથી ઊઠીને તેમને સિપાહીઓના ઘેરામાંથી આઝાદ કરાવી દીધા, અને મસ્જિદમાંથી બહાર લઈ જઈને તેમના ઘેર પહોંચાડી દીધા.

ઈબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે નાબીના (આંધળા) અઝદીના ઘેર જાઓ, અલ્લાહ તેના દિલને પણ આંધળું કરે, કે જેવી રીતે તેની આંખોને આંધળી કરી છે. તો સિપાહીઓની એક ટુકડી તેમને ગિરફ્તાર કરવા માટેના ઈરાદાથી તેમના ઘર તરફ ગઈ.

જેવી આ ખબર અઝદી કબીલાવાળાઓને મળી કે તરત જ કબીલાના બધા જ લોકો એકઠા થઈ ગયા અને યમનના કબીલાઓ પણ તેમની સાથે ભળ્યા કે જેથી અબ્દુલ્લાહની હિફાઝત કરે. જ્યારે તેમના

ભેગા થઈ જવાની ખબર ઈબ્ને ઝિયાદને મળી તો તેણે મઝર કબીલાના લોકોને એકઠા કર્યા અને મોહંમદ બિન અશઅસની દેખરેખ હેઠળ તેમની સાથે જંગ કરવા માટે મોકલ્યા. આ રીતે તેમની વચ્ચે ખૂબ જંગ થયો જેના પરિણામે અરબોનો એક કબીલો માર્યો ગયો અને ઈબ્ને ઝિયાદના સિપાહીઓ અબ્દુલ્લાહના ઘેર પહોંચ્યા અને તેના દરવાજાને તોડીને અંદર દાખલ થઈ ગયા.

આ અરસામાં અબ્દુલ્લાહની બેટી કે જે ઘરમાં મોજૂદ હતી, તેણે ફરિયાદ કરી કે બાબાજાન ! દુશ્મનની ફોજ ઘરમાં દાખલ થઈ ગઈ છે. જનાબે અબ્દુલ્લાહે કહ્યું, ડરો નહીં અને મને મારી તલવાર આપો. બેટીએ તેમને તલવાર આપી. અને અબ્દુલ્લાહે પોતાનો બચાવ કરવાનું શરૂ કરી દીધું.

અબ્દુલ્લાહની બેટીએ કહ્યું, બાબા ! કાશ હું મર્દ હોત, અને આપની સામે ખરાબ ખસ્લતવાળા લોકોથી કે જેમણે પયગમ્બર (સ.)ની ઈતરતને કતલ કરી છે, તેમની સામે જંગ કરત. ઈબ્ને ઝિયાદના સિપાહીઓ દરેક તરફથી અબ્દુલ્લાહ ઉપર હુમલા કરી રહ્યા હતા અને તેઓ પોતાનો બચાવ કર્યે જતા હતા. અને જે બાજુથી દુશ્મનો અબ્દુલ્લાહની નજીક આવતા હતા તો તેમની બેટી તેમને જાણકારી આપતી હતી, એટલે સુધી કે ઈબ્ને ઝિયાદના સિપાહીઓએ પોતાના હુમલામાં વધારો કરતાં તેમને પોતાના ઘેરામાં લઈ લીધા.

તેમની બેટીએ ફરિયાદ કરી કે મારા બાપ પર સખત મુસીબત આવી પહોંચી, પરંતુ તેમના મિત્રો કે મદદગારો કોઈ નથી. અબ્દુલ્લાહ પોતાની તલવારને પોતાના માથા ઉપર ઘૂમાવતા હતા અને કહેતા હતા,

અલ્લાહની કસમ, અગર મારી આંખોમાં જોવાની શક્તિ પાછી આવી જાત તો હું તમારા ઉપર આગળ વધી વધીને હુમલો કરત. ઈબ્ને ઝિયાદની ફોજે વારંવાર હુમલા કર્યા, એટલે સુધી કે તેમને ગિરફતાર કરી લીધા, અને તેમને ઈબ્ને ઝિયાદની પાસે લઈ ગયા. જ્યારે ઈબ્ને ઝિયાદે તેમને જોયા તો કહેવા લાગ્યો, અલ્લાહની હમ્દો સના કે જેણે તમને ઝલીલ અને અપમાનિત કર્યા. અબ્દુલ્લાહે કહ્યું, અય અલ્લાહના દુશ્મન ! કેવી રીતે અલ્લાહે મને ઝલીલ કર્યો છે ? અલ્લાહની કસમ, અગર મારી આંખો રોશન હોત તો દુનિયાને તારા ઉપર અંધકારમય બનાવી દેત.

ઈબ્ને ઝિયાદે કહ્યું, અય અલ્લાહના દુશ્મન ! ઉસ્માન બિન અફાનની બાબતમાં તમારો શું ખયાલ છે ? અબ્દુલ્લાહે તેમને બૂરા-ભલા કહ્યા અને કહ્યું, અય બની અલાજના ગુલામ ! અને અય મરજાનાના બેટા ! તારે વળી ઉસ્માન સાથે શું સંબંધ છે ? અગર તેણે બૂરું કર્યું તો અલ્લાહ પોતાના હકનો વલી અને વારસ છે, અને તેમની વચ્ચે અને ઉસ્માનની વચ્ચે હક અને અદાલત હુકમ ફરમાવશે, બલ્કે તું તારા અને તારા બાપ અને યઝીદ, અને તેના બાપની બાબતમાં સવાલ કર.

ઈબ્ને ઝિયાદે કહ્યું ખુદાની કસમ ! કોઈ વસ્તુના વિષયમાં કોઈ સવાલ કરીશ નહીં, અહીં સુધી કે તમને કતલ કરવામાં ન આવે.

અબ્દુલ્લાહે હમ્દો સના પછી કહ્યું, તારા દુનિયામાં આવવાના પહેલાં એવી ખ્વાહિશ રાખતો હતો કે અલ્લાહ તઆલા શહાદત નસીબ ફરમાવે અને તે મને પોતાની બદતરીન મખ્લૂકના હાથે ફરમાવે. પરંતુ જે દિવસથી હું આંધળો થઈ ગયો, હું શહાદત મેળવવાથી નાઉમેદ થઈ ગયો હતો. અને હવે અલ્લાહનો શુક્ર અદા કરું છું કે જેણે મારી નાઉમેદીને ઉમેદમાં બદલી દીધી, અને મારા ઉપર એ જાહેર કરી દીધું કે મારી ભૂતકાળની દુઆ કબૂલ થઈ ગઈ છે.

ત્યાર પછી ઈબ્ને ઝિયાદે તેમના કતલનો હુકમ આપ્યો, અને અબ્દુલ્લાહને કતલ કરી દેવામાં આવ્યા. અને તેમના પાક શરીરને કૂફાની એક ગલીમાં લટકાવી દેવામાં આવ્યું.

રાવી કહે છે કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે યઝીદ બિન મોઆવિયાને પત્ર લખ્યો અને તેને ઈમામ હુસૈન (અ.)ની શહાદત અને અહલેબૈતની ગિરફ્તારીથી જાણકાર કર્યો અને એક પત્ર આ જ વિષય ઉપર સીધો મદીનાના ગવર્નર ઉમર બિન સઅદ બિન આસને લખ્યો.

જ્યારે અમ્ર બિન સઅદને પત્ર મળ્યો તો તેણે મસ્જિદમાં આવીને ખુત્બો આપ્યો કે જેમાં ઈમામ હુસૈન (અ.)ની શહાદતથી વાકેફ કર્યા. આ ખબર પહોંચતાંની સાથે જ બની હાશિમના કબીલામાં કોહરામ મચી ગયો અને બની હાશિમની સ્ત્રીઓએ મજલિસે અઝા બેસાડી. ઝૈનબ બિન્તે અકીલ બિન અબી તાલિબ (અ.)એ વિલાપ અને નૌહાખ્વાની કરતાં અશ્આર પઢ્યા.

અશ્આરનો તરજુમો : અય હુસૈન (અ.)ના કાતિલો ! કે તમે હુસૈન (અ.)ની કદ્રો મંઝેલત ન જાણતાં તેમને કતલ કરી દીધા. તમને બશારત થાય મહાન અઝાબ અને બદબખ્તીની અને જાણી લો કે આસમાનવાળાઓ, અંબિયા, મુર્સલીન અને શહીદો બધા તમારા ઉપર લા'નત મોકલી રહ્યા છે. અને સુલયમાન બિન દાવૂદ, મૂસા બિન ઈમરાન અને ઈસા બિન મરયમ તમારા પર લા'નત મોકલી રહ્યા છે.

**અહલેબૈત (અ.)ના અસીરોની કૂફાથી શામ રવાનગી :**

જ્યારે યઝીદને ઈબ્ને ઝિયાદનો પત્ર મળ્યો, અને તેમાં જે લખ્યું હતું તેનાથી વાકેફ થયો તો તેના જવાબમાં લખ્યું કે હુસૈન (અ.)ને તેમના અસ્હાબનાં સરોને અને તમામ અહલેબૈતને શામ મોકલી દે. ઈબ્ને ઝિયાદે મહફ્ર બિન શોઅલ્બા આંદીને પોતાની પાસે બોલાવ્યો અને તેની દેખરેખ હેઠળ મુકદ્સ સરોને અને અહલેબૈત (અ.)ના અસીરોને તેને સોંપ્યાં. મહફ્રે અસીરોને ઊઘાડા માથે, કાફિર કેદીઓની માફક શામ રવાના કર્યાં.

ઈબ્ને લહીઆ અને અન્ય નકલ કરનારાઓ આ મકામ પર ઘણી બધી રિવાયતો નકલ કરે છે. અમે અહીં જરૂર જેટલી નકલ કરીએ છીએ. ઈબ્ને લહીઆ કહે છે :

હું ખાનાએ કા'બાના તવાફ્માં મશગૂલ હતો. અચાનક મેં એક માણસને જોયો કે જે એવું કહી રહ્યો હતો : યા અલ્લાહ ! મને બક્ષી દે. પરંતુ હું ખયાલ કરતો નથી કે તું મને બક્ષી દેશે. મેં તેને સવાલ કર્યો કે અય અલ્લાહના બંદા ! અલ્લાહથી ડર, અને આવી વાત ન કર, કેમ કે અગર તારા ગુના વરસાદના ટીપાં જેટલા અને ઝાડનાં પાંદડાં બરાબર જ કેમ ન હોય, અગર તું અલ્લાહથી બક્ષિસ માગીશ તો તે બક્ષી દેશે, અને અલ્લાહ તઆલા મહેરબાન અને બક્ષવાવાળો છે.

તે માણસે કહ્યું, મારી નજીક આવો જેથી હું તમને મારી દાસ્તાન બયાન કરું. હું તેની નજીક ગયો તો તે કહેવા લાગ્યો કે અમે પચાસ માણસો હતા કે જેઓ ઈમામ હુસૈન (અ.)ના મુકદ્સ સરને શામ તરફ લઈ જઈ રહ્યા હતા, તો તે સમય દરમિયાન જ્યારે રાતનો અંધકાર છવાઈ જતો હતો તો અમે ઈમામ હુસૈન (અ.)ના સરને સંદૂક (પેટી)માં બંધ કરી દેતા હતા અને એ સંદૂકની આજુબાજુ બેસીને શરાબ પીતા હતા. એક રાત્રે મારા સાથીઓએ એટલો બધો શરાબ પીધો કે તે બધા મસ્ત થઈ ગયા, પરંતુ મેં એ રાત્રે શરાબ ન પીધો. જ્યારે રાતનો અંધકાર દરેક બાજુએ છવાઈ ગયો અને અચાનક વીજળીના કડાકા સંભળાયા અને આસમાન તરફથી એક નૂર જાહેર થઈ ગયું અને આસમાનના દરવાજા ખુલી ગયા અને હઝરત આદમ, નૂહ, ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક અને પયગમ્બર ખાતમ હઝરત મોહંમદ (સ.) આસમાનથી જમીન પર ઊતર્યા અને તેમની સાથે જિબ્રઈલ અને ફરિશ્તાઓનું એક ટોળું હતું.

જિબ્રઈલ સંદૂકની નજીક આવ્યા અને હુસૈન (અ.)ના સરને બહાર કાઢીને પોતાની છાતી સાથે લગાવ્યું અને સરના બોસા લેવા લાગ્યા અને બધા જ પયગમ્બરો કે જેઓ આવ્યા હતા, તેમણે પણ એવું

જ કર્યું. પયગમ્બરે ઈસ્લામ (સ.) હુસૈન (અ.) ઉપર અતિશય રડવા લાગ્યા. અંબિયાએ તેમની તા'ઝીયત પેશ કરી અને જિબ્રઈલ (અ.)એ કહ્યું, અય મોહંમદ ! અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે જે કંઈ હુકમ આપ પોતાની ઉમ્મતની બાબતમાં મને આપો તો હું તેની ઈતાઅત કરું અને તેને ચાલુ કરી દઉં. અગર આપ મને હુકમ ફરમાવો કે જમીનમાં એવો ધરતીકંપ પેદા કરું કે તેને ઉપર નીચે કરીને મૂકી દઉં, જેવી રીતે કે લૂતની કોમ સાથે કર્યું હતું. રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું, ના, કેમ કે તેમની સાથે મારો હિસાબ કિતાબ કયામતના દિવસે થશે. (તો તે વખતે ફરિશ્તાઓએ અમને પચાસ માણસોને કતલ કરવા પહેલાં જ અલ્લાહથી ઈજાઝત માગી અને મલાએકાનું એક ટોળુ અમને કતલ કરવા માટે અમારી નજીક આવ્યું તો મેં કહ્યું, અલ અમાન, અલ અમાન, યા રસૂલલ્લાહ ! હઝરતે ફરમાવ્યું, મારી નજરોથી દૂર થઈ જા, અલ્લાહ તને ન બક્ષે.)

શૈખુલ મોહદ્દેસીન (૧) બગદાદની કિતાબ તંઝીલમાં (લેખક) કહે છે કે મેં અલી બિન નસ્ર સબૂકીની પરિસ્થિતિઓની બાબતમાં મારી સનદો સાથે આ હદીસ ઉપરાંત એ પણ પ્રસંગ નકલ કર્યો છે. જ્યારે હુસૈન બિન અલી (અ.)ને શહીદ કરી દેવામાં આવ્યા, અને દુશ્મનો તેમના સરને શામની તરફ લઈ જઈ રહ્યા હતા તો રસ્તામાં એક જગ્યાએ રોકાયા અને શરાબ પીવામાં મશગૂલ થઈ ગયા. તાલીઓ બજાવવા લાગ્યા અને આ સર મુબારકને એકબીજાના હાથો તરફ ઉછાળવા લાગ્યા ને અચાનક એક હાથ જાહેર થયો અને લોખંડની કલમની સાથે દીવાલ પર લખવા લાગ્યો :

(અતર્જુ......અલ હિસાબ)

તરજુમો : શું તે લોકો કે જેમણે હુસૈન (અ.)ને કતલ કર્યા તેઓ એવી ઉમ્મીદ રાખે છે કે કયામતના દિવસે તેમના જદ્દ્ બુઝુર્ગવારની શફાઅતથી સૌભાગ્યશાળી બનશે ?

જેવો તેમણે આ માજરો જોયો તો સરને ત્યાં જ છોડીને નાસી ગયા.

**શામના દરવાજા પર અહલેબૈત (અ.)ની હાલત :**

રાવી કહે છે કે જ્યારે આ જાલિમોનું ટોળુ હુસૈન (અ.)ના મુકદ્દસ સરને અને તેમના અહલેબૈત (અ.)ને શામ તરફ લઈ ગયા, અને તેઓ દમિશ્ક શહેરની નજીક પહોંચ્યા તો ઉમ્મે કુલસૂમ (અ.) શિમ્રની નજીક ગયાં અને તેને કહ્યું, અગર તમારે અમને શહેરમાં લઈ જવાનાં હોય તો એ દરવાજાથી લઈ જાઓ કે જ્યાં તમાશો જોનારાઓની સંખ્યા ઓછી હોય અને તમારા સિપાહીઓને કહો કે આ મુકદ્દસ સરોને મહેમિલોથી બહાર કાઢી લે અને અમારાથી દૂર લઈ જાય, કેમ કે એટલી બધી અમારા ઉપર નજર નાખવામાં આવી કે જેનાથી અમારી બેહદ રૂસ્વાઈ થઈ, જેમ કે અમે અસીરીની હાલતમાં છીએ. શિમ્ર એવો માણસ છે કે જે પોતાના નીચ સ્વભાવના જુલ્મો સિતમમાં મશહૂર હતો. બીબી ઉમ્મે કુલસૂમના જવાબમાં કહેવા લાગ્યો, અય સિપાહીઓ ! સરોને નેઝાઓ ઉપર બુલંદ કરીને મહેમિલોની વચ્ચે લઈ જાઓ અને એવી જ હાલતમાં અહલેબૈત (અ.)ના અસીરોને તમાશો જોનારાની વચ્ચે પસાર કરતાં કરતાં શિમ્ર દમિશ્કના મુખ્ય દરવાજાથી પસાર થયો, અને શહેરની જામા મસ્જિદના દરવાજાની સામે કેદીઓને અને સરોને રોકી દીધા.

રિવાયતમાં છે કે અસ્હાબે રસૂલ (સ.)માંથી એક સહાબીએ જ્યારે ઈમામ હુસૈન (અ.)ના સર મુબારકને શામમાં જોયું તો તે તરત જ લોકોની નજરોથી સંતાઈ ગયો, અને એક મહિના સુધી પોતાના દોસ્તોથી સંતાયેલો રહ્યો. એક મહિના પછી જ્યારે લોકોએ તેને જોયો અને તેને પૂછ્યું કે કારણ શું હતું ?

તો તેણે જવાબ આપ્યો, શું તમે જોઈ રહ્યા નથી કે કેટલી બધી મોટી બદબખ્તી આપણા ઉપર નાઝિલ થઈ ગઈ ?

અશ્આરનો તરજુમો : અય મોહંમદ (સ.)ના નવાસા ! તારા ખૂનથી રગદોળાયેલા સરને શામ લાવવામાં આવ્યું અને તારા કતલથી એવું જાહેર થયું કે જાણી જોઈને રસૂલલ્લાહ (સ.)ને કતલ કરવામાં આવ્યા. અય ફરઝંદે પયગમ્બર ! તને તરસ્યા હોઠવાળો કતલ કરવામાં આવ્યો અને કુરઆનની શરમ ભરવામાં ન આવી અને તારા કતલ પર ના'રા તકબીર બુલંદ કરવામાં આવ્યા, જ્યારે કે તારા કતલની સાથે તકબીર અને તહ્લીલને કતલ કરી દેવામાં આવી.

**એક વૃધ્ધ શામીની દાસ્તાન :**

રાવી કહે છે કે જે વખતે હુસૈન (અ.)ના અહલેબૈત (અ.)ને મસ્જિદના દરવાજા પર રોકી રાખવામાં આવ્યાં હતાં તો એ સમય દરમિયાન એક વૃધ્ધ શામી તેમની નજીક આવ્યો અને બુલંદ અવાજમાં કહેવા લાગ્યો, અલ્લાહનો શુક્ર છે કે જેણે તમને કતલ કર્યા, અને તમારા મરદોના કતલ દ્વારા શહેરોમાં અમન કાયમ થયું, અને અમીરુલ મોમિનીનને તમારા ઉપર ફતેહ આપી.

અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ તેના જવાબમાં ફરમાવ્યું, અય ભાઈ ! શું તેં કુરઆન પઢ્યું છે ? તેણે કહ્યું, હા. આપે ફરમાવ્યું, શું તેં કુરઆનની આ આયતને પઢી છે ? (કુલ્લા અસ્અલોકુમ..... કુર્બા)

તેણે જવાબ આપ્યો, હા, પઢી છે. અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અમે જ પયગમ્બર (સ.)ના કરાબતદાર છીએ. શું તેં સૂરા બની ઈસરાઈલમાં આ આયતને પઢી છે ? (વ આતે ઝિલકુર્બા હક્કા) તેણે જવાબ આપ્યો, હા. પઢી છે. હઝરત (અ.)એ ફરમાવ્યું, અમે જ રસૂલના રિશ્તેદાર છીએ. શું તમે આ આયત પણ પઢી છે ?

(વ અઅલમૂ..........કુર્બા) ? તેણે જવાબ આપ્યો, પઢી છે ? હઝરતે ફરમાવ્યું, અમે જ રસૂલ (સ.)ના રિશ્તેદાર છીએ. શું તેં આ આયત પઢી છે ઈન્નમા યોરીદુલ્લાહ.... તત્હીરા તેણે જવાબ આપ્યો, હા, પઢી છે.

અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અમે જ અહલેબૈતે રસૂલ (સ.) છીએ કે અલ્લાહ તઆલાએ અમને જ આયતે તત્હીરની સાથે મખ્સૂસ કર્યા છે.

તે ઘરડો માણસ આ શબ્દો સાંભળ્યા પછી ખામોશ થઈ ગયો, અને પોતાના શબ્દો પર પસ્તાયો અને કહેવા લાગ્યો, તમને અલ્લાહની કસમ આપું છું, એ બતાવો કે કુરઆને કરીમની આ આયત શું તમારી શાનમાં છે ? તો હઝરતે ફરમાવ્યું, મને અલ્લાહ અને મારા જદ્દે અમ્જદ રસૂલલ્લાહ (સ.)ની કસમ, કે આ આયત અમારા હકમાં છે. આ સાંભળીને તે ઘરડો માણસ રડવા લાગ્યો, અને પોતાનો અમામો જમીન ઉપર ફેંકી દીધો, અને પોતાના સરને આસમાન તરફ ઊંચું કરીને કહેવા લાગ્યો, શું મારી તોબા કબૂલ થઈ જશે ? તો હઝરતે ફરમાવ્યું, હા, અગર તું તોબા કરે તો અલ્લાહ કબૂલ કરી લેશે, અને તું અમારી સાથે છે. તો તેણે કહ્યું કે હું તોબા કરું છું.

જેવા તે ઘરડા માણસના સમાચાર યઝીદને મળ્યા કે તરત જ તેને કતલ કરાવી દીધો.

**યઝીદના દરબારમાં અહલેબૈત (અ.)નો પ્રવેશ :**

ત્યાર પછી અહલેહરમ અને ઈમામ સજ્જાદ (અ.)ને એવી હાલતમાં દરબારમાં લાવવામાં આવ્યાં કે તેમના હાથ એક રસ્સીમાં બંધાયેલા હતા. જ્યારે યઝીદની સામે આવી હાલતમાં ઊભા થયા તો ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું,

(ઉન્શેદોક.....સફા)

અય યઝીદ ! તને અલ્લાહની કસમ, તું રસૂલલ્લાહ (સ.)ની બાબતમાં શું ખયાલ ધરાવે છે ? અગર તેઓ અમને આ હાલતમાં જુએ તો.....? યઝીદે હુકમ કર્યો કે રસ્સીને ખોલી નાખવામાં આવે. ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ના મુકદ્દસ સરને તેની સામે રાખવામાં આવ્યું અને બીબીઓને તેમની પાછળની તરફ બેસાડવામાં આવી કે જેથી તેઓ ઈમામ હુસૈન (અ.)ના સરને જોઈ ન શકે, પરંતુ અલી બિનુલ હુસૈન (અ.)એ જોઈ લીધું. (ફલમ....અબદા)

જેવી જનાબે ઝૈનબ (અ.)ની નજર ઈમામ હુસૈન (અ.)ના કપાયેલા સર પર પડી તો બીબીએ માથું કૂટવાનું શરૂ કર્યું, અને એવા દર્દનાક અવાજની સાથે રડવા લાગ્યાં કે દિલોને તડપાવી રહ્યાં હતાં. તેમણે ફરમાવ્યું,

(યા હુસૈનાહો.......મુસ્તફા)

રાવી કહે છે કે જનાબે ઝૈનબ (અ.)એ મજલિસમાં મોજૂદ તમામ દરબારીઓને રડાવી દીધા, અને યઝીદ લા'નતુલ્લાહ ખામોશ થઈ ગયો.

એ અરસામાં બની હાશિમની એક ખાતૂને, જો કે તે યઝીદના ઘરમાં હતી, ઈમામ હુસૈન (અ.) પર રુદન અને વિલાપ શરૂ કર્યો અને બુલંદ અવાજથી કહેવા લાગી.

(યા હબીબાહો......ઔલાદલ અદઈના) જે કોઈએ આ અવાજ સાંભળ્યો, તે રડવા લાગ્યો.

ત્યાર પછી યઝીદે ખીઝરાનની છડી મંગાવી, અને ઈમામ હુસૈન (અ.)ના મુકદ્દસ હોઠો પર અને દાંતો પર મારવા લાગ્યો, અબૂ બર્ઝા અસ્લમી તેના તરફ જોઈને કહેવા લાગ્યો, અફસોસ થાય તારા પર અય યઝીદ ! શું તું હુસૈન (અ.) કે જે ફાતેમા (અ.)ના ફરઝંદ છે, તેમના દાંતો પર છડી મારી રહ્યો છે ? હું ગવાહી આપું છું એ વાત ઉપર કે મેં જાતે રસૂલલ્લાહ (સ.)ને જોયા છે કે તેઓ હુસૈન (અ.) અને તેમના ભાઈ હસન (અ.)ના હોઠોના બોસા લેતા હતા, અને એમની જીભને ચૂમતા હતા અને ફરમાવતા હતા કે,

અન્તોમા સૈયદુશબાબે અહલે જન્ના.

(તમે બન્ને જન્નતના જવાનોના સરદાર છો) અને અલ્લાહ કતલ કરે, અને લા'નત કરે એ લોકો ઉપર કે જે તમારા કાતિલ છે અને એમના માટે તેનો બદલો જહન્નમ આપ.

યઝીદ આ બાબતથી ગઝબનાક થયો અને હુકમ આપ્યો કે તેને દરબારમાંથી બહાર લઈ જાઓ.

ત્યાર પછી યઝીદે ઈબ્ને ઝબઅરીના આ અશ્આર પઢવાનું શરૂ કરી દીધું.

(લૈતઅશ્યા.....કાન ફઅલ)

અર્થાત્ : અય કાશ ! મારા એ બુઝુર્ગો કે જે જંગે બદ્રમાં કતલ કરવામાં આવ્યા, તે આજે જીવતા હોત અને જોતા કે ખઝરજ કબીલો કેવી રીતે અમારી તલવારોની સામે પરાજય પામી ચૂક્યા છે અને રડી રહ્યા છે, આ મંઝરને જોવાથી તેઓ ખુશીઓનાં વાજિંત્રો વગાડતા અને કહેતા : અય યઝીદ ! સલામત રહો.

અમે બની હાશિમના બુઝુર્ગોને કતલ કર્યા, અને જંગે બદ્રનો તેમનાથી બદલો લીધો.

શેઅરનો તરજુમો : હું ખંદફની ઓલાદમાંથી નથી કે હું બની હાશિમથી બદલો ન લઉં.

**જનાબે ઝૈનબ (અ.)નો ખુત્બો :**

એ અરસામાં જનાબે ઝૈનબ (અ.) પોતાની જગ્યાએથી ઊભાં થઈ ગયાં, અને આ ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો :

તરજુમો : બીબીએ અલ્લાહની હમ્દો સના અને રસૂલલ્લાહ (સ.) પર દુરૂદો સલામ મોકલ્યા પછી આ આયતની તિલાવત ફરમાવી :

(સુમ્મ કાન....યસ્તહઝઉન)

(એ લોકો કે જેમણે બૂરાં કામો બજાવી લાવ્યા તેમના આમાલની આકેબત એટલે સુધી પહોંચી ગઈ કે અલ્લાહની આયતને જૂઠલાવી અને તેની મજાક ઉડાવી.)

(અઝનનત........અલ અસાદી)

અય યઝીદ ! શું તું એવો ખયાલ કરે છે કે તેં અમારા પર જમીન અને આસમાનને તંગ કરી દીધાં છે અને અમને કેદીઓની માફક એક શહેરથી બીજા શહેર ફેરવી રહ્યો છે. અને અમે અલ્લાહની નજરમાં ઝલીલ અને અપમાનિત થઈ ગયાં છીએ, અને તારી અઝમત અને બુઝુર્ગીમાં વધારો થયો છે અને તારા આમાલ અઝમત ઉપર દલાલત કરે છે ? અને શું તું એ બાબત પર ખુશહાલ છે અને ફખ્ર કરે છે કે તારી દુનિયા આબાદ થઈ ગઈ, અને તારું કામ તારી ઇચ્છા પ્રમાણે થયું છે અને શહેનશાહી પર તારી મહોર લાગી ગઈ છે ?

તું વિચાર. શું તેં અલ્લાહના એ કલામને ભૂલી ગયો છે ? (વલા યહસબન્ન.....કફરૂ) અને એ ખયાલ ન કરે એ લોકો કે જેમણે કુફ્ર કર્યું. આ થોડાક દિવસની જિંદગીની જે મોહલત તેમને આપવામાં આવી છે, તે એમના માટે ખુશકિસ્મતી અને ખુશબખ્તી છે, કદાપિ એવું નથી તેમને મોહલત અમે એટલા માટે આપી છે કે તેઓ પોતાના ગુનાઓ પર વધારો કરે, અને તેમના માટે દર્દનાક અઝાબ છે.

(અરબીમાં લખાણ)

શું આ જ ઈન્સાફ છે કે અય આઝાદ થયેલા ગુલામોની ઓલાદ ! કે તું તારી કનીઝોને તો પડદામાં બેસાડે છે અને પયગમ્બરની બેટીઓને મકના અને ચાદર વગર ઊઘાડા માથે ચહેરે દુશ્મનોની વચ્ચે એક શહેરથી બીજા શહેર ફેરવે છે અને દરેક મુકામના રહેવાસીઓ અને દૂર અને નજીક, નીચ અને શરીફ લોકો તેમનો તમાશો જુએ છે જ્યારે કે તેમના પુરુષો અને સમર્થકોમાંથી કોઈ પણ બાકી નથી ?

હાં, એ લોકો પાસેથી કેવા રહેમની અને મહેરબાનીની ઉમ્મીદ કરી શકાય છે કે જેમને મુત્તકી અને પરહેઝગાર લોકોનાં કાળજાં મોઢામાં ચાવ્યાં હોય, અને તેમના શરીરની પરવરિશ શહીદોના ખૂનની સાથે થઈ હોય, અને તે અમારી દુશ્મનીમાં કેવી રીતે કમી કરી શકે તેમ છે કે જેમના દિલોમાં અમારા વિરૂધ્ધ દુશ્મની અને હસદ રહી હોય, અને હવે પણ તમે એવી રીતે તકબ્બુર અને ગુરૂરમાં મસ્ત છો જાણે કે તમને પોતાના ગુનાની તરફ ધ્યાન જ નથી અથવા તો તમે કોઈ ગુનો જ કર્યો નથી, અને અબા અબ્દિલ્લાહ, જન્નતના જવાનોના સરદારના મુકદ્દસ દાંતો પર છડી મારી રહ્યો છે અને આવા અશ્આર કહી રહ્યો છે :

(અરબીમાં શેઅર લખવો.)

તું એવું શા માટે ન કહે અને તું આવા અશ્આર કેમ ન પઢે, જ્યારે કે તારા હાથ રસૂલ (સ.)ની ઓલાદના ખૂનથી રંગાયેલા છે, અને અબ્દુલ મુત્તલિબના નૂરેનઝર જમીનના ચમકતા સિતારા તારા હાથે ખામોશ થઈ ગયા છે ? તેં તારાં આવાં પગલાં ભરીને પોતાની હલાકતનો સામાન ભેગો કરી લીધો છે, અને હવે તું તારા કબીલાના ભૂતકાળના બુઝુર્ગોને પોકારી રહ્યો છે, અને એવું ગુમાન કરે છે કે તેઓ તારી વાતો સાંભળી રહ્યા છે, પરંતુ જલ્દીથી તું પણ તેમની સાથે ભળી જઈશ અને એ જગ્યાએ તું એવી આરઝૂ કરીશ કે કાશ, મારા હાથ સૂકાઈ જાત, અને મારી જીભ મૂંગી થઈ જાત, અને એવું ન કહેતો કે જે કંઈ મેં કહ્યું છે, અને એવું ન કરતો કે જે કંઈ મેં કર્યું. (અહીં જનાબે ઝૈનબ (અ.)એ દુઆ કરી અને કહ્યું :)

અય કાદિર અને તવાના અલ્લાહ ! જેમણે અમારા ઉપર જુલ્મ કર્યો છે, તેમનાથી અમારો ઈન્તેકામ લે, અને તેમને દર્દનાક આગમાં જલાવ.

અય યઝીદ ! તેં પોતાનાં આવાં પગલાં ભરીને કોઈને જખ્મી નથી કર્યા, બલ્કે પોતાની ઝાતને જખ્મી કરી, અને કોઈના ગોશ્તના ટુકડા નથી કર્યા, પરંતુ તેં તારા જ ટુકડા કર્યા છે. અને વધારે સમય પસાર નહીં થાય કે પયગમ્બર (સ.)ની બારગાહમાં એવી હાલતમાં હાજર કરવામાં આવશે કે તેમની ઓલાદનું ખૂન અને તેમના અહલેબૈતની હુર્મતનો મહાન ગુનો તારી ગર્દન પર થઈ ગયો, અને એ દિવસે અલ્લાહ તઆલા તેમના વિખરાયેલા શરીરોને એક જગ્યાએ એકઠાં કરશે અને તેનો બદલો તારાથી લેશે.

(વલા તહસબન્ન.......યુર્ઝકૂન)

રાહે ખુદામાં કતલ થનારાઓને કદાપિ મરેલા ન સમજતા. તેઓ જીવતા છે અને પોતાના પરવરદિગાર પાસેથી રોજી મેળવે છે.

તમારા માટે એટલું જ કાફી છે કે આજના દિવસે અલ્લાહ તઆલાની લા'નત હાકિમ હોય, હઝરત મોહંમદ (સ.) તમારી વિરૂધ્ધ મુકદ્દમો દાખલ કરે, અને જિબ્રઈલ તેમને પીઠબળ આપે, અને જલ્દીથી એ લોકોને માલૂમ થઈ જશે કે કયા લોકોએ તમને આ ગાદી પર બેસાડ્યા અને મુસલમાનોની ગરદનો પર સવાર કર્યા. કેટલો ખરાબ અંજામ છે જાલિમો માટે કે જે તેમણે ધારણ કર્યો છે. અને ટૂંક સમયમાં જ જાણી લેશો કે કોણ બદબખ્ત છે અને કોનો અંજામ ખરાબ હશે.

જો કે જમાનાના ઈન્કિલાબે મને તારાથી વાતચીત કરવા માટે મજબૂર કરી દીધી છે, પરંતુ હું તારી કિંમત અને મકામને કંઈ પણ સમજતી નથી, અને તારી મલામત કરવાને અઝીમ જાણું છું, અને તને ઠપકો આપવો પસંદ કરું છું. પરંતુ અમારી આંખોથી આંસુ વહી રહ્યાં છે અને અમારી છાતીઓ ગમ અને દુઃખની આગથી બળી રહ્યાં છે.

આહ ! આ કાર્ય કેટલું બધું અજબ પ્રકારનું છે કે અલ્લાહનું લશ્કર શયતાનના લશ્કરના હાથે કતલ થઈ જાય.

અમારું ખૂન એ હાથોથી પડી રહ્યું છે, અને અમારું ગોશ્ત તેમના મોઢામાં ચાવવામાં આવી રહ્યું છે, અને તે પાકો પાકીઝા શરીર જમીન પર પડેલાં છે, જંગલનાં વરૂઓ વારાફરતી તેમની ઝિયારત માટે આવી રહ્યાં છે, અને જંગલનાં હિંસક જાનવરો તેમની પાક ખાક પર પોતાના કપાળ ઘસી રહ્યાં છે.

અય યઝીદ ! તું કે જે આજે અમારા ઉપર પોતાના વિજયને યોગ્ય સમજી રહ્યો છે, ટૂંક સમયમાં જ તારાથી તેનો બદલો લેવામાં આવશે, અને તારી પાસે કંઈ નહીં હોય, પરંતુ એ જ કે જે તું પોતાના માટે મોકલી ચૂક્યો હશે. અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર જુલ્મ કરવાવાળો નથી. અમે તેની બારગાહમાં અમારી શિકાયત રજૂ કરીશું, અને એ જ અમારી પનાહગાહ છે. અને તું અય યઝીદ ! તારા કામમાં મશગૂલ રહે, અને તારા મક્રો ફરેબને કામમાં લાવતો રહે, અને કોશિશ કરતો રહે, પરંતુ અલ્લાહની કસમ, તું અમારા નામને મિટાવી નહીં શકે, અને અમારી વહીને ખામોશ નથી કરી શકતો, અને અમારા હેતુને નાબૂદ કરી શકતો નથી અને ન તો તારા દામનથી આ નામોશીના ડાઘ ધોઈ શકે છે, કેમ કે તારી બુધ્ધિ બીમાર છે, અને તારી જિંદગીના દિવસો થોડા છે અને એ દિવસે તારો આ જમાવડો વેરવિખેર થયેલો હશે કે જે દિવસે મુનાદી નિદા આપશે :

અલા લા'તનુલ્લાહે અલઝ્ઝાલેમીન.

અલ્લાહનો શુક્ર છે કે જેણે અમારી શરૂઆત ભલાઈ અને મગ્ફેરતની સાથે, અને અમારો અંત શહાદત અને રહમત પર સંપૂર્ણ કર્યો.

અને અમે અલ્લાહ તઆલાથી દરખાસ્ત કરીએ છીએ તે અમારા શહીદો ઉપર પોતાની નેઅમતની સંપૂર્ણતા કરે, અને તેમના અજ્રો સવાબમાં વધારો કરે, અને અમને તેના નેક જાનશીનોની સાથે બાકી રાખે, કેમ કે તે અલ્લાહ તઆલા બક્ષવાવાળો અને મહેરબાન છે. વહસબનલ્લાહ વ નેઅમલ વકીલ.

ખુત્બો સાંભળ્યા પછી યઝીદ આ શેઅર પઢ્યો :

બા સહતુન....અલન્નવાએહ

રુદન કરનારાઓની ફરિયાદ કદી પસંદીદા હોય છે ? અને આવી મુસીબતવાળી સ્ત્રીઓ પર મોત ખૂબ આસાન હોય છે.

ત્યાર પછી યઝીદે પોતાના દરબારીઓ સાથે મશ્વેરો કર્યો કે આ કેદીઓ સાથે કેવો વ્યવહાર કરવામાં આવે ? તેમણે અહલેબૈતના કતલનો મશ્વેરો આપ્યો, પરંતુ નોઅમાન બિન બશીરે કહ્યું, કંઈક વિચાર કરો, અગર તમારી જગ્યાએ રસૂલલ્લાહ (સ.) હોત તો તે કેદીઓની સાથે કેવો વ્યવહાર કરત ? તમે પણ એવો જ વ્યવહાર કરો.

**યઝીદના દરબારમાં એક શામી માણસની દાસ્તાન :**

એ અરસામાં એક શામીએ જનાબે ફાતેમા બિન્તે અલ હુસૈન (અ.)ની તરફ જોયું અને યઝીદને કહ્યું, અય અમીરુલ મોમિનીન ! આ કનીઝ મને બક્ષી આપ. જનાબે ફાતેમાએ પોતાની ફૂફીને કહ્યું, ફૂફીજાન ! હું પહેલાં યતીમ તો થઈ જ ગઈ છું અને હવે મને કનીઝી માટે આપવાનું વિચારે છે. જનાબે ઝૈનબ (અ.)એ ફરમાવ્યું, ના, ફાસિક કદાપિ એવું નહીં કરી શકે. તે પુરુષ શામીએ યઝીદને પૂછ્યું કે આ બાળકી કોણ છે ? યઝીદે જવાબ આપ્યો કે ફાતેમા બિન્તે હુસૈન (અ.) છે, અને પેલાં ઝૈનબ બિન્તે અલી બિન અબી તાલિબ છે.

શામીએ કહ્યું, અય યઝીદ ! તારા પર અલ્લાહની લા'નત થાય, અમે તો એવો વિચાર કર્યો હતો કે આ કેદીઓ રૂમના છે. યઝીદે કહ્યું, અલ્લાહની કસમ, હું તને પણ તેમની સાથે શામેલ કરું છું. પછી તેને યઝીદની રીતભાત મુજબ કતલ કરી દેવામાં આવ્યો.

રાવી કહે છે કે યઝીદે એક ખતીબને બોલાવ્યો અને તેને હુકમ કર્યો કે તે મિમ્બર પર જઈને હુસૈન (અ.) અને તેમના બાપને ભલું બૂરું કહે, તેથી ખતીબ મિમ્બર પર ગયો અને તેણે અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.) અને ઈમામ હુસૈન (અ.) શહીદે કરબલાની ખૂબ મઝમ્મત કરી અને યઝીદ અને તેના બાપ મોઆવિયાની ખુશામદથી ભરપૂર તારીફ કરી.

જનાબે અલી બિનુલ હુસૈન (અ.)એ ફરિયાદ કરતાં કહ્યું,

(વૈલક.......અલ ખાલિક)

અફસોસ થાય તારા ઉપર અય ખતીબ ! તેં મખ્લૂકની ખુશનૂદીને પરવરદિગારની નારાજગીના બદલામાં ખરીદી લીધી, માટે તું જહન્નમમાં તારી જગ્યાને શોધી લે.

ઈબ્ને સિનાન ખિફાજીએ હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની શાનમાં કેવો સરસ શેઅર કહ્યો છે

:

(અઅલા.....અઅવાદોમાં)

અર્થાત્ : મિમ્બરો પર બેસીને અમીરુલ મોમિનીન (અ.) પર જાહેરમાં લા'નત કરો છો જ્યારે એ મિમ્બર કે જે તમારા માટે લગાવવામાં આવે છે, તેમનાં લાકડાં પણ તેની તલવારના તુફૈલમાં મળ્યાં છે.

એ જ દિવસે યઝીદે અલી બિનુલ હુસૈન (અ.)ને વાયદો કર્યો કે તમારી ત્રણ હાજતોને પૂરી કરીશ. ત્યાર પછી હુકમ આપ્યો કે અહલેબૈત (અ.)ને એવી જગ્યાએ લઈ જવામાં આવે કે જ્યાં તેઓ ગરમી અને ઠંડીથી સુરક્ષિત ન રહી શકે. તેથી તેમને એવી જ જગ્યાએ રોકવામાં આવ્યાં કે તેમના પાક ચહેરા જખ્મોથી ફાટી ગયા અને જ્યાં સુધી અહલેબૈત (અ.) દમિશ્કમાં કેદી રહ્યાં ત્યાં સુધી તેમણે ઈમામ હુસૈન (અ.)ની અઝાદારીને ચાલુ રાખી.

**જનાબે સકીના (અ.)નું સપનું :**

જનાબે સકીના (અ.) ફરમાવે છે, જ્યારે દમિશ્કમાં ચાર દિવસ પસાર થઈ ગયા તો મેં સપનું જોયું. તે બીબીએ આ લાંબુ સપનું બયાન ફરમાવ્યું છે. અને તેના અંતમાં, એવી રીતે બયાન ફરમાવ્યું છે કે મેં જોયું કે એક ખાતૂન એક ખૈમામાં બેઠાં છે, અને તેમના બન્ને હાથ માથા પર છે. મેં સવાલ કર્યો કે આ બીબી કોણ છે ? તો કહેનારાએ કહ્યું કે આ ફાતેમા બિન્તે મોહંમદ (સ.) છે કે જે તમારી દાદી છે. મેં કહ્યું, અલ્લાહની કસમ, હું તેમની પાસે જઈશ, અને મારા ઉપર જે જુલ્મો કરવામાં આવ્યા છે, તેમને બયાન કરીશ. ત્યાર પછી હું જલ્દીથી તેમની પાસે ગઈ, અને તેમની સામે ઊભી રહી અને રડીને કહેવા લાગી,

અય માદરે ગિરામી ! અલ્લાહની કસમ, અમારા હકથી ઈન્કાર કરવામાં આવ્યો, અને અમારી જમાઅતને વેરવિખેર કરી નાખવામાં આવી, અને અમારા હરમમાં દાખલ થવાનું મુબાહ સમજવામાં આવ્યું. અય માદરે ગિરામી ! અલ્લાહની કસમ, અમારા બાપ હુસૈન (અ.)ને કતલ કરવામાં આવ્યા.

(ફકાલસ.....કલ્બી)

તેમણે ફરમાવ્યું, મારી વહાલી દીકરી ! આનાથી વધારે કંઈ ન કહો. તમારી વાતોએ મારા દિલને ટુકડે ટુકડા કરી દીધું છે. આ તમારા બાપ હુસૈન (અ.)નું પહેરણ મારી પાસે છે કે જે હંમેશાં મારી પાસે રહેશે, એટલે સુધી કે તે પહેરણની સાથે અલ્લાહની બારગાહમાં હાજર થઈશ.

ઈબ્ને લહીઆએ અબુલ અસ્વદ મોહંમદ બિન અબ્દુર્રહેમાનથી રિવાયત નકલ કરી છે : રાસુલ જાલૂતે મને જોયો અને કહ્યું, અલ્લાહની કસમ, મારા અને હઝરત દાવૂદ (અ.)ની વચ્ચે સિત્તેર (૭૦) પેઢીઓનું અંતર છે, યહૂદીઓ જ્યારે પણ મને જુએ છે તો મારી ખૂબ જ તા'ઝીમ કરે છે, પરંતુ પયગમ્બર (સ.) અને તેમની ઓલાદની વચ્ચે ફક્ત એક પેઢીનું અંતર છે તેમ છતાંય તમે તેમની ઓલાદને કતલ કરી નાખી ?

**રૂમના બાદશાહના એલચીની દાસ્તાન :**

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)થી રિવાયત કરવામાં આવી છે કે ઈમામ હુસૈન (અ.)ના મુબારક સરને યઝીદની પાસે લાવવામાં આવ્યું. અને તે હંમેશાં જશ્નની મહેફિલો રાખતો હતો અને ઈમામ હુસૈન (અ.)ના સર મુબારકને પોતાની સામે રાખતો હતો. એક દિવસ રૂમના બાદશાહનો એલચી કે જે પોતે પણ રૂમના શરીફ લોકોમાંથી હતો, તે યઝીદની મજલિસમાં આવ્યો, અને યઝીદને પૂછવા લાગ્યો, અય અરબના બાદશાહ ! આ કોનું સર છે ? યઝીદે જવાબ આપ્યો, તારે વળી આ સર સાથે શું કામ છે ? તેણે કહ્યું, જ્યારે હું બાદશાહની પાસે પાછો જઈશ તો જે કંઈ મેં અહીં જોયું છે, તેની બાબતમાં તે મને પૂછશે અને તે કેટલું બધું સારું હશે કે હું આ સર અને તેના વારિસની બાબતમાં બયાન કરું કે જેથી તે તમારી ખુશીઓમાં શરીક થાય. યઝીદે જવાબ આપ્યો, આ સર હુસૈન ઈબ્ને અલી ઈબ્ને

અબી તાલિબ (અ.)નું છે. રૂમી પૂછવા લાગ્યો, તેમની માનું નામ શું છે ? તો તેણે જવાબ આપ્યો, ફાતેમા બિન્તે મોહંમદ (સ.).

નસરાનીએ કહ્યું, અફસોસ થાય તમારા પર, અને તમારા દીન પર. મારો દીન તમારા દીન કરતાં બહેતર છે, કેમ કે મારો બાપ હઝરત દાવૂદ (અ.)ની નસલમાંથી છે. મારા અને એમના વચ્ચે ખૂબ અંતર છે. તેમ છતાં પણ બધા નસરાની મારી તા'ઝીમ કરે છે અને મારા પગની ખાકને તબર્રૂક તરીકે ઉઠાવી લે છે, જ્યારે કે હુસૈન (અ.) અને તમારા પયગમ્બરની વચ્ચે માત્ર એક માનું અંતર છે. આ કેવો દીન છે કે જે તમે પાળો છો ? ત્યાર પછી યઝીદને કહેવા લાગ્યો કે શું તેં ગિર્જા હાફિરની દાસ્તાન સાંભળી છે ? તેણે કહ્યું, બયાન કરો કે જેથી હું સાંભળું. તે ઈસાઈએ કહ્યું,

ઓમાન અને ચીનની વચ્ચે એક દરિયો છે કે જેને પાર કરતાં એક વર્ષ જેટલો સમય લાગે છે. એ દરિયાની વચ્ચે કોઈ વસ્તી અસ્તિત્વ ધરાવતી નથી, સિવાય એક શહેર કે જે દરિયાની વચ્ચોવચ છે, કે જેની લંબાઈ અને પહોળાઈ (૮૦) એંસી ફરસખ છે. (એક ફરસખ બરાબર ત્રણ માઈલ થાય છે. - અનુવાદક) અને તે જમીનના ટુકડા પર આ શહેરના કરતાં મોટું કોઈ બીજું શહેર નથી. આ શહેરમાંથી યાકૂત અને કાફૂર બીજા મુલકોમાં મોકલવામાં આવે છે, અને તેનાં ઝાડ ઊદ અને અંબરનાં છે.

આ શહેર ઈસાઈઓના કબજામાં છે અને દરેક બાદશાહ ઈસાઈ જ હોય છે, અને આ શહેરમાં ઘણાં બધાં ગિરજાઘર (ચર્ચ) છે, અને તેમનામાંથી સૌથી મોટું ગિરજાઘર હાફિર છે. અને તેની મહેરાબમાં સોનાનું એક વાસણ છે કે જેમાં એક ખરી (સુમ) છે. મશહૂર છે કે આ એક ગધેડાની ખરી છે કે જેના પર હઝરત ઈસા (અ.) સવાર થતા હતા અને તે વાસણને રેશમના કીડાઓની સાથે લપેટવામાં આવ્યું હતું. દર વર્ષે ઈસાઈ લોકો મોટી સંખ્યામાં દૂર સુદૂરથી આ ગિરજાઘરની ઝિયારત માટે આવે છે. આ વાસણના ફરતાં તવાફ કરે છે. તેના બોસા લે છે. આ જગ્યાએ અલ્લાહ સમક્ષ પોતાની હાજતો માગે છે. તેમનો અકીદો આવો છે. આવો તેમનો અમલ છે. આ ખરીની બાબતમાં તેમનો ખ્યાલ એવો છે કે આ ગધેડા ઉપર તેમના પયગમ્બર હઝરત ઈસા (અ.) સવાર થતા હતા, પરંતુ તમે તો તમારા પયગમ્બરના બેટાને કતલ કરી નાખ્યો છે.

(લા બારક.....દીનેકુમ)

યઝીદે કહ્યું, આ ઈસાઈને કતલ કરો કેમ કે તેણે મને મારી પોતાની રૈયતમાં રૂસ્વા કર્યો છે. ઈસાઈને જ્યારે પોતાના કતલ થવાનો એહસાસ થયો તો યઝીદને કહ્યું, શું તું મને કતલ કરીશ ? તો તેણે કહ્યું, હા. તો ઈસાઈએ કહ્યું, તું જાણી લે કે ગઈ કાલે રાત્રે મેં તારા પયગમ્બરને સપનામાં જોયા છે. તેઓ મને ફરમાવી રહ્યા હતા કે અય ઈસાઈ ! તું બેહિશ્તના લોકોમાંથી છે. તો મેં આવી ખુશખબરી પર નવાઈ વ્યક્ત કરી. હું હવે કલ્માએ શહાદતૈન પઢું છું.

(અશહદો......રસૂલલ્લાહ)

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ના મુકદ્દસ સરને ઉઠાવ્યું અને પોતાની છાતી સાથે લગાવ્યું અને તેના બોસા લેવા લાગ્યો, અને રડતો રહ્યો, એટલે સુધી કે તેને કતલ કરી દેવામાં આવ્યો.

**હદીસે મિન્હાલ :**

રાવી કહે છે કે એક દિવસ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા અને દમિશ્કના બજારમાં જઈ રહ્યા હતા. મિન્હાલ બિન ઈમરાન તેમની ખિદમતમાં હાજર થયા અને કહેવા લાગ્યા,

(કૈફ......રસૂલલ્લાહ ?) અય ફરઝંદે રસૂલલ્લાહ ! આપે શામ કેવી રીતે પસાર કરી ? તો આપ (અ.)એ ફરમાવ્યું,

(અમ્સૈના.......આલે ફિરઔન)

એવી રીતે કે જેવી રીતે બની ઈસરાઈલે ફિરઓનની કોમની વચ્ચે પસાર કરી કે એમના બેટાઓને કતલ કરતા હતા અને તેમની બેટીઓને જીવતી રાખતા હતા. અય મિન્હાલ ! અરબ લોકો અજમ પર ફખ્ર કરે છે કે મોહંમદ (સ.) અરબ હતા અને કુરૈશ બધા જ અરબો પર ફખ્ર કરે છે કે મોહંમદ અમારા કબીલામાંથી હતા, અને અમે તેમના અહલેબૈત (અ.) છીએ, પરંતુ અમારા હકને ગસબ કરવામાં આવ્યો અને અમને કતલ કરવામાં આવ્યા, અને અમને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવામાં આવ્યા.

(ફ ઈન્નાલિલ્લાહે......યા મિન્હાલ)

અને મહ્યારે કેવો સરસ શેઅર કહ્યો છે :

(યોઅઝ્ઝમૂન.......લહૂ તબૂઅ)

રસૂલલ્લાહ (સ.)ના એહતેરામ ખાતર આપના મિમ્બરના લાકડાંનો એહતેરામ કરે છે, પરંતુ તેમના બેટાઓને પોતાના પગ નીચે કચડી નાખે છે. કયા કાનૂન અનુસાર પયગમ્બરના બેટા તમારા તાબે થઈ જાય, જ્યારે કે તમારો ફખ્ર તો એ બાબતમાં છે કે તમે તેમના અનુયાયી રહો.

એક દિવસ યઝીદે અલી બિન હુસૈન (અ.) અને અમ્ર બિનુલ હસનને બોલાવ્યા. અમ્ર એ વખતે અગિયાર વર્ષના બાળક હતા. યઝીદે તેમને કહ્યું, શું તું મારા બેટા ખાલિદ સાથે કુશ્તી લડીશ ? અમ્રએ કહ્યું, ના, પરંતુ એક ચાકૂ મને આપી દો અને એક ચાકૂ તેને આપી દો. અમે બન્ને અંદરોઅંદર જંગ લડીશું.

યઝીદે કહ્યું, શિન્શેનતો......ઈલ્લહ હુબ્બા

ત્યાર પછી યઝીદે અલી બિનુલ હુસૈન (અ.)ને કહ્યું, 'એ ત્રણ હાજતો કે જેમને પૂરી કરવાનો મેં તમને વાયદો કર્યો છે, તે માગી લો.

હઝરત (અ.)એ ફરમાવ્યું, પહેલી હાજત તો એ છે કે મારા વાલિદે બુઝુર્ગવારનું મુકદ્દસ સર મને આપી દો કે જેથી હું એ નાજૂક ચહેરાની ઝિયારત કરું.

બીજી હાજત એ છે કે અમારો જે માલ અસ્બાબ લૂંટી ગયા છે, તે અમને પાછો આપી દેવામાં આવે.

ત્રીજી હાજત એ છે કે અગર તેં મારા કતલનો પાકો ઈરાદો કરી લીધો હોય તો કોઈ અમીન વ્યક્તિને નક્કી કર કે જે તે આ પડદાનશીન બીબીઓને મદીના સુધી પહોંચાડે.

યઝીદે જવાબ આપ્યો, તમે તમારા બાપના સરની ઝિયારત કદી પણ નહીં કરી શકો, અને મેં તમને માફ કરી દીધા છે, અને તમને કતલ કરવાથી દૂર રાખ્યા છે અને તે સ્ત્રીઓને તમારા સિવાય બીજો કોઈ મદીના પાછા નહીં લઈ જાય, અને એ માલ કે જે તમારી પાસેથી ઝૂંટવી લેવામાં આવેલ છે, તેના બદલામાં કેટલીય ઘણી વધારે કિંમત અદા કરીશ.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું, અમારે તમારા માલની જરૂર નથી, તેને રહેવા દો, જેથી અમારા માલમાં કમી ન થઈ જાય, પરંતુ અમે તો અમારો લૂંટાયેલા માલને પાછો લેવા ચાહીએ છીએ, કેમ કે એમાં મારી દાદી ફાતેમા બિન્તે મોહંમદ (સ.)ના હાથે કાંતેલા લિબાસ, મકના,ચાદરો અને ખમીસ છે. યઝીદના કાયદા પ્રમાણે તે માલ સામાન પાછો આપવામાં આવ્યો અને બસો દીનાર પોતાના માલમાંથી તે માલમાં વધારો કરીને ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ને આપ્યા. હઝરત સજ્જાદ (અ.)એ

બસો દીનાર લઈને ફકીરોમાં વહેંચી દીધા, અને ત્યાર પછી યઝીદે હુકમ કર્યો કે હુસૈન (અ.)ના ખાનદાનના કેદીઓને તેમના વતન મદીના પાછા પહોંચાડવામાં આવે.

પરંતુ ઈમામ હુસૈન (અ.)ના મુકદ્દસ સરની બાબતમાં રિવાયત છે કે તેમને કરબલા મોકલવામાં આવ્યાં અને તેમના બદન શરીફની સાથે દફન કરવામાં આવ્યાં. અને ઈમામીયા ઉલમાની દષ્ટિએ પણ એવું જ છે. આ રિવાયત સિવાય ઘણી બધી રિવાયતો અમારી આ રિવાયત પ્રમાણે નકલ થઈ છે. એ ઉપરાંત ઈખ્તેલાફ પણ મોજૂદ છે, પરંતુ અમે તેને નકલ નથી કરતા, કેમ કે અમારે આ કિતાબને ટૂંકમાં લખવાની છે.

**અહલેબૈત (અ.)નું કરબલામાં આવવું :**

રાવી કહે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.)ના અહલેબૈત (અ.) શામથી ઈરાક તરફ આવ્યા તો તેમણે કાફલાના રાહનુમાને કહ્યું કે અમને કરબલા તરફ થઈને લઈ ચાલો. જ્યારે સરઝમીને કરબલા પહોંચ્યા તો તેમની મુલાકાત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી અને બની હાશિમના કેટલાક માણસો સાથે થઈ કે જેઓ મદીનાથી ઈમામ હુસૈન (અ.)ની કબ્રની ઝિયારત માટે આવ્યા હતા. બધા રુદન અને વિલાપ કરવા લાગ્યા, અને મોઢા પર તમાચા મારવા લાગ્યા. (વ અકામૂ....કબાર) અને એવી રીતે અઝાદારી કરી કે જે દિલોને ઘાયલ કરી દેતી હતી અને કાળજાંને આગ લગાડી દેતી હતી.

અરબ સ્ત્રીઓની એક જમાઅત કે જે કરબલામાં મોજૂદ હતી, તેઓ કેટલાક દિવસો આવી રીતે અઝાદારી કરતી રહી. અબી હુબાબ કલ્બીથી રિવાયત કરવામાં આવી છે કે ચૂનાનું ચણતરકામ કરનારાઓની એક જમાઅતનું કહેવું છે કે અમે રાતના સમયે મકામે હબાબા પર જતા હતા અને પોતાના કાનોથી ઈમામ હુસૈન (અ.) પર જિન્નાતના રડવાના અવાજો અને તેમના નૌહા સાંભળતા હતા અને તેઓ કહેતા હતા :

(મસહ....અલ જુદૂદ)

રસૂલલ્લાહ (સ.) આપના કપાળ ઉપર હાથ ફેરવતા હતા,
તો (આજે) આપના ગાલ પર (ધૂળની) ચમક છે,
આપના માબાપ કુરૈશમાં સૌથી આલા હતા,
અને આપના નાના વડવાઓમાં સર્વશ્રેષ્ઠ હતા.

**અહલેબૈત (અ.) મદીનાની નજીક :**

કરબલા પછી મદીના તરફ ચાલી નીકળ્યા. બશીર બિદ જઝલમ કહે છે, જ્યારે મદીનાની નજીક પહોંચ્યા તો અલી બિનુલ હુસૈન (અ.) સવારી પરથી ઉતર્યા અને ખૈમા ઊભા કર્યા અને પડદાનશીન બીબીઓને પણ ઉતારી અને ફરમાવ્યું,

અય બશીર ! અલ્લાહ મગ્ફેરત ફરમાવે તારા બાપ પર, કે જે મોટા શાયર હતા. શું તું પણ શેઅર પઢવાની યોગ્યતા ધરાવે છે ? બશીર કહે છે, હું ઘોડા ઉપર સવાર થયો, અને જલ્દીથી મદીનામાં પહોંચ્યો. જ્યારે રસૂલલ્લાહ (સ.)ની મસ્જિદના દરવાજે પહોંચ્યો તો બુલંદ અવાજે રુદન કરવા લાગ્યો અને આ અશ્આર પઢ્યા :

(યા અહલ યસરિબ...બુદાર)

અય મદીનાવાળાઓ ! હવે મદીના રહેવાને પાત્ર રહ્યું નથી, કેમ કે હુસૈન (અ.) કતલ થઈ ચૂક્યા અને તેમની શહાદતના કારણે મારી આંખોમાં આંસુ વરસાદની માફક વહી રહ્યાં છે. હુસૈન (અ.)નું બદન

સરઝમીને કરબલા પર ખાક અને ખૂનમાં રગદોળાયેલું છે અને આપનું મુકદ્દસ સર નેઝાઓ પર શહેરોમાં ફેરવવામાં આવી રહ્યું છે.

ત્યાર પછી મેં કહ્યું, અય મદીનાવાસીઓ ! અત્યારે અલી ઈબ્નુલ હુસૈન (અ.) પોતાની ફૂફીઓ અને બહેનોની સાથે તમારી નજીક આવ્યા છે, અને તમારા શહેરની દીવાલો પાછળ તશરીફ ફરમાવી રહ્યા છે. હું તેમનો મોકલેલો છું, જેથી તેમની મંઝિલની જગ્યા તમને બતાવું.

આ વાત સાંભળતાંની સાથે જ મદીનાની બધી જ પડદાદાર સ્ત્રીઓ, કે જેઓ પડદામાં બેઠેલી હતી, ઊઘાડા માથે બહાર નીકળી આવી અને ફરિયાદ કરવા લાગી. આ દિવસના પહેલાં ક્યારેય પણ એવું રુદન જોવા નથી મળ્યું. મુસલમાનો પર એ દિવસ કરતાં વધારે સખત દિવસ નહીં હોય. મેં સાંભળ્યું કે એક સ્ત્રી ઈમામ હુસૈન (અ.) પર રુદન કરી રહી હતી. તે કહી રહી હતી :

તરજુમો : ખબર આપવાવાળાએ મને મારા આકા અને મૌલાની શહાદતથી માહિતગાર કરી. આ સમાચારે મારા દિલને ઘાયલ કરી દીધું, મને મરીઝ અને રંજીદા કરી દીધી. તેથી તમે અય મારી આંખો ! ખૂબ પ્રમાણમાં રુદન કરો અને આંસુઓ પછી આંસુઓ વહાવો, એ માણસ માટે કે જેની મુસીબતે અલ્લાહના અર્શ ઉપર પણ અસર કરી, અને તેને ધ્રુજાવી દીધું. અને તેની શહાદતથી બુઝુર્ગી અને ઈમાનદારીના અવયવો અને અંશો કપાઈ ગયા. રુદન કરો રસૂલલ્લાહ (સ.)ની ઓલાદ અને અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ની ઓલાદ પર કે જે વતનથી દૂર થઈ ગઈ.

આ અશ્આર પઢ્યા પછી કહ્યું, અય શખ્સ ! આ ખબર લાવનારા ! તેં અમારા ગમને ઈમામ હુસૈન (અ.)ની શહાદતથી તાજો કરી દીધો છે, અને અમારા દિલોના જખમોને હજુ તો શિફા મળી ન હતી, ત્યાં તો ફરીથી જખમી કરી દીધાં. તું કોણ છે ?

મેં કહ્યું, હું બશીર બિન જઝલમ છું કે મારા આકા અને મૌલા અલી બિન હુસૈન (અ.)એ મને મોકલ્યો છે. હઝરત (અ.) અહલેહરમની સાથે ફલાણી જગ્યાએ ઉતરેલા છે અને મને હુકમ ફરમાવ્યો.

બશીરે કહ્યું, મદીનાના લોકો મને છોડીને ખૂબ જલ્દીથી મદીનાની બહાર નીકળી ગયા. મેં ઘોડાને દોડાવ્યો અને મારી ઝાતને તેમની સાથે પહોંચાડી દીધી. અને મેં જોયું કે લોકોએ રસ્તો બંધ કરી દીધો છે, અને જગ્યા ખાલી નથી છોડી, અને હું ઘોડા પરથી નીચે ઉતર્યો, અને મહામુશ્કેલીએ ખૈમાની નજીક પહોંચ્યો.

અલી બિન હુસૈન (અ.) ખૈમાની અંદર હતા. થોડી ક્ષણો પછી ખૈમામાંથી બહાર આવ્યા. તેમના હાથમાં રૂમાલ હતો કે જેના વડે આંખોમાંથી આંસુ સાફ કરી રહ્યા હતા અને હઝરત (અ.)ની પાછળ તેમનો ખાદિમ હતો. તે ખુરસી લઈને આવ્યો, અને તેને જમીન ઉપર મૂકી દીધી. ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) તેના ઉપર બેઠા. પરંતુ તેમની આંખો સતત આંસુ વહાવી રહી હતી, અને એક તરફથી રડવાના અવાજો આવી રહ્યા હતા. પડદાનશીન બીબીઓ અને કનીઝોના નૌહા બુલંદ હતા, અને લોકો દરેક તરફથી હઝરત (અ.)ને દિલાસો આપી રહ્યા હતા, જાણે કે વિશ્વનું વાતાવરણ રુદન અને નૌહા કરી રહ્યું હતું.

**મદીનાની નજીક હઝરત સજ્જાદ (અ.)નો ખુત્બો :**

એ વખતે ઈમામ સજ્જાદ (અ.)એ પોતાના હાથથી ઈશારો કર્યો કે ખામોશ થઈ જાઓ. લોકોએ રડવાનું બંધ કરી દીધું.

તરજુમો : ફરમાવ્યું, હમ્દ થાય એ અલ્લાહના માટે કે જે તમામ આલમોનો પાલનહાર અને રોઝે જઝાનો માલિક અને તમામ મખ્લૂકાતને પેદા કરવાવાળો છે. એ અલ્લાહ કે જે અક્કલોથી સમજવાથી દૂર છે, અને છૂપાં રહસ્યોની પાસે જાહેર છે. અલ્લાહની હમ્દ કરું છું મુશ્કેલીઓને જોવા પર, જમાનાની સખ્તીઓ પર, દર્દનાક ડાઘો પર, ઝેરવાળા ગમો, મહાન મુસીબતો અને બલાઓ પર.

અય લોકો ! હમ્દ છે એ અલ્લાહની કે જેણે અમારું ઈમ્તેહાન ખૂબ જ મોટી મુસીબતો વડે લીધું, અને ઈસ્લામમાં ખૂબ જ મોટી ખોટ પેદા થઈ. ઈમામ હુસૈન (અ.) અને તેમના અન્સારને કતલ કરવામાં આવ્યા, તેમની પડદાનશીન બીબીઓને કેદી બનાવવામાં આવી, તેમના પાક સરને નેઝા પર ચઢાવીને શહેરોમાં ફેરવવામાં આવ્યાં. આ એવી મુસીબત છે કે જેનો જોટો મળતો નથી.

અય લોકો....! તમારા મરદોમાં કોઈ એવો મરદ હશે કે જે મુસીબતને સાંભળ્યા પછી ખુશહાલ થાય ? અને કયું દિલ એવું છે કે આ કારણે ગમ અને દુઃખથી ખાલી છે ? અને એવી કઈ આંખ હશે કે જે આ ગમ પર આંસુ વહાવવાથી દૂર રહેશે ? જ્યારે કે સાત આસમાન તેના કતલ પર રડ્યાં, દરિયાઓએ પોતાના મોજાઓની સાથે રુદન કર્યું, અને આસમાન પોતાના અર્કાનની સાથે રડ્યાં. તમામ જમીને રુદન અને વિલાપ કર્યો, ઝાડની ડાળીઓ, દરિયાઓની માછલીઓ, દરિયાઓનાં મોજાં અને મુકર્રબ ફરિશ્તાઓ અને સાત આસમાનોની તમામ મખ્લૂકે આ મુસીબતમાં અઝાદારી કરી. અય લોકો !....કયું એવું દિલ છે કે જેણે આના તરફ ધ્યાન આપ્યું હોય અને રડે નહીં ? અને કયા કાન એવા છે કે જે આ મહાન મુસીબત પર કે જે ઈસ્લામને પહોંચી છે, તેને સાંભળવાની કુદરત ન ધરાવતા હોય ?

અય લોકો !....... અમને વેરવિખેર કરવામાં આવ્યા, અને પોતાના શહેરોથી દૂર કરી દીધા. જાણે કે અમે તુર્કસ્તાન અને કાબુલના રહેવાસીઓ હોઈએ, જ્યારે કે અમે ન તો કોઈ અપરાધ કે ગુનો, ન કોઈ અણગમતું કાર્ય અને ન દીને ઈસ્લામમાં કોઈ ફેરફાર કર્યો છે.

અલ્લાહની કસમ, અગર પયગમ્બરે અકરમ (સ.)એ અમારા હકમાં જે સિફારિશો ફરમાવી છે, તેના બદલે અમારી સાથે જંગ કરવાનું ફરમાન જારી કરત તો જાલિમો આનાથી વધારે જુલ્મ ન કરત. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઊન. અમારી મુસીબત કેટલી બધી મોટી, દર્દનાક, દિલોને બાળનારી, સખત, કડવી અને મુશ્કેલ હતી ! અલ્લાહ તઆલાથી દરખાસ્ત છે કે આ બધા મસાએબ, સખ્તીઓના બદલામાં અજ્ર અને રહેમત અતા ફરમાવે, કેમ કે તે શક્તિશાળી અને બદલો લેવાવાળો છે. જ્યારે ઈમામ સજ્જાદ (અ.)નો ખુત્બો આટલે સુધી પહોંચ્યો તો....સૌહાન બિન સઅસા બિન સૌહાન કે જે ચાલવા માટે લાચાર હતા, તે પોતાની જગ્યાએથી ઊભા થયા અને બહાનાં બતાવવા લાગ્યા કે યા ઈબ્ને રસૂલલ્લાહ ! હું પગોથી મહેરૂમ અને જમીન સાથે જડાઈ ચૂક્યો હતો એ કારણે આપની મદદ ન કરી શક્યો. હઝરતે તેમના ઉઝ્રને કબૂલ કર્યું અને તેમનો શુક્રિયા અદા કર્યો અને તેમના બાપ સઅસા માટે રહેમતની દુઆ ફરમાવી.

**મદીનાના મકાનોની હાલત :**

ત્યાર પછી ઈમામ સજ્જાદ (અ.) પોતાના અહલોઅયાલની સાથે મદીના શહેરમાં આવ્યા, અને પોતાના નિકટના સગાઓના ઘરો અને પોતાના કબીલાના પુરુષો પર નજર ફેંકી. તમામ ઘર પોતાની હાલતની જબાનથી પોતાના મરદોના ગુમ થઈ જવા પર ખામોશ નૌહા કરી રહ્યાં છે, આંસુ વહાવી રહ્યાં છે. મુસીબતમાં ફસાયેલી સ્ત્રીઓની જેમ રડી રહ્યાં છે અને પોતાના વારિસોના અહેવાલ પૂછી રહ્યા છે, અને હઝરત (અ.)ના ગમની આગમાં કે જે આપના દિલમાં છે, તેમાં વધારો કરી રહ્યાં છે.

ઈમામ હુસૈન (અ.)નું બૈતુશ્શરફ (ઘર) ફરિયાદ બુલંદ કરી રહ્યું છે, અને કહી રહ્યું છે, અય લોકો ! મારા ઉઝ્રનો સ્વીકાર કરજો કે જેવી રીતે હું નૌહા પઢી રહ્યું છું અને ફરિયાદ કરી રહ્યું છું, એવી જ રીતે તમે પણ આ મુસીબતમાં મારી મદદ કરો, કેમ કે હું તેમના વિરહમાં વિલાપ કરી રહ્યું છું. અને તેમના મહેરબાનીભર્યા અખ્લાક પર સોગવાર છું. મારા દિવસ રાત, મારા હમરાઝ, ઘરની અંદર ચિરાગ, અને મારી સવારોનો સમય અને મારા ખૈમાની રસ્સીઓ, મારો શરફ અને ફખ્ર હતા અને મારી મદદ કરવાવાળા, તાકાત આપનારા હતા અને મારા માટે સૂરજ અને ચાંદ હતા.

અને મેં કેવી રીતે રાતોની વહશતને પોતાની બુઝુર્ગવારીની સાથે મારાથી ખારિજ કરી દીધી અને પોતાના લુત્ફો કરમથી મારી હુર્મતમાં વધારો કર્યો, અને પોતાની સવારના સમયની મુનાજાતને મારા કાનો સુધી પહોંચાડી અને પોતાના વજનદાર રહસ્યોથી મને વજનદાર બનાવી દીધું, અને કેવી રીતે રાતોને પોતાની નૂરાની મજલિસો અને મહેફિલોથી મને ઝીનત (શોભા) આપી. અને પોતાના ફઝાએલની સાથે મને સુંગધિત બનાવી દીધું. અને મારી સૂકી લાકડીઓને પોતાના નૂરાની દીદારથી લીલીછમ હરિયાળી બનાવી દીધી અને મારી નહુસત (અપશુકન)ને પોતાની મુબારક મદદ વડે નાબૂદ ફરમાવી.

કેટલા પ્રમાણમાં ફઝીલતની ડાળીઓનું મારી આરઝૂઓના ખેતરોમાં ખેતીકામ કર્યું, અને મારા મકામને પોતાના સંગાથથી સુરક્ષિત કર્યું, કેટલી સવારોએ મેં તમામ મકાનો ઉપર ફઝીલત મેળવી છે ! અને તેના ઉપર ફખ્ર કરતું હતું અને ખુશહાલ અને આનંદિત હતું, અને કેટલી બધી વધારે મારી નાઉમેદીને પોતાની આરઝૂઓથી જીવતી કરી.

કેટલા પ્રમાણમાં પોતાના ખોફને કે જે સૂકાં હાડકાંની માફક મારા અસ્તિત્વમાં ગુપ્ત હતો, બહાર કાઢ્યો, પરંતુ મોતના તીરે તેને પોતાનું નિશાન બનાવ્યું, અને જમાનાએ મારા ઉપર ઈર્ષા કરી કે જેથી તે દુશ્મનોની વચ્ચે ગરીબ રહી ગયા, અને વિરોધીઓના તીરોનું નિશાન બની ગયા. આજે અઝમતની મુખ્ય ધરી કે જે તેમની આંગળીઓના ઈશારાઓથી બરકરાર હતી, તેને ખતમ કરી દેવામાં આવી અને પ્રશંસાઓનું પૂતળુ તેમના ગુમ થઈ જવાથી જીભ ફરિયાદ કરી રહી છે અને નેકીનું પૂતળુ એ બુઝુર્ગવારના અવયવો કપાઈ જવાથી નાબૂદ થઈ જશે અને અલ્લાહ તઆલાના હુકમો તેમના ચહેરાઓને ન જોવાના કારણે રુદન અને વિલાપ કરી રહ્યા છે.

અફસોસ એ તકવાવાળા માણસ ઉપર કે જેમનું ખૂન એ જંગોમાં વહાવવામાં આવ્યું. અને અફસોસ કમાલ ધરાવનાર લશ્કર ઉપર કે જેનો પરચમ એ મુશ્કેલીઓમાં જમીન ઉપર પડી ગયો.

અગર લોકો રડવામાં મને સાથ ન આપે અને જાહિલ લોકો મને એ મુસીબતોમાં એકલું છોડી દે તો મારી હમરાહી માટે સડી ગયેલી માટીના ટેકરા અને વેરાન ઘરોની દીવાલો કાફી છે, કેમ કે તે પણ મારી માફક રુદન અને વિલાપ કરે છે અને મારી માફક ગમ અને દુઃખમાં ગોથાં મારે છે.

અગર સાંભળવાની યોગ્યતા ધરાવતા હો તો તમે સાંભળો કે એ રાહે હકના શહીદો પર નમાઝો કેટલા પ્રમાણમાં નૌહા કરી રહી છે અને તેમની બુઝુર્ગી અને કરામત તેમની મુલાકાત કરવા આતુર છે અને બક્ષિસ અને કરમને જોવા માટે આતુર છે.

મસ્જિદોની મહેરાબો તેમનો વિરહ અને જુદાઈ પર રુદન કરે છે, અને બેકસ (નિઃસહાય) લોકો તેમની બક્ષિસો માટે ફરિયાદ કરી રહ્યા છે. અલબત્ત એ ફરિયાદોથી ગમ અને દુઃખમાં ફસાઈ જાય છે અને આપને માલૂમ થઈ જાય છે કે આ અઝીમ મુસીબતમાં તમે કમી કરી છે, બલ્કે અગર મારી એકલતા અને મારા ટૂટવાને તમે જોતા તો તમારી આંખોની સામે એવાં મંઝર મૂર્તિમંત થઈ જાત કે પાકીઝા દિલ દર્દમાં

સપડાઈ જાત અને છાતીઓમાં અફસોસ અને રંજને હરકતમાં લાવત અને તે મકાનો કે જે મારાથી હસદ કરે છે, તે મારી નિંદા કરવા લાગત અને રોજગારના ખતરાઓ મારા ઉપર તૂટી પડત. આહ ! હું એ મકાનોને જોવા માટે કેટલું બધું આતુર છું કે જેમાં તેઓ રહે છે અને આરામ ફરમાવે છે.

અય કાશ ! હું પણ ઈન્સાનોના જિન્સમાંથી (જાતિમાંથી) હોત અને પોતાની ઝાતને તલવારોના મુકાબલામાં ઢાલ બનાવતો, અને પોતાના જીવને તેમના ઉપર ફિદા કરત કે જેથી તેઓ જીવતા રહેત, અને તેમના દુશ્મનોથી કે જેમણે નેઝાઓથી તેમના ઉપર વાર કર્યા, તેમનો ઈન્તેકામ લેત અને દુશ્મનોના નેઝાને તેમનાથી રોકત. હવે જ્યારે કે આ ફખ્ર મને નસીબ નથી થયું, અય કાશ ! હું એ લાડકોડથી ઉછરેલાં શરીરોની જગ્યા અને મંઝિલ હોત અને એટલું તો કરી શકત કે તેમના પાક બદનોને સુરક્ષિત રાખી શકત.

આહ ! અગર હું એ જાંનિસાર ઊંચી કદરવાળા પુરુષોની આખરી આરામગાહ હોત, તો પૂરી કોશિશ અને મહેનતની સાથે એમના શરીરોની હિફાઝત કરત, અને તેમના જૂના હક્કોને અદા કરત અને તેમના શરીરો પર પથ્થર પડવાથી રોકત અને ફરમાબરદાર ગુલામોની માફક તેમની ખિદમતમાં ઊભું રહેત અને તે નૂરાની અને પાકીઝા ચહેરાઓ અને તેમના શરીરોની નીચે અઝમત અને કરામતનું પાથરણું પાથરત, અને તેમની મોહબ્બત અને સહવાસની આરઝૂને ઓળખત અને તેમના નૂરથી પોતાના બાતિનને રોશન કરત.

આહ ! કેટલી હદે મારી આરઝૂઓ સુધી પહોંચવા માટે આતુર છું, અને કેટલી હદે પોતાની અંદર વસનારાઓની દૂરીમાં ગમનાક છું. અને દુનિયાની તમામ ફરિયાદ અને વિલાપ મારા વિલાપો અને ફરિયાદોથી ઓછા છે, અને દરેક પ્રકારની દવાઓ તેમના પાકીઝા અસ્તિત્વ સિવાય મારી શિફા માટે બિનઅસરકારક છે, પરંતુ મેં તેમની સોગવારીનું પહેરણ પહેરી લીધું છે, અને સબ્રને મેળવવાથી નાઉમેદ થઈ ચૂક્યું છું અને મેં કહ્યું, આસાઈશ અને જમાનાના આરામના કારણે મારી અને તારી મુલાકાત કયામતના દિવસે થશે.

ઈબ્ને કતીબાએ કેટલા બધા બહેતરીન અશ્આર કહ્યા છે કે જ્યારે તે વેરાન ઘરોને જોયાં અને રડવા લાગ્યો અને કહેતો હતો,

તરજુમો : આલે મોહંમદના ઘરોની પાસેથી પસાર થયો અને જોયું કે એ મકાનો એ દિવસ જેવાં કે જે દિવસોમાં આલે મોહંમદ રહેતા હતા, હવે એવાં નથી. અલ્લાહ તઆલા એ ઘરો અને તેમના સાહેબોને પોતાની રહેમતથી દૂર ન કરે, અગર મારા ખયાલમાં આજે એ મકાનો પોતાનામાં રહેનારાઓથી ખાલી થઈ ચૂક્યાં છે.

જાણી લો કે શોહદાએ કરબલાનું કતલ મુસલમાનોની ગરદનમાં ઝિલ્લતનો તોક છે અને હવે તેમની ઝિલ્લતનાં ચિહ્નો જાહેર છે. ફરઝંદે આલે પયગમ્બર કે જે હંમેશાં લોકોની પનાહગાહ હતા, અને હવે દિલોના માટે મુસીબત બની ગયા છે કે તમામ મુસીબતોથી અઝીમ અને સૌથી વધારે ગમનાક છે. પરંતુ તમે નથી જોયું કે સૂરજનો રંગ, હુસૈન (અ.)ની શહાદતના કારણે બીમારોની માફક, પીળો થઈ ગયો, અને જમીન આ મુસીબતના કારણે ધ્રુજવા લાગી. તો અય એ માણસ કે જે અબા અબ્દિલ્લાહની મુસીબતને સાંભળીને ગમ અને દુઃખમાં છે, એવી જ રીતે રહો કે જેવી રીતે રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદો રહેતા હતા.

**ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)નું રુદન :**

રિવાયતમાં છે કે ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) હિલ્મ (નમ્રતા) અને સબ્રતાનું મકામ ધરાવતા કે જેની પ્રશંસા થઈ શકતી નથી, તેમ છતાંય આ મુસીબતમાં ખૂબ જ રડતા હતા ને ગમ અને રંજની પરાકાષ્ઠા સુધી પહોંચી જતા હતા.

ઈમામ સાદિક (અ.)થી રિવાયત છે કે ઝૈનુલ આબેદીન (અ.) ચાલીસ (૪૦) વર્ષ સુધી પોતાના બાબાની મુસીબતમાં રડતા રહ્યા. પરિસ્થિતિ એ હતી કે દિવસના ભાગમાં રોઝા રાખતા હતા અને રાતોમાં ઈબાદત કરતા હતા અને જ્યારે ઈફતારીનો સમય આવતો તો હઝરત (અ.)નો ગુલામ પાણી અને ખાવાનું આપની સામે મૂકતો હતો. અને અરજ કરતો કે અય મારા આકાજાન ! ખાઈ લો હઝરત (અ.) કહેતા, કોતેલબ્ન રસૂલલ્લાહ....ગતસાના.)

પયગમ્બર (સ.)ના બેટાને ભૂખ્યો અને તરસ્યો કતલ કરવામાં આવ્યો, અને હંમેશાં આવી વાત કરતા હતા, અને રડતા હતા. જ્યારે પણ ખાવાનું કે પાણી લેતા તો તેમની આંખો આંસુઓથી ઉભરાઈ જતી હતી, અને હંમેશાં એવી હાલતમાં રહેતા, એટલે સુધી કે દુનિયાથી ઈન્તેકાલ કરી ગયા.

હઝરત સજ્જાદ (અ.)નો ગુલામ નકલ કરે છે કે એક દિવસ હઝરત રણપ્રદેશ તરફ ગયા, અને હું તેમની પાછળ પાછળ ગયો. જોયું કે હઝરતે પોતાની પેશાની એક સખત પથ્થર પર મૂકી છે હું ઊભો થઈ ગયો, અને તેમનું રુદન અને વિલાપ સાંભળતો રહ્યો અને ગણતરી કરી તો એક હજાર વખત આપે કહ્યું,

(લાઈલાહા ઈલ્લલ્લાહ....વ સદકા)

ત્યાર પછી સજ્દામાંથી સર ઉઠાવ્યું. મેં જોયું કે હઝરતનો ચહેરો અને આપની સુંદરતા આંસુઓથી ભરેલી છે. મેં અરજ કરી, શું આપનો ગમ અને રુદન ખતમ થવાવાળો નથી ?

તો ફરમાવ્યું, અફસોસ તારા પર, યાકૂબ બિન ઈસ્હાક બિન ઈબ્રાહીમ ખુદ પયગમ્બર અને પયગમ્બરના બેટા હતા અને તેમના બાર બેટા હતા. અલ્લાહ તઆલાએ તેમના બેટાઓમાંથી માત્ર એક બેટાને તેમની નજરોથી દૂર કરી દીધા પરેશાની અને ગમની વબાઓથી તેમના માથાના વાળ સફેદ થઈ ગયા, અને ગમના કારણે તેમની કમ્મર વાકી વળી ગઈ અને રડવાના કારણે આંખોનું નૂર ખતમ થઈ ગયું, જ્યારે કે તેમનો ફરઝંદ તો જીવતો હતો, પરંતુ મેં તો મારી સગી આંખે જોયું કે મારા બાપ અને ભાઈ અને મારા અહલેબૈતના સત્તર (૧૭) માણસોને કતલ કરવામાં આવ્યા, અને ખાક ઉપર પડ્યા રહ્યા, તેથી મારો ગમ અને દુઃખ કેવી રીતે ખતમ થાય અને મારા રુદનમાં કમી થાય ?

રાકિમુલ હુરૂફનું બયાન છે. હું આ અશ્આર પઢું છું, અને તે બુઝુર્ગોની તરફ ઈશારો કરું છું.

કોણ એવો છે કે જે જઈને શોહદાએ કરબલાને ખબર આપે અને એવું કહે કે તમે ગમનો લિબાસ ઉતારીને અમને આપી દીધો છે કે જે કદી જૂનો પુરાણો થઈ શકતો નથી, બલ્કે જે હંમેશાં અમને પુરાણો અને નાબૂદ કરે છે અને એ સમય કે જે એમની મુલાકાતથી અમને ખુશહાલ કરે છે, હવે તેમની જુદાઈ અમને રડાવે છે. અને તેમના ગુમ થવાથી અમારી જિંદગીના દિવસો શ્યામ થઈ ગયા છે, પરિસ્થિતિ એ છે કે અમારી અંધારી રાતો તેમના નૂરથી રોશન હતી.

**અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદિંવ વ આલે મોહંમદ, વ અજ્જલ ફરજહુમ વલઅન આઅદાઅહુમ.**

(કિતાબ લહૂફ સમાપ્ત)